સાંધ્ય દૈનિક

# પ્રતાપ દર્પણ

RNI NO : 67531/97 | મુદ્રક તથા પ્રકાશક : રાજેશ બાલુભાઈ પટેલ ● તંત્રી : પ્રવીણ ગોહિલ ● સહતંત્રી : જગદીશ વાલજીભાઈ ચાવડા ● વર્ષ : ૩૦ ● અંક : ૯૩ ● મોબાઈલ નં. ૯૮૨૫૫ ૩૨૫૦૫

www.pratapdarpan.in pratapdarpan_official pratapdarpansrt@gmail.com pratapdarpan_official11

# તા. ૨ એપ્રિલથી લાગુ થનારા પ્રથમ મોટા ટેરીફની જાહેરાત

## વિદેશથી આયાત થતી કાર પર ૨૫ ટકા ટેરિફ લાદતા ટ્રમ્પ

## જાહેરાત સાથેજ વિશ્વના ઓટો ઉધોગમાં ખળભળાટ

વોશિંગ્ટન, તા. ૨૭

આગામી તા.૨ એપ્રિલથી ભારત સહિતના દેશો પર રેસીપ્રોકલ-જવાબી ટેક્ષ-લગાવવાની જાહેરાત કરનાર અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે તેનો પ્રારંભ કરી દીધો છે અને અમેરિકામાં આયાત થતી કારો પર ૨૫%નો ટેરીફ લગાવવાની જાહેરાત કરતા જ વિશ્વના ઓટો ઉદ્યોગમાં ખળભળાટ મચી ગયો છે.

તા.૨ એપ્રિલને લીબરાઈઝેશન-ડે અથવા તો મુક્તિ દિવસ તરીકે જાહેર કરી તેમના ટેરીફ વોર માટે પણ આ ડેડલાઈન અમેરિકી પ્રમુખે જાહેર કરી છે અને તેના ભાગરૂપે ઓટો બાદ ફાર્મા સહિતના ક્ષેત્રો પર પણ આ પ્રકારે વધારાના ટેરીફ લાદશે.

ટ્રમ્પે જે કાર અમેરિકામાં નિર્મિત થઈ નથી તે તમામ વિદેશી કારો પર ૨૫% ટેરીફ લાદયા છે જેના કારણે અમેરિકા બહાર રહીને કાર ઉત્પાદન કરી અમેરિકામાં જ નિકાસ કરતી અમેરિકી કંપનીઓને પણ આંચકો લાગ્યો છે. ફોર્ડ તથા જનરલ મોટર્સ જે પાડોશી મેકસીકો અને કેનેડાથી લઈને યુરોપમાં તેના કાર ઉત્પાદન પ્લાંટ ધરાવે છે.તેઓને હવે અમેરિકામાં કાર વેચવી મોંઘી



પડશે. યુરોપ-અમેરિકા તથા લેટીન અમેરિકાના દેશો વચ્ચે આ અંગે જે એક કરાર છે તેનો પણ ટ્રમ્પે ભંગ કર્યા છે. એક સમયે અમેરિકાનું ડેટ્રોઈટ વિશ્વના કાર ઉત્પાદનનું હબ ગણાતુ હતું તે આજે ભૂતીયા શહેર જેવું બની શકે છે.

ટ્રમ્પ ઈચ્છે છે કે, સસ્તીમજુરી અને અન્ય કારણોસર જે અમેરિકી તથા વિદેશી કંપનીઓ અમેરિકા બહાર પ્લાંટમાં કાર ઉત્પાદન કરીને તે અમેરિકામાં વેચે છે તે પોતાના જ દેશમાં પ્લાંટ નાખે તે જરૂરી છે.યુરોપીયન સંઘના વડા ઉર્સુલા વોર ડેર લેવન એ રાષ્ટ્રપતિ ટ્રમ્પના પગલાને ટીકા કરતા કહ્યું કે, અમો યુરોપના હિતો જાળવવા માટે અને અમારા આર્થિક હિત માટે જરૂરી પગલા લેશુ અને આ પ્રકારના ટેરીફ મુદે વાટાઘાટ પણ કરશું.ટ્રમ્પે આ ટેરીફને ‘કાયમી’ ગણાવ્યા છે. જાન્યુઆરીમાંજ પદ સંભાળતા શ્રી ટ્રમ્પે ટ્રેડવોર શરૂ કરી હતી. ટ્રમ્પના આ આગામી અમેરિકી કંપની જનરલ મોટર્સ ફોર્ડ વિ. તથા સાઉથ કોરીયન કંપની હુંડાઈ વિ.ને અસર થશે.ભારતમાં ટાટા મોટર્સ જે જેગુઆર લેન્ડરોવરનો પ્લાંટ બ્રિટનમાં ધરાવે છે અને અમેરિકામાં કાર વેચે છે તેને પણ આંચકો લાગશે પણ ભારતની મારૂતી વિ. કંપનીઓની અમેરિકી બજારોમાં હાજરી નહીવત છે.

# બાંગ્લાદેશ મુક્તિ દિવસ પર અભિનંદન સાથે યુનસને અરીસો દેખાડતા વડાપ્રધાન

### આજનો દિવસ સંયુક્ત ઈતિહાસ, બલિદાનની યાદ અપાવે છે : મોદી

નવી દિલ્હી, તા. ૨૭

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ બાંગ્લાદેશના રાષ્ટ્રીય દિવસ પર આ દેશના વડાપ્રધાન જેવો મુખ્ય સલાહકારનો હોદો ધરાવતા મુહમ્મદ યુનુસને એક પત્ર લખીને અભિનંદન પાઠવ્યા હતા.

તો હાલમાં જ બાંગ્લાદેશમાં હિન્દુ વિરોધક અને એકંદરે આ દેશની સરકાર ભારત વિરોધી જે વલણ અપનાવી રહી છે તો





બાંગ્લાદેશના સર્જન અને વિકાસમાં ભારતના મહત્વપૂર્ણ યોગદાનની પણ યાદ અપાવી હતી તથા બન્ને દેશના હિતો જોયા છે અને બન્નેએ એકબીજા પ્રત્યે પરસ્પરના સરકાર અને સંવેદનશીલતાની આવશ્યકતા પણ દર્શાવી હતી તથા જણાવ્યું હતું કે પ્રાદેશિક સ્થિરતા માટે બન્ને દેશોએ સાથે મળીને કામ કરવું જરૂરી છે.

હાલમાં જ બાંગ્લાદેશના મુખ્ય આર્થિક સલાહકાર યુનુસે

અનુસંધાન પાના ૭ પર

# ધનવાન લોકોમાં ભારત છોડી વિદેશમાં વસવાનો મોહ વધ્યો

### સરળ વ્યાપાર તથા સારી લાઈફ સ્ટાઈલ દેશ છોડવાનું મુખ્ય કારણ

મુંબઈ, તા. ૨૭

દુનિયામાં સૌથી ઝડપથી વિકસતા અર્થતંત્રની ગણના પામતા ભારતમાં કરોડ-અબજોપતિઓની સંખ્યા વર્ષોવર્ષ વધી રહી છે.પરંતુ તેમાંથી ૨૨ ટકાને ભારત પ્રત્યે મોહ નથી અને ભારત છોડીને વિદેશમાં વસવાટ કરવા આતુર હોવાનો ચોંકાવનારો રિપોર્ટ જારી થયો છે.

કોટક પ્રાઈવેટના રીપોર્ટમાં એમ કહેવાયું છે કે, ૨૫ કરોડ કે તેથી વધુની સંપતિ ધરાવતા દર પાંચમાંથી એક ધનવાન ભારતીય સારી લાઈફ સ્ટાઈલ તથા સરળ વ્યાપાર માહોલનાં ઈરાદા સાથે વિદેશમાં સેટલ થવાની ઈચ્છા રાખે છે.દેશના ધનવાનો પર હાથ ધરાયેલા સર્વેમાં આ તારણ નીકળ્યા હતા.

બે તૃતિયાંશ લોકોનો મુખ્યત્વે કારોબારની સરળતા માટે વિદેશમાં સ્થાયી થવા માંગે છે. જે ભારતીય ધનવાનો વિદેશમાં સ્થાયી થવા માંગે છે.તેઓના ટોપ-ફાઈવ પસંદગીનાં રાષ્ટ્રોમાં અમેરિકા,બ્રિટન, ઓસ્ટ્રેલીયા, કેનેડા, તથા સંયુકત આરબ અમીરાત યુએઈનો સમાવેશ થાય છે. યુએઈની ગોલ્ડન વિઝા સ્કીમનું આકર્ષણ છે. કારણ કે તેમાં ઘણા લાભો છે.ભારતમાં ૨૫ કરોડની

અનુસંધાન પાના ૭ પર

# ઓટો ટેરિફ લાગુ કરી અમેરિકા ૧૦૦ બીલીયન ડોલર મેળવશે

## અમેરિકાના ઓટો ટેરીફથી જાપાનને સૌથી મોટો ફટકો

ન્યુયોર્ક, તા. ૨૭

વોશિંગ્ટનઃ ટ્રમ્પે વિદેશી કાર પર ૨૫% ટેરીફ લાગતા તેની સૌથી વધુ અસર જાપાન - સાઉથ કોરીયા અને યુરોપમાં અનેક નામી બ્રાન્ડને થશે. જાપાન જેણે કાર ઉત્પાદનમાં અમેરિકી વર્ચસ્વ તોડીને ઓટો જાયન્ટ બન્યુ હતું તેમાં ટોયટો, નિસાન હોન્ડા, બીત્સુબીસીને મોટી અસર થશે.

આજે જાપાન શેરબજાર ખુલતા જ ઓટો શેરના ભાવ ૩.૧ થી ૩.૭% તૂટયા છે. જાપાનમાં રોજગારીનું સૌથી મોટું ડીડ ઓટો કંપનીમાં કંપની ૧૪૨ બીલીયન ડોલરની ઓટો નિકાસ અમેરિકામાં કરે છે. આ ૨૫% ટેરીફથી અમેરિકામાં કારના ભાવમાં સરેરાશ ૧૨૫૦૦ ડોલરનો વધારો થઈ શકે છે.

આ ટેરીફથી અમેરિકાને ૧૦૦ બિલિયન ડોલરની વધારાની આવક થશે. ખાસ કરીને અમેરિકી કંપનીઓ મેકસીકો કેનેડામાં જ પ્લાંટ ધરાવે છે તેને હવે અમેરિકા સિવાયનું બજાર ગોતવું પડશે.અમેરિકાનું માતબર ઓટો ક્ષેત્ર વિશ્વભરમાં ખેચાઈ ગયું તેને ફરી અમેરિકામાં લાવવાનું ટ્રમ્પે અગાઉ જ કહ્યું હતું અને તેમનો હેતુ અમેરિકામાં વધુ ઓટો પ્લાંટ નાખવામાં આવે તેમ છે.યુરોપથી ઓટો નિષ્ણાંતોએ ટેરીફ એ ટેક્ષ છે અને તે ઓટો ઉદ્યોગ માટે ખરાબ તો ગ્રાહકો માટે તો વધુ નુકસાન કરનારુ ગણાવ્યુ હતું. મેકસીકો કેનેડામાં જે પ્લાંટ છે તેમાં કાર ઉત્પાદનમાં જે નોન અમેરિકી કન્ટેન્ટ એટલે કે સ્પેરપાર્ટસ વિ. હશે. તેના પર જ આ ટેરીફ લાગશે. પુરી કાર પર નહી.

# પશ્ચિમ બંગાળમાં ભાજપ નેતાના ઘરની બહાર બોમ્બ ફેંકાયા

### ભાજપ નેતાના નિવાસે ૬૦ લોકોના ટોળાએ હુમલો કર્યો

કોલકાતા, તા. ૨૭

પશ્ચિમ બંગાળમાં ફરી એકવાર ભાજપ નેતા અર્જુનસિંહના આવાસની બહાર બોમ્બ ફેંકવાની ઘટના બહાર આવી છે. ૫૦થી ૬૦ લોકોએ તેમના ઘરની બહાર હલ્લાબોલ કરી દીધી હતી. આ દરમ્યાન પોલીસે કોઈ કાર્યવાહી ન કરી હોવાનો આરોપ ભાજપ નેતા અર્જુનસિંહે લગાવ્યો છે.

આ અંગે વધુમાં જાણવા મળતી વિગત મુજબ ગત રાત્રે બુધવારે ૨૪ પરગણામાં ભાજપ નેતા અર્જુનસિંહના નિવાસને નિશાન બનાવાયું હતું. તેમના ઘરની બહાર ઉપદ્રવીઓએ બબાલ મચાવી હતી આ દરમ્યાન દેશી બોમ્બ પણ ફેંકવામાં આવ્યા હતા. આ સમયે પોલીસ મુક પ્રેક્ષક બની હોવાનો ભાજપ નેતાએ આરોપ લગાવ્યો હતો.

ભાજપ નેતાએ જણાવ્યું હતું કે, મને સમજમાં નથી આવતું કે આમ કેમ થાય છે. ૪ ઓકટોબરે પણ નમિતસિંહ, સદામ અને તેની ટીમે અહી હુમલો કર્યો હતો. ગઈકાલે મારા ઘર પર બે બોમ્બ ફેંકાયા હતા. તેમાં એક ફૂટી ગયો હતો અને બીજો હજુ પણ જીવતો બોમ્બ છે.નમિતસિંહ બલિનો બકરો છે. આ હુમલામાં કોઈ પોલીસ કાર્યવાહી નથી થઈ.


# ભારત-ચીનના સંબંધો ફરી સુધીર રહ્યા હોવાનું એસ.જયશંકરનું નિવેદન

## ભવિષ્યમાં પણ ભારત-ચીન વચ્ચે મતભેદો ઉદ્‌ભવી શકે : વિદેશ મંત્રી

નવી દિલ્હી, તા. ૨૭

વિદેશ મંત્રી એસ જયશંકરે કહ્યું છે કે ભારત અને ચીન ફરીથી પોતાના સંબંધો સુધારવાનો પ્રયાસ કરી રહ્યા છે. તણાવપૂર્ણ સંબંધ કોઈના માટે પણ ફાયદાકારક નથી. ૨૦૨૦માં ગલવાન ઘાટીમાં જે બન્યું તે સમસ્યાઓ ઉકેલવાનો માર્ગ નહોતો.

જયશંકરે બુધવારે થિંક ટેન્ક એશિયા સોસાયટીના એક ઈન્ટરેક્ટિવ સત્રમાં હાજરી આપી હતી. વિદેશ મંત્રીએ કહ્યું કે અમે જાણીએ છીએ કે ભવિષ્યમાં પણ ભારત અને ચીન વચ્ચે મતભેદો હોઈ શકે છે, પરંતુ તેમને સંઘર્ષમાં પડ્યા વિના અન્ય રીતે ઉકેલી શકાય છે.ગાલવાન ઘાટીમાં થયેલી અથડામણનો ઉલ્લેખ કરતા વિદેશ મંત્રીએ કહ્યું કે ૨૦૨૦માં જે બન્યું તે ખરેખર ખૂબ જ પીડાદાયક હતું. તે માત્ર સંઘર્ષ નહોતો, પરંતુ લેખિત કરારોની અવગણના કરવામાં આવી હતી. એવું નથી કે મુદ્દો સંપૂર્ણપણે ખતમ થઈ ગયો છે, અમે હજુ પણ ઘટના સાથે સંબંધિત કેટલીક બાબતો



પર કામ કરી રહ્યા છીએ.વિદેશ મંત્રીએ કહ્યું કે આપણે ઘણા મુદ્દાઓ પર હરિફાઈ કરીએ છીએ, પરંતુ આપણે આ માટે લડવું જોઈએ નહી. બંને દેશો વચ્ચેના તણાવપૂર્ણ સંબંધો કોઈપણ પક્ષના હિતમાં નથી કારણ કે જો સરહદ પર શાંતિ ડહોળાય છે, ત્યારે બીજા સંબંધો પણ બગડે છે.ભારતીય વિદેશ મંત્રીએ કહ્યું કે અમને લાગે છે કે ઓક્ટોબર ૨૦૨૪ થી સંબંધોમાં થોડો સુધારો થયો છે. અમે તેના પર કામ કરી રહ્યા છીએ. હું ચીનના વિદેશ મંત્રીને ઘણી વખત મળ્યો છું અને મારા સાથીદારો પણ મળ્યા છે. અમે ૨૦૨૦ માં થયેલા નુકસાનની ભરપાઈ કરી શકીએ છીએ કે કેમ તે જોવા માટે તબક્કાવાર પ્રયાસ કરી રહ્યા છીએ.

પૂર્વ લદ્દાખમાં સરહદ વિવાદને લઈને ભારત અને ચીન વચ્ચે ચાર વર્ષથી તણાવ ચાલી રહ્યો હતો. બે વર્ષની લાંબી વાટાઘાટો પછી, આ વર્ષે ઓક્ટોબરમાં બંને દેશો વચ્ચે એક કરાર થયો

અનુસંધાન પાના ૭ પર

# દારૂ પીવાની ટેવ છુપાવી હોય તો વિમા કલેઈમ નકારી શકાય

### વિમા કલેમ અંગે સુપ્રિમ કોર્ટનો મહત્વનો ચુકાદો

નવી દિલ્હી, તા. ૨૭

જો તમો શરાબ પીવાની ટેવ ધરાવતા હો અને તે સાથે મેડીકલ વિમા પોલીસી-લેવા જઈ રહ્યા હો તો તમારી આ શરાબની આદત કે પછી શોખ પછી ભલે થોડો થોડો અને કયારેક જ પીતા હો તો પણ તમારે વિમા કંપનીને તેની જાણ કરવી જરૂરી બની જશે.

અન્યથા ભવિષ્યમાં કોઈ વિમા કલેમ સમયે તમોને શરાબ પીવાનું છુપાવવા બદલ તમારો કલેમ નામંજુર થઈ શકે છે. આ અંગે સુપ્રીમ કોર્ટ સમક્ષ આવેલા એક કેસમાં ન્યાયમૂર્તિ વિક્રમનાથ અને ન્યાયમૂર્તિ સંદીપ મહેતાની બનેલ ખંડપીઠે ‘જીવન આરોગ્ય’ યોજના હેઠળ વિમા પોલીસી મેળવનાર એક વ્યક્તિના કલેમને નકારી કાઢવાના વિમા કંપનીના નિર્ણયને બહાલ રાખતા જણાવ્યું હતું કે અરજદારે તેની શરાબ પીવાની ટેવ કે શોખ અંગે વિમા કંપનીને ગેરમાર્ગે દોરી તે બાબત છુપાવી હતી જેની તેનો કલેમ મંજુર થવા પાત્ર નથી.

‘જીવન આરોગ્ય’ યોજના હેઠળ અરજી કરનારે ૨૦૧૩માં પોલીસી લીધી હતી. જેમાં હોસ્પીટલમાં સારવાર કે આઉટડોર પેશન્ટ તરીકે સારવાર બન્ને રીતે તેને થતા ખર્ચ આ પોલીસી હેઠળ કવર થતા હતા અને મૃત્યુનો વિમો પણ

અનુસંધાન પાના ૭ પર

# અંડર ગ્રાઉન્ડ મિસાઈલ સિટીનો વિડીયો ઈરાન દ્વારા જાહેર કરાયો

### સુરંગોમાં મિસાઈલો અને ઘાતક શસ્ત્રોનો વિશાળ ભંડાર વિડીયોમાં દર્શાવાયો

ઈરાન, તા. ૨૭

ઈરાને તેના ભૂગર્ભ મિસાઈલ શહેરનો એક વીડિયો જાહેર કર્યો છે. આ ૮૫ સેકન્ડના વીડિયોમાં ટનલની અંદર મિસાઈલો અને આધુનિક શસ્ત્રો દેખાય છે. આ વીડિયો એવા સમયે રિલીઝ કરવામાં આવ્યો છે જયારે ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા ઈરાનને તેના પરમાણુ કાર્યક્રમને સમાપ્ત કરવાની ચેતવણી આપવાની સમયમર્યાદા નજીક આવી રહી છે.

આ વીડિયો ઈરાનના સરકારી મીડિયા દ્વારા બહાર પાડવામાં આવ્યો છે. આમાં ટોચના લશ્કરી કમાન્ડર મેજર જનરલ મો. હુસૈન બાઘેરી અને ઈરાન રિવોલ્યુશનરી ગાર્ડ (IRGC) એરોસ્પેસ ફોર્સના ચીફ અમીર અલી હાજીઝાદેહનો સમાવેશ થાય છે.ઈઝરાયલ પર હુમલામાં વપરાયેલી મિસાઈલો જોવા મળી બંને અધિકારીઓ લશ્કરી વાહનમાં સુરંગોની અંદર મુસાફરી કરી. અંદર ઈરાનની આધુનિક મિસાઈલો અને અદ્યતન શસ્ત્રો છે. ઈરાનની સૌથી ખતરનાક ખૈબર શકેન, કાદર-એચ, સેજિલ અને પાવેહ લેન્ડ એટેક ક્રુઝ મિસાઈલો પણ છે. અહેવાલો અનુસાર, આ શસ્ત્રોનો ઉપયોગ ઈઝરાયલ પર તાજેતરના હુમલામાં કરવામાં આવ્યો હતો.આ શસ્ત્રો ખુલ્લામાં અને લાંબી ટનલ અને ગુફાઓમાં છે. તેમાં કોઈ બ્લાસ્ટ ડોર કે અલગ દિવાલ નથી. આવી સ્થિતિમાં, આ ટનલ પર હુમલો થાય તો ખતરનાક વિસ્ફોટ થવાની શક્યતા રહે છે.

ઈન્ટેલિજન્સ બેઝના ફૂટેજ અગાઉ પણ સામે આવ્યા છે નવેમ્બર ૨૦૨૦માં ઈરાનના ગુપ્ત બેલિસ્ટિક મિસાઈલ બેઝના ફૂટેજ પણ સામે આવ્યા હતા. આમાં, ભૂગર્ભ ટનલમાં ઓટોમેટિક રેલ

અનુસંધાન પાના ૭ પર

# યુપી, રાજસ્થાન, મધ્ય ભારત માટે હિટવેવની ચેતવણી જારી

### પાટનગર દિલ્હીમાં માર્ચમાં જ પારો ૪૦ ડીગ્રીને પાર કરી ગયો

નવી દિલ્હી, તા. ૨૭

ગુજરાત સહિત દેશભરમાં ઉનાળાનું આગમન વહેલુ થઈ જ ગયુ હતું ત્યારે અત્યારે માર્ચમાં જ એપ્રિલ જેવી આકરી ગરમી વરસવા લાગી છે. ઉતર પ્રદેશથી રાજસ્થાન સુધી લુ ફુંકાવાની-હિટવેવની સ્થિતિ સર્જાવાની ચેતવણી જારી કરવામાં આવી છે.

પાટનગર દિલ્હીમાં સામાન્ય રીતે એપ્રિલ મહિનાથી તાપમાનનો પારો ૪૦ ડીગ્રીને પાર થતો હોય છે. પરંતુ ગઈકાલે જ પીતમપુરા તથા રિઝમાં મહતમ તાપમાન ૪૦ ડીગ્રીને વટાવી ગયુ હતું. જેને પગલે પાટનગરવાસીઓ અકળાયા હતા.

હવામાન વિભાગે નવી આગાહીમાં એવી ચેતવણી આપી છે કે દિલ્હી ઉપરાંત ઉતર પ્રદેશ, વિહાર, રાજસ્થાન તથા સમગ્ર મધ્ય ભારતમાં આવતા દિવસોમાં આકરી લુ ફુંકાવાની શકયતા છે.

મધ્ય ભારતમાં ગુજરાત-મહારાષ્ટ્ર જેવા રાજયોનો પણ સમાવેશ થઈ જાય છે. પર્વતીય રાજયોમાં પણ હવામાનનો મિજાજ બદલાયેલો છે. એક નવા વેસ્ટર્ન ડીસ્ટર્બન્સને કારણે આ રાજયોમાં હવામાન પલટાની અસર દેખાવાની સંભાવના છે અને તેમાં વરસાદ તથા હિમવર્ષા પણ થઈ શકે છે.

મધ્ય ભારતમાં સામેલ મહારાષ્ટ્ર સહિતના રાજયોમાં

અનુસંધાન પાના ૭ પર

# તા. ૩૦મી થી ચાર ધામ યાત્રા શરૂ વિડિયો રીલ મેકર્સને નો એન્ટ્રી

### રીલ મેકર્સ તથા યુટયુબર્સ ને મંદિર સંકૂલમાં પ્રવેશવા નહીં દેવા પાંડા સમુદાયનો નિર્ણય

નવી દિલ્હી, તા. ૨૭

ઉત્તરાખંડમાં ૩૦ એપ્રિલથી શરૂ થનારી ચારધામ યાત્રામાં આ વખતેવીડિયો રીલ મેકર્સ અને યુટ્યૂબર્સની એન્ટ્રી રોકવાની તૈયારીઓ કરવામાં આવી રહી છે. કેદારનાથ-બદ્રીનાથ પાંડા સમુદાયે નિર્ણય લીધો છે કે આ વખતે તેઓ તેમને મંદિર પરિસરમાં પ્રવેશવા દેશે નહી. જો કોઈ આવું કરતું જોવા મળશે, તો તેને દર્શન કર્યા વિના પરત મોકલી દેવામાં આવશે. આ અંગે વહીવટીતંત્રને પણ જાણ કરવામાં આવી છે.

કેદારનાથ સભાના પ્રમુખ રાજકુમાર તિવારીએ જણાવ્યું હતું કે ગયા વર્ષે રીલ બનાવનારાઓને કારણે ઘણી અરાજકતા હતી. સમુદ્ર સપાટીથી ૧૨ હજાર ફૂટ ઉપર આવેલા કેદારનાથ ધામમાં ઢોલ-નગારાનો અવાજ ફક્ત રીલ બનાવવા માટે જ કરવામાં આવ્યો હતો.

યાત્રા શરૂ થયા પછી, શિવાલિક પર્વતમાળામાં ૧૦ થી ૧૨ દિવસ સુધી આ શોર ગુંજતો રહ્યો. અહીંની પ્રકૃતિ માટે આ શોર સારો નથી. એટલા માટે આ વખતે તેઓ તમને કેમેરા ચાલુ પણ કરવા દેશે નહી.

તેવી જ રીતે, મંદિરોમાં પૈસા ચૂકવીને VIP દર્શન કરવાની વ્યવસ્થા પણ બંધ રહેશે. બદ્રીનાથ ધામના પાંડા પંચાયતના ખજાનચી અશોક ટોડારિયાએ કહ્યું છે કે પૈસા લઈને દર્શન આપવા એ ભગવાનની ગરિમાની વિરુદ્ધ છે.આ વર્ષે ચારધામ યાત્રા ૩૦ એપ્રિલ (અક્ષય તૃતીયા)થી શરૂ થશે. આ દિવસે, મા ગંગોત્રી અને યમુનોત્રી ધામના દરવાજા પહેલા ખોલવામાં આવશે. આ પછી, ૨ મેના રોજ કેદારનાથ ધામના દરવાજા ખૂલશે.

અનુસંધાન પાના ૭ પર



# શક્તિ વંદન બીલનો અમલ કરવા સુરત મહિલા કોંગ્રેસની માંગણી

## ૩૩ ટકા મહિલા અનામત લાગુ કરવા કલેક્ટરને આવેદન પાઠવ્યું

સુરત, તા.૨૭

ગતરોજ તારીખ ૨૬ માર્ચ ના રોજ સુરત શહેર મહિલા કોંગ્રેસ દ્વારા સુરત શહેર કલેકટર કચેરી જિલ્લા સેવા સદન ખાતે કેન્દ્ર સરકાર દ્વારા પાસ થયેલ (શક્તિ વંદન) બિલ ને લાગુ કરાવવા માટે સુરત શહેર મહિલા કોંગ્રેસ સમિતિ દ્વારા કલેક્ટરશ્રીને આવેદન પત્ર સોંપવામાં અને ધરણા પ્રદર્શન કરવામાં આવ્યું . મહિલા કોંગ્રેસ દ્વારા જણાવવામાં આવ્યું કે હાલ દેશમાં રાજયમાં જિલ્લામાં મહિલાઓ પ્રતિ ગુનાઓની સંખ્યામાં વધારો થયું છે રેપ, કીડનેપિંગ જેવી ઘટનાઓ વધી છે મહિલાઓ ને પાસ થયેલ અનામત આપવામાં આવતા નથી મહિલાઓ સાથે દરેક જગ્યા દરેક વિભાગમાં માનસિક અને શારીરિક શોષણ થાય છે મહિલાઓની સુરક્ષા મહિલા સશક્તિકરણ જેવા મુદ્દાઓને લઈને સુરત શહેર મહિલા કોંગ્રેસ પ્રમુખ રાઈસાબેન શેખ ની આગેવાની માં આવેદન પત્ર કલેકટર શ્રી ને સોંપવામાં આવ્યું.

આ કાર્યક્રમમાં શહેર પ્રમુખ રઈસાબેન શેખ સાથે કાજલ રાજપુત, ડો. સંજુબેન દીક્ષિત , બેબી સિંહ રાજપુત ક્રિષ્નાબેન પાંડે , મોનાબેન શાહ, મીરાબેન બાવીસકર , આઈશાબેન, સુરૈયાબેન શેખ, નિશા શેખ, સાલેહાબેન ખાન, રૂબીનાબેન, યાસ્મીના શેખ, સુલતાનાબેન શેખ, સાયરા શેખ , સાલેહાબેન શેખ, છાયાબેન પટેલ, આશાબેન ચૌહાણ, મીનાબેન પટેલ, ભારતીબેન પટેલ, સોમીબેન, સોફિયાબેન, ઝરીનાબેન સહિત અનેકો મહિલા કાર્યકરો જોડાયા અને પ્રદર્શન કર્યું



# તળાદ હાઈસ્કૂલમાં વાર્ષિક ઈનામ વિતરણ સમારંભ યોજાયો

## બોર્ડ પરિક્ષામાં શ્રેષ્ઠ પરિણામ લાવનાર વિષય શિક્ષકોનું સન્માન

સુરત, તા.૨૭

તળાદ વિભાગ માધ્યમિક શાળા, તળાદમાં ભવ્ય વાર્ષિક ઈનામ વિતરણ સમારંભ યોજવામાં આવ્યો હતો. અમિતભાઈ બી. પટેલનાં અધ્યક્ષસ્થાને યોજાયેલ આ કાર્યક્રમમાં આઝાદદિન સ્મારક કેળવણી મંડળનાં પ્રમુખ ધનસુખભાઈ પટેલ, મંત્રી જયંતિભાઈ પટેલ તથા અન્ય હોદ્દેદારો ખાસ ઉપસ્થિત રહ્યા હતાં. કાર્યક્રમની શરૂઆત શાળાની બાળાઓએ પ્રાર્થનાથી કરી હતી. ત્યારબાદ તળાદ વિભાગ કેળવણી મંડળનાં પ્રમુખ ઈશ્વરભાઈ પટેલ તથા તેમની ટીમે આમંત્રિત મહેમાનોનું પુષ્પગુચ્છથી સ્વાગત કર્યું હતું જ્યારે શાળાનાં માધ્યમિક વિભાગનાં આચાર્ય જયેશભાઈ પટેલે સૌને શાબ્દિક આવકાર આપ્યો હતો. સદર કાર્યક્રમમાં ધોરણ ૧ થી ૧૨ નાં વર્ગમાં અને બોર્ડ એક્ઝામમાં પ્રથમ આવેલ તથા વિશિષ્ટ પ્રવૃત્તિઓમાં સિદ્ધિ મેળવનાર વિદ્યાર્થીઓને સ્મૃતિભેટ આપી સન્માનિત કરવામાં આવ્યા હતાં. સાથે જ ધોરણ ૧૦ અને ૧૨ બોર્ડની પરીક્ષામાં ૧૦૦ ટકા પરિણામ લાવનાર વિષય શિક્ષકોનું પણ ઉપસ્થિત મહાનુભવોનાં હસ્તે બહુમાન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે યોજાયેલ સાંસ્કૃતિક કાર્યક્રમમાં શાળાનાં વિદ્યાર્થીઓએ વિવિધ કૃતિઓ રજૂ કરી હતી. ખૂબ મોટી સંખ્યામાં ઉપસ્થિત વાલીજનોએ કાર્યક્રમને દીપાવ્યો હતો. સંસ્થા તરફથી ભોજનની ખૂબ સરસ વ્યવસ્થા કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ઉચ્ચતર માધ્યમિક વિભાગનાં શિક્ષિકા ચિલ્કાબેન પટેલે કર્યું હતું.




# ઓએનજીસી દ્વારા ધંતુરિયામાં આંગણવાડી કેન્દ્રનું લોકાર્પણ

## ૧૮ આંગણવાડીઓને સહાયનું વિતરણ કરાયું

અંકલેશ્વર, તા.૨૭

અંકલેશ્વર ONGC દ્વારા બાલ વિકાસ યોજના ચલાવવામાં આવી રહી છે. સામાજિક જવાબદારીના ભાગરૂપે ONGC દ્વારા યોજનાનું અમલીકરણ થઈ રહ્યું છે. જે અંતર્ગત આજરોજ ૬ આંગણવાડીઓનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે અને ૧૮ જેટલી આંગણવાડી કેન્દ્રોમાં સાથી સહાયનું વિતરણ કરવામાં આવ્યું હતું.

અંકલેશ્વર તાલુકાના ધંતુરિયા ગામે ONGCના પ્રયાસોથી આંગણવાડી કેન્દ્રોનું નવનિર્માણ કરવામાં આવ્યું હતું. જેનો લોકાર્પણ સમારોહ યોજાયો હતો. આ પ્રસંગે CDPO, મેનેજરશ્રી અંકિત ચોવટિયા, અંકલેશ્વર ગ્રામિણ પોલીસ મથકના પી. આઈ. શ્રી કે. જી. સીસોદિયા, ગામના આગેવાન બચુભાઈ તેમજ ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતાં.

# ખેરગામમાં ટ્રેલર પરનું મશીન મહિલાને વાગતા હાલત ગંભીર

## ખેરગામ રાજ્ય ધોરી માર્ગ ૧૮૧ પર અકસ્માતની ભરમાર

ખેરગામ, તા.૨૭

ચીખલી ખેરગામ ધરમપુર નો રાજ્ય ધોરીમાર્ગ ૧૮૧ આંતરરાજ્ય ભારે અતિ ભારે વાહનોની અવરજવરના લીધે અકસ્માતો નોંતરી જીવલેણ બને છે. જેના પર ઘણી જગ્યાએ બમ્પરની તીવ્ર જરૂરિયાત છે છતાં મા-મ વિભાગ નવસારી કે ચીખલી ના અધિકારીઓના પેટનું પાણી પણ હાલતું નથી.

બુધવારની સંધ્યાએ ૫:૦૦ વાગ્યાની આસપાસ ધરમપુરથી ચીખલી તરફ જતું મલ્ટીએક્સલ ટ્રેલર કે જેમાં ભારે મશીનરી હતી અને તે પણ આજુબાજુ જોખમી ફેલાયેલી હતી. જેણે ભૈરવી ત્રણ રસ્તા પાસે બાઈક ચાલક ની પાછળ બેઠેલી મહિલાને માથાના ભાગમાં મશીનરી નો ભાગ અથડાતાં ગાડી સાથે રસ્તા પર પડી ગયા હતા પરંતુ ચાલકને કે બાઈક ને નુકસાન થયું નથી પણ પાછળ બેઠેલી મહિલાને માથામાં અત્યંત ગંભીર ઈજા થતાં લોહી લુહાણ થઈ ગઈ હતી જેને ૧૦૮ ત્વરિત આવી જતા પહેલાં રેફરલમાં ખસેડી અને ત્યાં બેભાન હોય સઘન સારવાર માટે તાત્કાલિક વલસાડની કસ્તુરબા હો.માં ખસેડવામાં આવી છે. ટ્રેલર ચાલક વિશે માહિતી મળી નથી, પણ તે જોખમી હંકારાતું હતું. ભેગા થલા થયેલા ટોળાંએ અહીં વળાંકોમાં બમ્પર્સ હોવા જરૂરી હોવાનું જણાવ્યું હતું.

# હાંસોટના કંટિયાજાળ ગામમાં ઘાસ ભરેલા ટ્રકમાં આગ લાગી

સુરત, તા.૨૭

ભરૂચ જિલ્લામાં આગની ઘટનાઓ સામે આવી રહી છે.મોડી સાંજના સમયે હાંસોટ તાલુકાના કંટિયાજાળ ગામમાં ઘાસ ભરેલ ટ્રક ચાલક નિઝામ ભાઈ પસાર



ભરૂચ જિલ્લામાં આગની ઘટનાઓ સામે આવી રહી છે.ત્યારે આજરોજ મોડી સાંજના સમયે હાંસોટ તાલુકાના કંટિયાજાળ ગામમાં ઘાસ ભરેલ ટ્રક ચાલક નિઝામ ભાઈ પસાર થઈ રહ્યા હતા તે દરમિયાન વીજ વાયર અડી જતા આગ ભભૂકી ઉઠી હતી જોકે ચાલકની સમય સુચકતાને પગલે માર્ગની બાજુમાં ટ્રક ઉતારી દેતા મોટી દુર્ઘટના ટળી હતી.આગને પગલે દોડધામ મચી જવા પામી હતી.આગને ટ્રકમાં નુકશાન થવા પામ્યું હતુ.આ ઘટનામાં કોઈને પણ જાનહાની નહીં થતા સૌ કોઈએ રાહતની શ્વાસ લીધો હતો

# સુરત જિલ્લામાં સભા-સરઘસ યોજવા પર પ્રતિબંધ લાગુ કરાયો

સુરત, તા.૨૭

સુરત જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં સુલેહ શાંતિ જળવાઈ રહે, કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ બરકરાર રહે એ માટે તા.૦૨/૦૪/૨૦૨૫ સુધી સભા ભરવા કે સરઘસ કાઢવા ઉપર અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ વિજય રબારીએ જાહેરનામુ બહાર પાડી પ્રતિબંધ મૂક્યો છે. સરકારી ફરજમાં રોકાયેલા કર્મચારીઓ-અધિકારીઓને આ જાહેરનામુ લાગુ પડશે નહિ. હુકમનો ભંગ કરનાર શિક્ષાને પાત્ર થશે.

## ઉમરાથી દિવ્યા ભાલસે ગુમ

સુરત, તા.૨૭

ઉમરા પોલીસ સ્ટેશનના જણાવ્યા અનુસાર, તા.૦૬/૦૩/૨૦૨૫ ના રોજ સાંઝના ૬:૦૦ વાગ્યે, બી-૪૨, આદર્શ સોસાયટી, ઘોડદોડ, સુરત, મુળ રહેવાસી ગામ-લોંદી, જીલ્લો-ખરગોન (મધ્ય પ્રદેશ) ખાતે રહેતી ૮ વર્ષીય દિવ્યા અંતિમ ભાલસે ગુમ (અપહરણ) થઈ ગઈ હતી. તેમનું શરીર પાતળું બાંધાનું અને ગોરો વર્ણનું છે. તેમની ઊંચાઈ આશરે ૩'૦" છે. ગુમ થતાં સમયે, તેઓ લાઈટ કલરનો ટોપ અને ગ્રે રંગની જીન્સ પહેરી હતી. તેઓ હિન્દી ભાષા જાણે છે. કોઈને ભાળ મળે તો તેમણે નજીકના પોલીસ સ્ટેશન અથવા ઉમરા પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા વિનંતી છે.

## ઉમરાથી હંસરાજ ભાલસે લાપતા

સુરત, તા.૨૭

ઉમરા પોલીસ સ્ટેશનના જણાવ્યા અનુસાર, તા.૦૬/૦૩/૨૦૨૫ ના રોજ સાંઝના ૬:૦૦ વાગ્યે, બી-૪૨, આદર્શ સોસાયટી, ઘોડદોડ, સુરત, મુળ રહેવાસી ગામ-લોંદી, જીલ્લો-ખરગોન (મધ્ય પ્રદેશ) ખાતે રહેતા ૫ વર્ષીય હંસરાજ અંતિમ ભાલસે ગુમ (અપહરણ) થઈ ગયા હતા. તેમનું શરીર પાતળું બાંધાનું અને ગોરો વર્ણનું છે. તેમની ઊંચાઈ આશરે ૩'૦" છે. ગુમ થતાં સમયે, તેઓ કાળો રંગનો શર્ટ અને બ્લુ રંગની જીન્સ પહેરી હતી. તેઓ હિન્દી ભાષા જાણે છે. કોઈને ભાળ મળે તો તેમણે નજીકના પોલીસ સ્ટેશન અથવા ઉમરા પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા વિનંતી છે.

## અમરોલીથી જાનવીબેન આહલપરા ગુમ

સુરત, તા.૨૭

અમરોલી પોલીસ સ્ટેશનના જણાવ્યા અનુસાર, તા.૦૬/૦૩/૨૦૨૫ ના રોજ, ઘર નં-બી-૦૨, ૬૦૨-સ્વસ્તિક પ્રાઈડ, મધુવન સ્કૂલની પાસે, અમરોલી, મુળ રહેવાસી સાવરકુંડલા, જી-અમરેલી ખાતે રહેતી ૨૪ વર્ષીય જાનવીબેન અતુલભાઈ આહલપરા ગુમ (અપહરણ) થઈ ગયા છે. તેમનું શરીર મધ્યમ બાંધાનું અને ઘઉં વર્ણનું છે. તેમની ઊંચાઈ આશરે ૫'૪" છે. ગુમ થતાં સમયે, તેઓ લીલો રંગનું ટી-શર્ટ અને કાળો રંગનો લેંઘો પહેરેલી હતી. તેઓ ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી ભાષા જાણે છે. કોઈને ભાળ મળે તો તેમણે નજીકના પોલીસ સ્ટેશન અથવા અમરોલી પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા વિનંતી છે.

## અમરોલીથી રીનાબેન ટાંકોલિયા ગુમ

સુરત, તા.૨૭

અમરોલી પોલીસ સ્ટેશનના જણાવ્યા અનુસાર, તા.૨૦/૦૨/૨૦૨૫ ના રોજ, ઘર નં-૨૫, અભયનગર સોસાયટી, છાપરાભાઠા, અમરોલી, સુરત ખાતે રહેતી ૩૮ વર્ષીય રીનાબેન શંકરભાઈ ટાંકોલિયા ગુમ (અપહરણ) થઈ ગયા છે. તેમનું શરીર મધ્યમ બાંધાનું અને શ્યામ વર્ણનું છે. તેમની ઊંચાઈ આશરે ૫'૦" છે. ગુમ થતા સમયે, તેઓ કેવા કપડા પહેર્યા હતા તેની માહિતી ઉપલબ્ધ નથી. તેઓ ગુજરાતી, હિન્દી અને ઉડિયા ભાષા જાણે છે. કોઈને ભાળ મળે તો તેમણે નજીકના પોલીસ સ્ટેશન અથવા અમરોલી પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા વિનંતી છે.

## ચોકબજારથી સોનલ પરમાર લાપતા

સુરત, તા.૨૭

ચોકબજાર પોલીસ સ્ટેશનના જણાવ્યા અનુસાર, તા.૦૭/૦૩/૨૦૨૫ ના રોજ, ઘર નં. એ/૭૨, પ્રભુનગર-૨, વેડરોડ, ચોકબજાર, સુરત ખાતે રહેતી ૨૯ વર્ષીય સોનલ નથુભાઈ પરમાર ગુમ (અપહરણ) થઈ ગયા છે. તેમનું શરીર મધ્યમ બાંધાનું અને ઘઉં વર્ણનું છે. તેમની ઊંચાઈ આશરે ૫'૪" છે. ગુમ થતા સમયે, તેઓ કાળો ટોપ અને લાલ રંગની લેગીસ પેન્ટ પહેરેલી હતી. તેઓ ગુજરાતી ભાષા જાણે છે. કોઈને ભાળ મળે તો તેમણે નજીકના પોલીસ સ્ટેશન અથવા ચોકબજાર પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા વિનંતી છે.



# આરએમપીએસ ઈન્ટરનેશનલ સ્કૂલ દ્વારા એલન સાથે જોડાણ

## ઉચ્ચ અભ્યાસની પ્રવેશ પરિક્ષા અંગે સેમિનાર યોજાયો

અંકલેશ્વર, તા.૨૭

આશા અને વચનથી ભરેલી એક જીવંત સવારે, અંકલેશ્વરની RMPS ઈન્ટરનેશનલ સ્કૂલે JEE (મેઈન્સ) અને NEET UG માં સફળતા માટે અમારા વિદ્યાર્થીઓને સશક્ત બનાવવાના ઉદ્દેશ્યથી એલન કારકિર્દી સંસ્થા, સુરત સાથેના એક ઉત્તેજક સહયોગના લોન્ચની ગર્વથી ઉજવણી કરી. સ્પર્ધાત્મક તૈયારીઓ પરનો આ કારકિર્દી સેમિનાર અંકલેશ્વર અને ભરૂચના વિદ્યાર્થીઓના ભવિષ્યને આકાર આપવાની અમારી પ્રતિબદ્ધતામાં એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ હતો.

આ કાર્યક્રમની શુભ શરૂઆત પરંપરાગત રીતે દીપ પ્રાગટ્યથી કરવામાં આવી. જે જ્ઞાન અને વિકાસના ઉદયનું પ્રતીક છે, જે મા સરસ્વતીને અર્પણ છે. અમારા ટ્રસ્ટીઓ શ્રી રાકેશ જૈન, શ્રી મહાવીર જૈન, શ્રી સચિન જૈન, ડિરેક્ટર અને પ્રિન્સિપાલ શ્રી મેલરોય મેકડોનાલ્ડ અને ફ્લાઈંગ કિડ્સ પ્રિસ્કૂલના પ્રિન્સિપાલ શ્રીમતી અર્ચના નેગી પટેલ દ્વારા શ્રી હર્ષ મહેશ્વરી (સિનિયર મેનેજર, બિઝનેસ ડેવલપમેન્ટ, એલન કેરિયર ઈન્સ્ટિટ્યૂટ), શ્રી રાકેશ દુબે (એચઓડી અને કોઓર્ડિનેટર, એલન કેરિયર ઈન્સ્ટિટ્યૂટ) અને શ્રી રાહુલ હાયર (બિઝનેસ એક્ઝિક્યુટિવ, એલન કેરિયર ઈન્સ્ટિટ્યૂટ) સહિતના અમારા માનનીય મહાનુભાવોનું ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું. તેમની હાજરીએ આ ભાગીદારીના મહત્વ પર ભાર મૂક્યો.શ્રી મેલરોય મેકડોનાલ્ડે તેમના પ્રેરણાદાયી ભાષણમાં આ આ પ્રકારના પરિવર્તનશીલ સહયોગની સંભાવના પર પ્રકાશ પાડ્યો. તેમણે પ્રતિભાને ઉછેરવા માટે RMPSના સમર્પણ પર ભાર મૂક્યો. અમારા પ્રતિષ્ઠિત મહેમાન શ્રી રોહિત દુબેએ સેમિનારની સત્તાવાર શરૂઆત કરીને, તેમની આંતરદૃષ્ટિથી શ્રોતાઓને મંત્રમુગ્ધ કર્યા. તેમણે એલન કેરિયર ઈન્સ્ટિટ્યૂટનો સમૃદ્ધ ઈતિહાસ, તેની નોંધપાત્ર સફળતાની વાર્તાઓ, સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં પ્રભાવશાળી પરિણામો અને વિદ્યાર્થીઓના સમર્થન માટે હેલ્પલાઈન વિગતો શેર કરી, જેનાથી દરેકને પ્રેરણા મળી. વધુમાં, તેમણે માતાપિતા સંતોષકારક પ્રશ્નોના જવાબ આપ્યા. આ નવા સાહસમાં સ્પષ્ટતા અને વિશ્વાસ સુનિશ્ચિત કર્યો. આ ગતિમાં વધારો કરતા, RMPS ના ટ્રસ્ટી શ્રી મહાવીર જૈને આ પહેલ શૈક્ષણિક શ્રેષ્ઠતા માટેનો માર્ગ કેવી રીતે મોકળો કરશે તે અંગેના તેમના વિઝનને શેર કર્યું. આ કાર્યક્રમને શાનદાર રીતે સફળ બનાવવા બદલ અમે અમારા મહાનુભાવો, માતાપિતા, શિક્ષકો અને વિદ્યાર્થીઓનો હૃદયપૂર્વક આભાર માનીએ છીએ. સાથે મળીને આપણે આવતીકાલના નેતાઓને આકાર આપવાની યાત્રા શરૂ કરીએ છીએ. સફળતા અને શ્રેષ્ઠતાથી ભરપૂર ભવિષ્યની રાહ જોઈ રહ્યા છીએ!



# સાર્વજનિક એન્જિનિયરીંગ કોલેજના વિદ્યાર્થીઓ ઈન્ડસ્ટ્રીઝની મુલાકાતે

સુરત, તા.૨૭

સાર્વજનિક કૉલેજ ઓફ એન્જિનિયરિંગ એન્ડ ટેક્નોલોજીનાં MCA ડિપાર્ટમેન્ટના Integrated MCAમાં પહેલાં વર્ષમાં ભણતા વિદ્યાર્થીઓએ તેમનાં ફેકલ્ટી સાથે મળીને BosLeo ટેક્નોલોજી અને Ecolates ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ કંપની ની મુલાકાત લીધી હતી. આ શૈક્ષણિક પ્રવાસ દરમિયાન BosLeo કંપની માં વિવિધ ક્ષેત્રમાં કમ્પ્યુટર એપ્લિકેશનની જુદી જુદી ટેક્નોલોજીનો ઉપયોગ અને તેનું મહત્ત્વ સમજાવામાં આવ્યું હતું. અને Ecolates કંપનીમાં શેરડી નાં કુચામાંથી બાયો-ડીગ્રેડેબલ ડીશ, વાટકી, ફૂડ પેકેજીંગ જેવી ટકાઉ વસ્તુઓ બનાવવા માટે જરૂરી તાપમાન અને પ્રોસેસ સમજાવી. આ ઈકો-ફ્રેન્ડલી વસ્તુઓ વાપરી ૬૦ થી ૯૦ દિવસમાં પૂરેપરી રીતે નષ્ટ કરી, પર્યાવરણની રક્ષા કેવી રીતે કરી શકાય એ સમજાવામાં આવ્યું હતું.




# કૃષિ વિજ્ઞાન કેન્દ્ર ચાસવડ દ્વારા મહિલા જૂથોને પ્રાકૃતિક ખેતીની તાલીમ અપાઈ

## ૪૫ મહિલાઓએ પ્રાકૃતિક કૃષિની પ્રેક્ટીકલ તાલીમ મેળવી

સુરત, તા.૨૭

ભારત સરકારના કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલય દ્વારા પ્રોજેક્ટ આઉટ સ્કેલિંગ ઓફ નેચરલ ફાર્મિંગ થ્રુ કેવીકે અંતર્ગત નેત્રંગ તાલુકાના પિંગોટ ગામે પ્રાકૃતિક ખેતી માટે તાલીમ યોજાઈ હતી. આ દેશી ગાય આધારિત ખેતીમાં જમીન સુધારવા અને છોડના પોષણ માટે ઉત્તમ એવા બીજામૃત, જીવામૃત અને ઘનજીવામૃત વિષે વિસ્તાર પૂર્વક માહતી આપાઈ હતી તેમજ વિવિધ પાકોમાં રોગ અને જીવાતના નિયંત્રણ માટે ઓછા ખર્ચે ઘરે દવા બનાવી શકાય એવી નિમાસ્ત્ર, અગ્નિઅસ્ત્ર અને બ્રહ્માસ્ત્ર અંગે પણ પ્રેક્ટિકલ બતાવી તાલીમ આપવામાં આવી હતી. જેમાં કૃષિ વિજ્ઞાન કેન્દ્રના વિસ્તરણ વિષયના વિષય નિષ્ણાંત હર્ષદ એમ વસાવા દ્વારા પ્રેક્ટિકલ તાલીમ અપાઈ હતી.

આ તાલીમમાં ૪૫ જેટલી ખેડૂત બહેનોએ જોડાઈને તાલીમ મેળવી હતી. શ્રી મિલનભાઈ વસાવા રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન(NRLM) નેત્રંગથી ઉપસ્થિત રહ્યા હતા. તેમણે મહિલા જૂથોને વધુ એક્ટિવ બની પ્રાકૃતિક ખેતીમાં પણ આગળ આવવા જણાવ્યું હતુ. ગામના માજી સરપંચ શ્રી અનિલ ભરતભાઈ પણ આ તાલીમમાં ઉપસ્થિત રહ્યા હતા અને આવા જૂથો દ્વારા પ્રાકૃતિક ખેતીનો પ્રચાર-પ્રસાર ઝડપથી કરી શકાશે એમ જણાવ્યું હતું. સર્વે જૂથોની બહેનોએ ખુબ રસપૂર્વક આ તાલીમમાં ભાગ લીધો હતો અને તાલીમને સફળ બનાવવા ઉત્સાહ દર્શાવ્યો હતો.

# ભારતમાં પરીક્ષણ કરાયેલ, ભારત માટે બનાવાયેલ - OPPO F29 સિરીઝ, ડ્યુરેબલ ચેમ્પિયન ભારતમાં લોન્ચ

## ભારતના વર્કફોર્સ માટે બનાવવામાં આવેલ, OPPO F29 27 માર્ચથી રૂ. ૨૩,૯૯૯ માં ઉપલબ્ધ થશે

નેશનલ, માર્ચ ૨૦૨૫

OPPO ઈન્ડિયા, ખરા અર્થમાં ડ્યુરેબલચેમ્પિયન, OPPO F૨૯ સિરીઝ સાથે સ્માર્ટફોન ડ્યુરેબિલીટી અને નેટવર્ક વિશ્વસનીયતાને ફરીથી વ્યાખ્યાયિત કરે છે. ભારત માટે બનાવવામાં આવેલ અને ભારતમાં પરીક્ષણ કરાયેલ, F૨૯ સિરીઝ વિશ્વ-સ્તરીય એન્જિનિયરિંગ, મિલિટરી-ગ્રેડ ટફનેસ, શ્રેષ્ઠ કનેક્ટિવિટી અને પાવરફુલ બેટરી પરફોર્મન્સને જોડે છે, આ બધું એક સ્લિમ અને એલિગન્ટ ડિઝાઈનમાં પેક કરવામાં આવ્યું છે જે દરેક પડકાર માટે તૈયાર છે - શહેરની ભીડભાડવાળી શેરીઓથી લઈને ખડકાળ ભૂપ્રદેશ સુધી.

ભારત માટે ડિઝાઈન કરાયું, ભારત માટે પરિક્ષિત

OPPO F૨૯ સિરીઝ, જે ઉદ્યોગમાં અગ્રેસર ધૂળ અને પાણી પ્રતિકાર ક્ષમતા ધરાવે છે, તેને ભારતના વિવિધ અને પડકારજનક પર્યાવરણ માટે તૈયાર કરવામાં આવી છે – પછી તે કેરળના ભારે મોસમ હોય, રાજસ્થાનની તપતી ગરમી હોય કે કાશ્મીરની કડકડતી ઠંડી.

ભારતમાં SGS (Société Générale de Surveillance), બેંગલુરુ દ્વારા ઉચ્ચતમ IP૬૬, IP૬૮ અને IP૬૯ ધોરણો સામે પરીક્ષણ કરાયેલ, F૨૯ સિરીઝ તેના સેગમેન્ટમાં સૌથી મજબૂત સ્માર્ટફોન છે. તેને IP૬૬ રેટિંગ તેને શક્તિશાળી વોટર જેટ સામે પ્રમાણિત કરે છે; ભીની સ્થિતિમાં કામ કરતા વપરાશકર્તાઓ માટે આદર્શ છે, વિક્રેતાઓથી લઈને બાંધકામ કામદારો સુધી. IP૬૮ રેટિંગ તેને ૩૦ મિનિટ માટે ૧.૫ મીટર પાણીમાં ડૂબકી લગાવવા માટે સમર્થન આપે છે; આનો અર્થ એ છે કે તે પાણીથી ભરેલા ખાડાઓ અને રસોડાના સિંકમાં આકસ્મિક ટીપાંથી બચવા માટે બનાવવામાં આવ્યું છે, જ્યારે તેને IP૬૯ રેટિંગ સૂચવે છે કે તે ૮૦̊C સુધીના ઉચ્ચ-દબાણ, ઉચ્ચ-તાપમાનના વોટર જેટનો સામનો કરી શકે છે, જે તેને ઔદ્યોગિક સેટિંગ્સ અથવા અત્યંત ભેજવાળી હવામાન પરિસ્થિતિઓમાં કામ કરતા લોકો માટે યોગ્ય બનાવે છે.




**OPPO F૨૯ સિરીઝ ચેમ્પિયન ચેમ્પિયન રહી છે, ભારતમાં SGS (સોસાયટી જનરલ ડી સર્વેલન્સ), બેંગલુરુ દ્વારા IP૬૬, IP૬૮ અને IP૬૯ પાણી પ્રતિકાર માટે પરીક્ષણ કરવામાં આવ્યું છે.**

F૨૯ સિરીઝ લિક્વિડ રેઝિસ્ટન્સને વધુ આગળ લઈ જાય છે, જે ભારે વરસાદ, નદીના પાણી, ગરમ પાણીના ઝરણા, જ્યુસ, ચા, દૂધ, કોફી, બીયર, વરાળ, ડીશવોટર, ડિટર્જન્ટ જેવા હાઉસહૉલ્ડ લિક્વિડ અને આઈસ વોટર, ક્લિનીંગ ફોમ અને મડી વૉટરના સંપર્ક સામે પણ રક્ષણ આપે છે. અને પાણીમાં ડૂબ્યા પછી, તે સ્પીકરમાંથી પાણી કાઢવા માટે અનન્ય પલ્સેટિંગ સાઉન્ડ ઉત્પન્ન કરે છે. OPPO ઈન્ડિયાના પ્રોડક્ટ કોમ્યુનિકેશન્સના હેડ, સાવિયો ડી'સોઝાએ જણાવ્યું હતું કે: "OPPO F૨૯ સિરીઝ ભારત માટે બનાવવામાં આવી છે - એક ટ્રૂ ડ્યુરેબલ ચેમ્પિયન જે સ્ટ્રેન્થ, કનેક્ટિવિટી અને પરફોર્મન્સનું મિશ્રણ કરે છે. તેના ઈન્ડસ્ટ્રી- બેસ્ટ IP રેટિંગ અને મિલિટરી-ગ્રેડ ટફનેસથી લઈને અમારા રિવોલ્યુશનરી હન્ટર એન્ટેના અને વિશાળ બેટરીઓ સુધી - દરેક પાસાને ભારતના રોડ વોરિયર્સને ટેકો આપવા માટે ડિઝાઈન કરવામાં આવ્યું છે. આ બધા પાવર, એક સ્લિમ, સ્ટાઈલિશ ડિવાઈઝમાં પેક કરવામાં આવે છે, જે સેગમેન્ટમાં એક નવો બેન્ચમાર્ક સેટ કરે છે."

### બિલ્ટ ટફ — ૩૬૦° આર્મર બોડી અને મિલિટરી-ગ્રેડ ડ્યુરેબિલીટી

F૨૯ સિરીઝનો દરેક ઇંચ રક્ષણ માટે રચાયેલ છે. તેની ૩૬૦̊ આર્મર બોડીમાં આકસ્મિક ટીપાંથી થતા આંચકાને શોષવા માટે સ્પોન્જ બાયોનિક કુશનિંગ છે. તે માળખાકીય મજબૂતાઈ માટે ફાઈબરગ્લાસ અને પ્રબલિત સાઈડ ફ્રેમ્સથી બનેલા એલિવેટેડ બેટરી કવર તેમજ કેમેરાને સુરક્ષિત રાખવા માટે સ્ટ્રેન્થેન્ડ લેન્સ પ્રોટેક્શન રિંગ સાથે એન્જિનિયર્ડ છે. ઉપકરણ માટે સુરક્ષા તેના રાઈઝ્ડ કોર્નર ડિઝાઈન સાથે બોક્સમાં કવર સુધી વિસ્તૃત છે જે ખૂણાઓને સુરક્ષિત રાખવા માટે વધારાના પેડિંગ સાથે આવે છે, અને તેને સીધા પ્રભાવથી બચાવવા માટે સ્ક્રીન પર થોડો ઓવરલેપ છે.

F૨૯ સિરીઝને એરોસ્પેસ-ગ્રેડ છ૨૦૪ એલ્યુમિનિયમ એલોય ફ્રેમ દ્વારા વધુ મજબૂત બનાવવામાં આવી છે જે તેના પુરોગામી કરતા ૧૦% ડ્યુરેબિલીટી વધારે છે. ૧૪ કઠોર લશ્કરી ધોરણ (MIL-STD-810H-2022) પડકારો સામે પરીક્ષણ કરાયેલ - અતિશય તાપમાન અને વરસાદથી લઈને આંચકો, ધૂળ, મીઠાના ઝાકળ અને કંપનો સુધી - F૨૯ સિરીઝ એવી રીતે બનાવવામાં આવી છે કે જ્યાં અન્ય નિષ્ફળ જાય ત્યાં ટકી રહે.

### પાવરફુલ એન્ટેના — રોડ વોરિયર્સ માટે બનાવેલ

કનેક્ટિવિટી નોન- નેગોશિએબલ છે, ખાસ કરીને ભારતના રોડ વોરિયર્સ માટે. OPPO F૨૯ સિરીઝ OPPO ના વિશિષ્ટ હન્ટર એન્ટેના આર્કિટેક્ચરનો પ્રારંભ કરે છે જે સિગ્નલ સ્ટ્રેન્થમાં ૩૦૦% નો મોટો વધારો આપે છે—જે દૂરના વિસ્તારો, હાઈવે, અંડરપાસ અને બેઝમેન્ટ પાર્કિંગ માટે પણ આદર્શ છે. તેનો અદ્યતન સપ્રમાણ લો-ફ્રીક્વન્સી એન્ટેના લેઆઉટ ન્યૂનતમ સિગ્નલ નુકશાન સુનિશ્ચિત કરે છે, પછી ભલે તમે કોલ પર હોવ કે સ્ટ્રીમિંગ કન્ટેન્ટ. ૮૪.૫% એન્ટેના કવરેજ સાથે—સેગમેન્ટમાં સૌથી મોટું—તે તમને રમતો રમતી વખતે અથવા હોરિઝોન્ટલ મોડમાં વિડિઓઝ જોતી વખતે કનેક્ટેડ રાખે છે. તેનું TÜV રાઈનલેન્ડ પ્રમાણપત્ર સ્થિર, વિશ્વસનીય નેટવર્ક પ્રદર્શનનો સાક્ષી આપે છે જ્યાં પણ રસ્તો તમને લઈ જાય છે.

# ડોશીનો ભગવાન જગન્નાથ પ્રત્યેનો પ્રેમ

જગન્નાથપુરીમાં એક "કુરમા" નામની ડોશી રહેતા હતા, જે માછીમાર હતા. એક વખત તે ડોશી ભગવાન જગન્નાથના મંદિરમાં ગયા. ત્યાં ભગવાન જગન્નાથનું મનમોહક સ્વરૂપ જોઈને મંત્રમુગ્ધ થઈ ગયા ને જ્યારે પ્રસાદ જુએ છે ત્યારે થોડી પરેશાન થઈ ગઈ કારણ કે, ભગવાન જગન્નાથને ધરાયેલા પ્રસાદમાં લગભગ બધી મીઠાઈ એટલે કે ગળી વસ્તુ જ હતી પરંતુ, કોઈ તીખી વસ્તુ જોવા ના મળી. હવે તેણે વિચાર્યું કે ભગવાન જગન્નાથને પણ સ્વાદિષ્ટ મસાલેદાર માછલીનો ભોગ ધરાવવો જોઈએ. ખૂબ જ શ્રદ્ધાથી એ ડોશીએ આ મસાલેદાર સ્વાદિષ્ટ માછલીને કેળાની છાલમાં લપેટી અને પછી મંદિર તરફ જવા લાગી.

પરંતુ, જેવી તે મંદિરના દરવાજા તરફ પહોંચી અને માછલીની દુર્ગંધ આવવાથી ત્યાંના ચોકીદારોએ તેને ત્યાં જ રોકી લીધી અને એ ચોકીદારોએ લાકડીથી આ કેળાના પત્તામાં લપેટીને લાવેલી સ્વાદિષ્ટ વાનગીને નીચે પાડી દીધી. પરંતુ જ્યારે એ એ કેળાના પત્તા નીચે પડે છે ત્યારે તેમાંથી પાકેલા કઠાર નીકળે છે. આ ચમત્કાર જોઈને ગુરુમા અને અન્ય લોકો પણ આશ્ચર્યચકિત થઈ ગયા અને દરેકે આ ગુરુમાની ક્ષમા



માંગી. હવે, આ ભોગ ભગવાન જગન્નાથને અર્પણ કરવામાં આવ્યો. ભગવાનની આ કૃપા જોઈને ગુરુમા આશ્ચર્યચકિત થઈ ગયા અને એ જ ક્ષણે ભગવાન જગન્નાથની ભક્ત બની ગઈ; શુદ્ધ શાકાહારી બની ગઈ અને દરરોજ ભગવાન જગન્નાથને પાકેલા કધારનો ભોગ લગાવવા લાગી.

બોલો ભગવાન જગન્નાથની જય

અપેક્ષા શાહ "શ્રીજી"

અમદાવાદ.

# મીરાંનો ગિરિધર ગોપાલ

ભાવભકિત ને કૃતિભકિતથી મીરાં જલ હળી,
ખોવાયેલા ખ્વાબને ખોળવા ખોરડે ખળભળી.

એકતારો લીધો હાથમાં બીજા હાથ મંજીરાં,
પગ ઘૂંઘરું બાંધી નાચી મીરાં ખુદમાં ખળભળી.

મેવાડની છે મહારાણી, જઈ દામોદરને મળી,
ઝેર પી ગૈ જીવણ નામે માની ધરણીધરને ધણી.

સાપ કરંડિયો, ઝેર કટોરા, બદનામી છે ઘણી,
મીરાંનો તો ગિરધર ગોપાલ જગતને ના ગણી.

કૃષ્ણ પ્રભુનું નામ મુખે ગોવિંદ નામ જૈ ગળી,
અપેક્ષાની એક અરજી મીરાં તેને મનમાં મળી.

**અપેક્ષા શાહ "શ્રીજી"**
**અમદાવાદ.**

# શબ્દ કુંજન




**મન મૂકી હરખાવ પડદો ઉઘડે છે ;**
**બા અદબ થઈ જાવ પડદો ઉઘડે છે.**
**વિશ્વ રંગભૂમિ દિન વિશેષ:**
**મન મૂકી હરખાવ પડદો ઉઘડે છે ;**
**બા અદબ થઈ જાવ પડદો ઉઘડે છે.**
**બોલવા કિરદારને દો, જાત ભૂલી ;**
**દો છુપાવી ઘાવ , પડદો ઉઘડે છે .**
**પ્હેર મ્હોરું , સાબદો થા, બેલ વાગ્યો ;**
**પાત્રમાં તું આવ ,પડદો ઉઘડે છે .**
**દાબ, બાઝેલા ગળાના આ ડૂમાં ને ;**
**ગીત તું ગવડાવ પડદો ઉઘડે છે .**
**આજ સુધી નટ રહ્યો છે નેપથ્યે તું ,**
**બહાર થોડો, આવ પડદો ઉઘડે છે.**
**પ્રેક્ષકો કરશે કદર સાચ્ચેજ "દિલીપ" ;**
**આપશે સરપાવ પડદો ઉઘડે છે.**

વિશ્વ રંગભૂમિ દિવસ: એક ઉજાસમય પ્રસંગ પ્રસન્ન છે સૌ કલાકારો માટે.

વિશ્વ રંગભૂમિ દિવસ દર વર્ષે ૨૭ માર્ચે ઉજવવામાં આવે છે. આ દિવસ વિશ્વભરના નાટ્યપ્રેમીઓ, દિગ્દર્શકો, લેખકો અને કલાકારો માટે વિશેષ મહત્વ ધરાવે છે. ૧૯૬૧થી શરૂ થયેલી આ ઉજવણી થિયેટર અને પ્રદર્શન કળાના મહત્વને ઉજાગર કરે છે.

આ દિવસની સ્થાપના "International Theatre Institute (ITI)" દ્વારા મહાન નાટ્ય ઋષિ ચંદ્રવદન ચીમનલાલ મહેતા ની ભલામણથી કરવામાં આવી હતી. ચં.ચી. મહેતા - મુઠ્ઠી ઊંચેરા નાટ્ય ઋષિપહતાં આજે તેમને યાદ કરવા જ પડે. ચંદ્રવદન ચીમનલાલ મહેતા ચં. ચી. ના હુલામણા નામે જાણીતા છે. છઠ્ઠી એપ્રિલે એમનો જન્મ દિવસ આવે છે. પણ એમને યાદ કરાય છે વિશ્વ રંગ ભૂમિ દિન ના દિવસે કારણ કે એમની ભલામણથી વિશ્વમાં રંગભૂમિ દિન નિમિત્તે ઉજવણી કરવાની શરૂઆત થઈ હતી. એઓ માત્ર નાટ્યકાર નહોતા પણ કવિ, વિવેચક, આત્મકથાકાર, પ્રવાસ લેખક પણ હતાં. સુરતમાં એઓ નો જન્મ થયો હતો. સુરતના પ્રસિદ્ધ નાટ્યકાર અને પદ્મશ્રી યઝદી કરંજીયા એમના માનસ પુત્ર હતાં.અને યઝદી ભાઈ પણ એમને પિતા તુલ્ય પ્રેમ કરતાં હતાં. એમની સાથે યઝદી ભાઈએ આકાશવાણી ઉપરથી પાંચસો જેટલાં હપ્તામાં "તાપી તટે તાપી દાસ" રેડિયો રૂપકો રજુ કર્યા હતા જે એક વિક્રમ છે. ચંચી સમય ના પાકા પાબંદી હતા. કોઈપણ કાર્યક્રમ સમયસર જ શરૂ થવો જોઈએ એવો એમનો આગ્રહ નાટ્ય જગતમાં પ્રખ્યાત હતો. જો મોડું થાય તો તેઓ ગુસ્સે થતા પણ વાર નહિ લગાડતા. આ સદગુણ એક પુત્ર તરીકે યઝદી ભાઈ એ આજ પર્યંત ટકાવી રાખ્યો છે. હાજર જવાબી માટે પણ આ નાટ્ય ઋષિ જાણીતાં હતાં. એકવાર એક મૃત્યુ સમયે એક વ્યક્તિ એ આવીને પૂછ્યું, સદગત ખરેખર ગુજરી ગયાં???" ત્યારે એમણે તરત જ રોકડું પરખાવ્યું હતું," નારે અમે તો ઠાઠડી બાંધવાનું રિહર્સલ કરીએ છીએ". એમણે પ્રાથમિક શિક્ષણ વડોદરામાં અને માધ્યમિક શિક્ષણ સુરતમાં લીધું હતું. અને કોલેજનું શિક્ષણ મુંબઈની એ?લફિન્સ્ટન કોલેજમાં લીધું હતું.ત્યાર બાદ મુંબઈમાં પ્રાથમિક શિક્ષક તરીકે કારકિર્દી ની શરૂઆત કરી હતી.

ત્યારબાદ મુંબઈ અને અમદાવાદમાં આકાશવાણી માં નિયામક તરીકે કાર્ય કર્યું અને નિવૃત્તિ બાદ

મ. સ. યુનિ. માં નાટ્ય વિભાગમાં કામગીરી જીવનના અંત સુધી કરી.

વિદેશમાં અનેકવાર નાટ્ય સંબંધી પ્રવચનો આપ્યાં હતાં. સમગ્ર દુનિયાની રંગ ભૂમિ નો ઈતિહાસ અને નાટ્ય શૈલી અને નાટ્યકાર ના રંગ કર્મ વિશે તેઓ જ્ઞાત હતા. ૧૯૭૮ માં તેઓ ગુજરાતી સાહિત્ય પરિષદ ના પ્રમુખ પણ હતા. રણજિતરામ સુવર્ણચંદ્રક અને નર્મદ ચંદ્રક થી તેઓ વિભૂષિત થયા છે તો કુમાર ચંદ્રક નો ખુમારી પૂર્વક અસ્વીકાર પણ કર્યો છે. તેઓ કોઈપણ એવોર્ડ મળે એ માટે રંગ કર્મ કરતાં જ નહોતા.

મંચન ક્ષમ નાટકો જ એમણે વધારે લખ્યા છે. વાંચન ક્ષમ નાટક ને એઓ નાટક જ નહોતા ગણતા. નાટ્ય ગઠરિયા એ આત્મકથા ના અંશ વાળી તેમજ પ્રવાસના અંશ વાળી ગ્રંથ શ્રેણી છે. ઑસ્ટ્રિયા ઈટલી સ્પેન જેવા દેશોમાં ચાલતી કળા પ્રવૃત્તિઓનો ચિતાર આ ગ્રંથ શ્રેણીમાં મળે છે.

બાંધ ગથરિયા એ એમનો આત્મકથા નો પહેલો ગ્રંથ છે. નાટ્યાત્મક હળવાશ આ શ્રેણીમાં વિશેષ રૂપે નીરૂપાય છે. વડોદરા સુરત અને મુંબઈના ત્રણ દાયકા સુપેરે લખ્યા છે. બોલચાલની ભાષામાં સુરતી લઢણ એમની લેખન ક્ષમતા પુરવાર કરે છે.

ઈલા કાવ્યો પણ એમણે આપ્યા છે. ભાઈ બહેનના નિર્વ્યાજ પ્રેમ થી પ્રચુર આ કાવ્યો જગવિખ્યાત છે. ગુજરાત ગાંધીજી અને નર્મદ પ્રત્યેના પ્રેમ ના કાવ્યો પણ આ સંગ્રહમાં જોવા મળે છે.

આમ તો ઘણા નાટકો એમણે લખ્યા છે પણ આ લખનારે "આગગાડી" નાટકમાં કામ કર્યું હોવાથી એની વાત પણ કરવી યોગ્ય લાગશે. લેખકનું આ કરુણા અંત વાળું નાટક છે. રેલવે કર્મચારીનું જીવન અને ગોરા સાહેબની તુમાખી નું તાદ્રશ્ય ભર્યું નિરૂપણ કર્યું છે આ નાટકમાં. પ્રતિ વર્ષ વડોદરાની ત્રિવેણી સંસ્થા ચંદ્રવદન ચી. મહેતા ને નાટ્ય અંજલિ આપે છે. એમાં યઝદી કરંજીયા ગ્રુપ પણ પ્રતિ વર્ષ એમને નાટ્ય અંજલિ આપી ને યઝદી ભાઈ એક પિતાનું ઋણ આ રીતે ચૂકવે છે. યઝદી ભાઈ ને પણ વંદન. એમણે ઓગણ ત્રીસ જેટલા માતબર નાટ્ય ગ્રંથો આપ્યા છે. વિવિધ વિષયો સંબંધી વિવિધ ગઠરિયા શ્રેણી એમણે આપી છે.નાટ્ય રંગ, યુરોપના દેશો ની રંગ ભૂમિ , અબોલા, સંતા કૂકડી, ધરા ગુર્જરી વગેરે જેવા અનેક નાટકો એમણે આપ્યા છે. એમની જન્મ જયંતિએ આ નરબંકા ને શત શત વંદન.

વૈશ્વિક સ્તરે નાટ્યકલા અને પ્રદર્શન કળાની વૃદ્ધિ માટે યુનેસ્કો પણ પ્રયાસો કરે છે. વિશ્વ રંગભૂમિનો ઈતિહાસ ખૂબ જ ઉજળો છે. નાટ્ય થિયેટરનો ઈતિહાસ અત્યંત પ્રાચીન છે. ગ્રીક અને રોમન નાટકો હંમેશા સમકાલીન સમાજને પ્રેરિત કરતા આવ્યા છે. ભારતીય સંસ્કૃતિમાં પણ ભરત મુનિ દ્વારા લખાયેલા "નાટ્યશાસ્ત્ર"નું વિશેષ મહત્વ છે. તે માત્ર અભિનય નહી પણ સંગીત, નૃત્ય અને ભાવાભિવ્યક્તિની પણ વિગતવાર ચર્ચા કરે છે. આજના સમયમાં પણ રંગમંચનું મહત્વ એટલું જ રહ્યું છે. આધુનિક સમયમાં થિયેટર માત્ર મનોરંજન પૂરતું સીમિત નથી. તે સમાજના વિવિધ મુદ્દાઓને પ્રકાશમાં લાવી શકે છે, લોકોની સંવેદનાઓને સ્પર્શી શકે છે અને નવી દ્રષ્ટિ અર્પી શકે છે. લોકનાટ્ય, પ્રયોગાત્મક નાટકો અને શહેરી થિયેટરના માધ્યમથી કલાપ્રેમીઓ પોતાની ભાવનાઓ વ્યક્ત કરે છે.

વિશ્વ રંગભૂમિ દિવસની ઉજવણી દર વર્ષે વિવિધ સ્વરૂપે થાય છે.

વિશ્વભરમાં આ દિવસને અલગ-અલગ રીતે મનાવવામાં આવે છે. આ તકે જાણીતા કલાકારો દ્વારા સંદેશાઓ આપવામાં આવે છે, નાટકોનું આયોજન થાય છે, વિવિધ વર્કશોપ અને પરિષદો યોજાય છે. આ તકે ઘણા નવીન પ્રયોગો પણ જોવા મળે છે.

સુરત શહેરમાં સુરત પર્ફોર્મિંગ આર્ટિસ્ટ એસોસિએશન જૅટ્ઠક્ક એ એક અદભુત વિક્રમ સર્જક પ્રયોગ કર્યો હતો. પ્રથમ વર્ષે સતત ૨૪ કલાક દ્વિતીય વર્ષે ૪૮ કલાક અને તૃતીય વર્ષે ૭૨ કલાક સતત નાટ્ય પ્રયોગો કરીને વિશ્વ વિક્રમ સ્થાપ્યો છે. અને પ્રતિ વર્ષ સુરતી કલાકારો રંગભૂમિ ઉપર પોતાની નાટ્યકૃતિ રજૂ કરીને રંગમંચનું ઋણ અદા કરે છે.

**રંગમંચ પર સપના જોવાય,**
**એક પાત્ર છે કે જે રડે, હસે, રણઝણ થાય.**
**એક વાર્તાનું જીવવું અહીં,**
**ક્યારેક અનોખી જગા થાય.**
**સાચું-ખોટું બધું જ છે અહીં,**
**ક્યારેક અંધકાર, ક્યારેક પ્રકાશ થાય.**
**જીવનનું નાટક, રંગમંચ પરે રમતું,**
**પ્રેમ, વેર, સંઘર્ષ બધું અહીં ભળાય.**
**અભિનયની દુનિયા છે નવી,**
**દરેક પાત્રથી જીવન સમજાય.**

વિશ્વ રંગભૂમિ દિવસ માત્ર એક ઉજવણી નહી, પણ નાટ્યપ્રેમીઓ માટે એક મહાન અવસર છે. થિયેટર માત્ર મનોરંજન નથી, તે સમાજના તત્વોને ઉજાગર કરવાનો એક સશક્ત માધ્યમ છે.

આજે, જ્યારે ડિજિટલ મીડિયાનો પ્રભાવ વધ્યો છે, ત્યારે રંગમંચનો જાદુ અને તેની જીવંતતા હજુ પણ અનોખી છે. આ ઉજવણી દરેક માટે નાટ્યકલાની મહત્તા સમજાવવાનો એક મોકો છે.

# કચ્છી ચોવક : વાતે ને વાતે સૂરા ન થવાય!

વાતે ને વાતે સૂરા થતા લોકો માટે એક ચોવક છે: "સિંધૂડો વજે તડેં સૂરો ઘરમેં ન રે" અર્થ એ છે કે, સમય આવે ત્યારે જ શક્તિનું પ્રદર્શન કરવું. 'સિંધૂડો' શબ્દ અહી આવે છે, જેનો અર્થ થાય છે: યુદ્ધ શરૂ થાય તેથી પહેલાં વાગતો શંખ! 'વજે' એટલે વાગે. 'તડેં' એટલે ત્યારે, 'સૂરો'નો અર્થ થાય છે શૂરવીર અને 'ઘરમેં' એટલે ઘરમાં. 'ન રે' અહી એકાક્ષરી બે શબ્દો છે: ન રહે.

જયારે તકલીફમાં બીજી તકલીફ ઉમેરાય કે વધારો થાય ત્યારે વપરાતી ચોવક છે: "સોડો ઘર ને વિચ મેં વડ" શબ્દાર્થ થાય છે: એક તો, ઘર સાકડું અને તેમાં વળી વચ્ચે વડનું વૃક્ષ હોય! કે ઊગી નીકળે! 'સોડો' એટલે સાંકડું, 'વિચ મેં' એટલે વચમાં. પરંતુ ચોવક કહેવા એમ માગે છે કે, એક તો જીવતરમાં તકલીફનો પાર ન હોય તેવામાં નવી મુશ્કેલી ઊભી થાય.



ઘણાને બધાંજ કામ એક સાથે પૂરાં કરવાની આદત હોય છે. ચોવક એમ કહે છે કે: બધાં કામ એકસાથે ન કરાય. ચોવક છે: "હિકડી ભિત રગાજે, મિડે ભિતૂં ન રાગાજે" 'હિકડી' શબ્દનો અર્થ છે એક, ભીંત એટલે દીવાલ. 'રાગાજે'નો અર્થ થાય છે: લિંપાય અને 'મિડે' એટલે બધી. શબ્દાર્થ છે: લિંપવાનું કામ એક દીવાલથી જ શરૂ કરાય, બધી ભીતો એક સાથે ન લિંપાય! મતલબ કે, બધાં કામ એક સાથે ન કરાય.

ગુજરાતીમાં કહેવત છે: સોનાની જાળ પાણીમાં ન નંખાય એ જ અર્થ સાથે કચ્છીમાં ચોવક પ્રચલિત છે: "સોનજી જાર પાણીમેં ન વિજાવાજે" 'સોનજી' એટલે સોનાની. જાર એટલે જાળ. 'ન વિજાવાજે'નો અર્થ થાય છે ન નખાય. ભાવાર્થ થાય છે: જેવી કિંમતી વસ્તુ હોય તે પ્રમાણે તેનો ઉપયોગ થાય. એમ પણ કહી શકાય કે, વણ માગી સલાહ કોઈને ન આપવી!

એક બહુ અર્થસભર ચોવક છે: "સુખ સમજી સાવરેં વિઈસ, નેં બુંભ જલે ઉભી રિઈસ"! જ્યાં, જેવી અને જેટલી કિંમત થવી જોઈએ તેવી ન થાય ત્યારે આ ચોવક પ્રયોજાતી સાંભળી છે. બીજો અર્થ એવો પણ કરી શકાય કે, મોભા પ્રમાણે જેવું માન કે સન્માન મળવાં જોઈએ તેવાં ન મળવાં. અહી એક નવયૌવનાનાં લગ્ન -સુખનાં સ્વપ્નો તરી આવતાં જોવા મળે છે. કોડભરી કધયા સાસરે ગઈ અને ત્યાંનું દુઃખ જોઈ તેનાં સપનાં થંભી ગયાં! 'સુખ સમજી' એટલ સુખનાં સ્વપ્નો સાથે, 'સાવરેં' એટલે સાસરે. 'વિઈસ'નો અર્થ થાય છે (હું) ગઈ. 'નેં' અહી અને શબ્દનું સ્થાન ધરાવે છે. 'બુંભ'નો અર્થ થાય છે: ઉંબરો. 'જલે' એટલે પકડીને. શબ્દાર્થ છે: સુખનાં સપનાં સેવતી સાસરે ગઈ અને ઉંબરો પકડી ઊભી રહી ગઈ!

ઘણી સ્ત્રીઓને તૈયાર થતાં, શણગાર સજતાં જ એટલો સમય લાગી જાય છે કે, જે (પ્રસંગ માટે કે કારણ માટે)ના માટે શણગાર સજે છે, તે સમય વિતી જાય છે! ચોવક છે 'શિણગાર સજે, તેંસી ભજાર ઉથી વિંઝે" શબ્દાર્થ છે: શણગાર સજે ત્યાં સુધીમાં બજાર ઊઠી જાય! જ્યારે ભાવાર્થ છે: ગફલતમાં જ તકને ગુમાવી દેવી. 'શિણગાર' શબ્દનો અર્થ સ્પષ્ટ છે: શણગાર. 'સજે' એટલે સજવું. 'તેંસી' એટલે ત્યાં સુધી(માં), 'ભજાર'નો અર્થ બજાર અને 'ઉથી વિંઝે' એટલે (બજાર) બંધ થઈ જવી!

આપણે ઘણીવાર કોઈક માટે કહેતા હોઈએ છીએ કે, સાત પેઢી ખાય ત્યાં સુધી ચાલશે, એટલા માલેતુજાર છે, પરંતુ ચોવક કહે છે: "વિઠે વિઠે ખાધે જાગીરું પ ખુટી પે" ભલે વારસો મલબખ મળ્યો હોય પણ તેને જાળવી રાખવા કે તેમાં વધારો કરવા 'હાથ-પગ' હલાવતા રહેવું જોઈએ. જો બેઠા બેઠા ખાધે રાખીએ (વાપરતા રહીએ) તો ખજાનો ખૂટી પડે! 'વિઠે વિઠે' એટલે બેઠાં બેઠાં (કંઈ કામ ન કરતાં) 'ખાધે' એટલે ખાવા માંડીએ, 'જાગીરું' (જાગીરો) એટલે વારસામાં મળેલું, 'પ' એટલે પણ અને 'ખુટી પે'નો અર્થ થાય છે: ખૂટ પડે!

# બિહારના મુઝફ્ફરપુરમાં બની અજીબોગરીબ ઘટના, પુરૂષના પેટમાં એક મહિનાનું બાળક! રિપોર્ટ જોતા ડોક્ટરો

મુઝફ્ફરપુર: ભારતમાં અનેક અજીબોગરીબ ઘટનાઓ બની રહી છે. બિહારના મુઝફ્ફરપુરમાં પણ આવી જ એક અજીબોગરીબ ઘટના બની છે. મુઝફ્ફરુપુરમાં એક વ્યક્તિ હોસ્પિટલ જાય છે, ત્યાં ડોક્ટર દ્વારા સીટી સ્કેન કરવામાં આવે છે અને દર્દીને રિપોર્ટ આપવામાં આવે છે, પરંતુ દર્દી(પુરૂષ) જ્યારે ઘરે જઈને ધ્યાનથી રિપોર્ટ જુએ છે ત્યારે તેના હોશ ઊડી જાય છે. કારણ કે, રિપોર્ટમાં તેના પેટમાં એક મહિનાનું બાળક હોવાનું લખેલું હતું, સાથે સાથે રિપોર્ટમાં મહિલાના અંગ યુટ્રસ અને ઓવરીની વાત પણ લખી હતી.

પુરૂષ આ રિપોર્ટ જોઈને ખરેખર ચોંકી જાય છે ફરી હોસ્પિટલ જાય છે. ફરી તપાસ કરતા મુઝફ્ફરપુરની જીદ્ધસ્ઝૐ હોસ્પિટલની વિચિત્ર બેદરકારી સામે આવી છે. પુરૂષનું ફરી જ્યારે સીટી સ્કેન કરવામાં આવ્યું ત્યારે રિપોર્ટ નોર્મલ આવ્યો હતો. પુરૂષ તો નોર્મલ હતો પરંતુ અહીં ડૉક્ટરોની બેદરકારી સામે આવી. કારણ કે, હોસ્પિટલ દ્વારા કોઈ મહિલાના રિપોર્ટમાં આ પુરૂષનું નામ લખી દીધું હોવાથી સમગ્ર ગેરસમજ થઈ હતી. પરંતુ હોસ્પિટલની આ ભૂલ કોઈને જીવ પણ લઈ શકે છે! આ સમગ્ર ઘટના સોશિયલ મીડિયા સામે આવતાની સાથે જ લોકોએ SKMCH પ્રશાસન પર સવાલો ઉઠાવવાનું શરૂ કર્યું છે. ઘણા લોકોએ તો હોસ્પિટલની કામગીરી સામે નારાજગી વ્યક્ત કરી હતી અને આરોગ્ય વિભાગ આ મામલે યોગ્ય તપાસ કરે તેવી માંગણી પણ કરી હતી. કેટલાક લોકોનું કહેવું છે કે, આ પહેલા પણ હોસ્પિટલ દ્વારા આવી બેદરકારી કરવામાં આવેલી છે. થોડા સમય પહેલા અહીંના ડૉક્ટરે એક દર્દીએ પગ પર પ્લાસ્ટરને બદલે કાર્ડબોર્ડનું બોક્સ બાંધ્યું હોવાનો કિસ્સો વાયરલ થયો હતો.

## તંત્રી લેખ...

**ગુરૂવાર, તા.૨૭ માર્ચ ૨૦૨૫**

# પીઓકે પર સ્પષ્ટ વાત

સંયુક્ત રાષ્ટ્રમાં ભારતે ફરી એક વખત કહ્યું છે કે પાકિસ્તાન પીઓકે પર ગેરકાયદે કબ્જો જમાવ્યો છે, જે તેણે ખાલી કરવું પડશે. યુએનમાં પહેલી વાર નથી જ્યારે પાકિસ્તાને કાશ્મીર રાગ આલાપ્યો હોય. યુએનની રુટિન ચર્ચામાં પણ પાકિસ્તાન કાશ્મીર પર જ પોતાનું મોં ખોલે છે. ભારતે દર વખતે તેને રોકડો જવાબ આપ્યો છે. યુએનએસસીમાં આ વખતે પણ પીસ કીપિંગ ચર્ચા દરમ્યાન જ્યારે પાકિસ્તાને કાશ્મીર પર બકવાસ કર્યો તો ભારતે સ્પષ્ટ કહ્યું કે પાકિસ્તાને પીઓકે ખાલી કરવું પડશે. યુએનમાં પાકિસ્તાનના આ રીતે વારંવાર ઉલ્લેખ ના તો તેના ગેરકાયદે દાવાને માન્ય કરે છે અને ના તેના રાજ્ય પ્રાયોજિત સીમા પારથી આતંકવાદને યોગ્ય ઠેરવે છે. પાકિસ્તાને પોતાના સંકીર્ણ અને ભાગલાવાદી એજન્ડાને આગળ વધારવા માટે યુએન મંચનું ધ્યાન ભટકાવવાની કોશિશ ન કરવી જોઈએ. કાશ્મીરને લઈને પાકિસ્તાને હંમેશાં જૂઠ્ઠાણાં જ ચલાવ્યાં છે. પાકિસ્તાનના બંધારણ અનુસાર પીઓકે વિદેશી જમીન છે, તે પાકિસ્તાનનો હિસ્સો નથી. પાકિસ્તાનના બંધારણનો એક આર્ટિકલ કહે છે કે પાકિસ્તાનમાં બલૂચિસ્તાન, ખૈબર પખ્તૂનખ્વા, પંજાબ અને સિંધ પ્રાંત છે. તેના બંધારણમાં પીઓકેનો કોઈ ઉલ્લેખ નથી.

પાકિસ્તાને બંધારણમાં પીઓકેનો ઉલ્લેખ આર્ટિકલ ૨૫૭માં કર્યો છે, જેમાં કહેવાયું છે કે પીઓકે પાકિસ્તાનનો હિસ્સો ત્યારે જ બનશે જ્યારે ત્યાંના લોકો આપણી સાથે જોડાવા માગશે. પાકિસ્તાન સરકારે ૨૦૨૩ની ૩૧ મેના રોજ ઈસ્લામાબાદ હાઈકોર્ટમાં કહ્યં હતું કે પીઓકે વિદેશી જમીન છે. એ સમયે કાશ્મીરી કવિ અને પત્રકાર અહમદ ફરહદ શાહના કિડનેપિંગ મામલે સુનાવણી ચાલી રહી હતી. એ દરમ્યાન પાકિસ્તાનના એટર્ની જનરલે કહ્યું કે પાકિસ્તાન અધિકૃત કાશ્મીર વિદેશી જમીન છે. એવામાં પાકિસ્તાનને પીઓકેથી પોતાના ગેરકાયદે કબ્જાને તાત્કાલિક હટાવી દેવો જોઈએ અને યુએનમાં કાશ્મીરને લઈને વારંવાર જૂઠ્ઠું ન બોલવું જોઈએ. હવે સમય આવી ગોય છે કે માત્ર વાતો અને નિવેદનોથી ભારત પીઓકે હાંસલ નહીં કરી શકે, તેના માટે આંતરરાષ્ટ્રીય કૂટનીતિક અને લશ્કરી દબાણ વધારવું પડશે, યુએન જેવા ગ્લોબલ મંચોનો ઉપયોગ પણ પીઓકે માટે કરવો પડશે. તાકાતવર દેશો સાથે મજબૂત સંબંધ બાદ હવે ભારતે પીઓકેની દિશામાં લશ્કરી પગલા પર વિચાર કરવો જોઈએ. પાકિસ્તાનનું માનવું છે કે પીઓકેના લોકો જ્યારે જોડાવા માગશે, ત્યારે તે તેનો હિસ્સો બનશે. ભારતે પાકિસ્તાનની આ બંધારણીય સ્થિતિનો ફાયદો ઉઠાવવો જોઈએ, કારણ કે પહેલાં કેટલીય વાર પીઓકેના લોકો પાકિસ્તાનનો વિરોધ કરી ચૂક્યા છે. પીઓકેમાં પાકિસ્તાન વિરોધી આંદોલન ભારત માટે એક અવસર સમાન છે. ૧૯૪૭માં જમ્મુ-કાશ્મીરના તત્કાલીન મહારાજા હરિ સિંહે ભારતમાં વિલય માટે હસ્તાક્ષર પણ કર્યા હતા. આ કાયદાકીય સ્થિતિ પણ ભારતના પક્ષમાં છે. કેટલીય સ્થિતિઓ છે, જેનાથી ભારત પીઓકે હાંસલ કરી શકે છે. છેલ્લા ચાર વખતના યુદ્ધ દરમ્યાન ભારતે પીઓકે અને ગિલગિટ બાલ્ટિસ્તાનને હાંસલ કરવામાં અવસર ગુમાવ્યા છે. શાંતિના માહોલમાં મંત્રણાથી પણ ભારત પીઓકે હાંસલ કરી શકે છે, જોકે આ મુશ્કેલ કામ છે.

**પાકિસ્તાને બંધારણમાં પીઓકેનો ઉલ્લેખ આર્ટિકલ ૨૫૭માં કર્યો છે, જેમાં કહેવાયું છે કે પીઓકે પાકિસ્તાનનો હિસ્સો ત્યારે જ બનશે જ્યારે ત્યાંના લોકો આપણી સાથે જોડાવા માગશે.**

# અલ્ટ્રા-પ્રોસેસ્ડ ખાદ્ય પદાર્થોના ખતરા

ઝડપથી વધતા શહેરીકરણ, આર્થિક વિકાસ અને સુવિધાની ઈચ્છાઓએ અલ્ટ્રા-પ્રોસેસ્ડ ફૂડ્સ એટલે કે અતિ સંસાધિત ડબ્બાબંધ ભોજનની માંગ વધારી દીધી છે. આ ખાદ્ય પદાર્થ કૃત્રિમ રંગ, સ્વાદ, ખાંડ, મીઠું અને ચરબીથી ભરપૂર હોય છે. તેમના વધતા ઉપભોગે સ્થૂળતા અને ડાયાબિટીસ જેવી બીમારીઓના દરોમાં ખતરનાક વૃદ્ધિને જન્મ આપ્યો છે. યુરોમોનિટર ઈન્ટરનેશનલ અનુસાર ૨૦૧૧થી ૨૦૨૧ વચ્ચે ભારતમાં અલ્ટ્રા-પ્રોસેસ્ડ ફૂડનું વેચાણમાં વાર્ષિક ૧૩.૪ ટકાનો વધારો થયો. આ વધારો માત્ર શહેરી વિસ્તારો સુધી જ સીમિત નથી, બલ્કે ગ્રામીણ વિસ્તારોમાં પણ આ ઉત્પાદનોની ઓળખ વધી છે. એની પાછળ આક્રમક જાહેરાત રણનીતિ, કિફાયતી કિંમતો અને આસાન ઉપલબ્ધતા જેવાં કારકો છે, પરંતુ લોકોને આ સુવિધાની કિંમત પોતાના સ્વાસ્થ્યથી ચૂકવવી પડી રહી છે.

રાષ્ટ્રીય પરિવાર સ્વાસ્થ્ય સર્વેક્ષણ-૫ (૨૦૧૯-૨૧)ના આંકડા ભારતમાં સ્થૂળતા અને મધુપ્રમેહની વધતી સમસ્યાને સ્પષ્ટ કરે છે. તે અનુસાર, વયસ્ક મહિલાઓમાં સ્થૂળતાનો દર ૨૦.૬ ટકા (રાષ્ટ્રીય પરિવાર સ્વાસ્થ્ય સર્વેક્ષણ-૪, ૨૦૧૫-૧૬)થી વધીને ૨૪ ટકા થઈ ગઈ છે, જ્યારે પુરુષોમાં તે ૧૮.૯ ટકાથી વધીને ૨૨.૯ ટકા થઈ ગઈ છે. બાળકોમાં પણ આ સમસ્યા વધી રહી છે, જ્યાં પાંચ વર્ષથી ઓછી ઉંમરના બાળકોમાં સ્થૂળતાનો દર ૨.૧ ટકાથી વધીને ૩.૪ ટકા થઈ ગઈ છે. મધુપ્રમેહના મામલે પણ સ્થિતિ ચિંતાજનક છે. આંતરરાષ્ટ્રીય ડાયાબિટીસ સંઘના ૨૦૨૧ના 'ડાયાબિટીઝ એટલસ' અનુસાર, ભારતમાં ૧૦.૧ કરોડ લોકો મધુપ્રમેહથી પીડિત છે અને એ સંખ્યા ૨૦૪૫ સુધી ૧૫.૫ કરોડ સુધી પહોંચવાનું અનુમાન છે. અતિ-સંસાધિત ભોજનની જાહેરાતો મોટાભાગે ભાવનાત્મક અપીલ અને સેલિબ્રિટી સમર્થનનો ઉપયોગ કરે છે, જેનાથી ગ્રાહકો આ ઉત્પાદનોને યોગ્ય માની લે છે. ભારતમાં અલ્ટ્રા-પ્રોસેસ્ડ ભોજનને નિયંત્રિત કરવા માટે હજુ સુધી પ્રભાવી નીતિઓ લાગુ નથી થઈ. કેટલાય દેશો, જેમ કે મેક્સિકો અને ચિલીએ અતિ-સંસાધિત ભોજન પર કર લગાવ્યો અને ચેતવણી લેબલ લાગુ કર્યા છે, પરંતુ ભારતમાં એવાં પગલાં પ્રારંભિક ચરણમાં છે. ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયાએ ૨૦૨૧માં 'ટ્રાફિક લાઈટ' લેબલિંગ સિસ્ટમનો પ્રસ્તાવ આપ્યો હતો, પરંતુ તેને હજુ સુધી લાગુ નથી કરવામાં આવ્યો. તેને બદલે ભારતીય પોષણ રેટિંગ સિસ્ટમને અપનાવવામાં આવ્યું, જે સ્ટાર રેટિંગ આપે છે. જોકે આ સિસ્ટમ કેટલીય

વખત ભ્રામક હોઈ શકે છે. દાખલા તરીકે, ભારે ખાંડ ધરાવતા ઠંડાં પીણાંને બે સ્ટાર કે વધારે મીઠું ધરાવતા કોર્નફ્લેક્સને ત્રણ સ્ટાર મળી શકે છે, જેનાથી ગ્રાહકો ભ્રમમાં પડી જાય છે. તેથી આ સમસ્યાના નિકાલ માટે તાત્કાલિક અને વ્યાપક પગલાં ભરવાની જરૂર છે.

**રાષ્ટ્રીય પરિવાર સ્વાસ્થ્ય સર્વેક્ષણ-૫ (૨૦૧૯-૨૧)ના આંકડા ભારતમાં સ્થૂળતા અને મધુપ્રમેહની વધતી સમસ્યાને સ્પષ્ટ કરે છે.**

### સ્વસ્થ- ફિટ રહેવા માટે હમેંશા ભુખ કરતા ઓછા પ્રમાણમાં જમો

# હમેંશા ચુસ્ત અને ફિટ રહેવા શુ કરવુ

કોરોના વાયરસના કારણે હાલમાં લોકોમાં ભારે ફફડાટ છે ત્યારે લોકો ફિટનેસને જાળવવા માટે દરેક પ્રવૃતિ કરી રહ્યા છે. રોગ પ્રતિકારક ક્ષમતાને લોકો વધારી રહ્યા છે. વધતા જતા કોરોનાના ખતરા વચ્ચે ફિટનેસને જાળવી રાખવા માટે મોટા ભાગના લોકો ધ્યાન આપી શકતા નથી. શિસ્ત નહીં પાળનાર લોકો કેટલીક વખત ભુખ કરતા વધારે ભોજન કરી લે છે. આરામ કરવાના ઈચ્છુક લોકો આવી ટેવ ધરાવે છે. જો કે હાલમાં સ્વસ્થ અને ફિટ રહેવા માટે લોકો બનતા તમામ પ્રયાસો કરે તે જરૂરી છે. કેટલાક લોકો તો ફિટનેસને હાંસલ કરવા માટે જંગી રકમ ખર્ચ કરી નાંખે છે. છતાં કેટલાક લોકો આરોગ્ય મેળવી લેવામાં સફળ રહેતા નથી. હાલમાં કરવામાં આવેલા નવા અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે સારી હેલ્થ રાખવા માટે હમેંશા જેટલી ભુખ હોય તેના કરતા ઓછા પ્રમાણમાં ભોજન કરવુ જોઈએ. આંતરડા અમારા પાચન તંત્રના મુખ્ય અંગ તરીકે છે. મોટા આંતરડા અને નાના આંતરડા અમારી પાચન ક્રિયામાં ચાવીરૂપ ભૂમિકા અદા કરી હતી. નિષ્ણાંત તબીબો કહે છે કે અમે જે ભોજન કરીએ છીએ તેમાંથી આંતરડા સારી અને સ્વસ્થ તેમજ પૌષ્ટિક ચીજો કાઢે છે. જ્યારે ઝેરી ચીજોને શરીરની બહાર કાઢી નાંખે છે. આંતરડા પણ યોગ્ય રીતે કામ કરી શકે તે માટે પણ કેટલાક પગલા લેવાની જરૂર હોય છે. આંતરડાને સ્વસ્થ રાખવા માટે પણ કેટલાક પગલા લેવા જોઈએ. નિષ્ણાંત લોકો કહે છે કે પોતાની ભુખ કરતા હમેંશા ઓછા પ્રમાણમાં ભોજન કરવાથી લાભ થાય છે. જ્યારે ભુખ કરતા વધારે પ્રમાણમાં જમવાના કારણે આરોગ્યની સમસ્યા ઉભી થઇ શકે છે. વધારે જમવાથી માત્ર વજન વધતુ નથી. સાથે સાથે અમારા આંતરડાની સક્રિયતા ઓછી હોય છે. કારણ કે વધારે પ્રમાણમાં ભોજન કરવાથી આંતરડાને પાચનમાં ભારે તકલીફ પડે છે. પોતાના ભોજનમાં ઉચ્ચ ફાયબરમુક્ત ભોજનને સામેલ કરવાથી આના કારણે ફાયદો થાય છે. ફાયબરયુક્ત ભોજન કરવાથી ફાયદો થાય છે. તે સારી



રીતે પચી જાય છે. તે આંતરડાને વધારે સક્રિય પણ રાખે છે. વાસી ભોજન કરવાથી દુર રહેવાની પણ હમેંશા જરૂર હોય છે. વાસી ચીજો ખાવાથી કેટલીક તકલફ ઉભી થઇ જાય છે. ખોરાકી ઝેરની અસર થઇ શકે છે. તે પાચન સંબંધિત તકલીફને જન્મ આપે છે. ફાઈબરયુક્ત સંતુલિત ચીજો ભોજનમાં ઉપયોગમાં લેવામાં આવે તે જરૂરી છે. શાકભાજી, ફળફળાદી , અનાજ અને નટ્સમાં ફાઈબર ચીજો વધારે પ્રમાણમાં ઉપયોગમાં લેવાથી ફાયદો થાય છે. ફાઈબર આપના આંતરડાને સ્વસ્થ કરવામાં ચાવીરૂપ ભૂમિકા અદા કરે છે. પાણી પિવાના કેટલાક ફાયદા છે. આના કારણે અમે અમારા શરીરમાં રહેલા ઝેરી પદાર્થોને બહાર કરી દઈએ છીએ. આંતરડાને પણ સ્વસ્થ રાખીએ છીએ. જો તમે વધારે પ્રમાણમાં ફાયબર ભોજનમાં લઈ રહ્યા છો અને સાથે સાથે પુરતા પ્રમાણમાં પાણી પિતા નથી તો આપના આંતરડાને નુકસાન થઇ શકે છે. જેથી પુરતા પ્રમાણમાં પાણી પિવામાં આવે તે જરૂરી છે. જો તમે માંસાહારી છો અથવા તો નોન વેજેટેરિયન છો તો લીન મીટનો ઉપયોગ કરવામાં આવે તે જરૂરી છે. આના કારણે આંતરડાની ગતિવિધી સ્વસ્થ રહે છે. લીન મીટના કારણે ભોજન સરળતાથી પચી જાય છે. સાથે સાથે આંતરડા સારી રીતે કામ કરે છે. તેમાં પોષ્ટિક તત્વો હોય છે. જે ઈમ્યુનિટી પાવરને મજબુત કરવામાં ચાવીરૂપ ભૂમિકા અદા કરે છે. લીન મીટ જેમ કે ફિશનો ઉપયોગ કરવાથી વધારે ફાયદો થાય છે. તેમાં પુરતા પ્રમાણમાં પ્રોટીન હોય છે. જે પાચન ક્રિયાને મજબુત બનાવે છે. સાથે સાથે પ્રોટીનની કમીને દુર કરે છે. રેડ મીટનો ઉપયોગ ન કરવાની સલાહ નિષ્ણાંતો આપે છે. રેડ મિટમાં વાસી પદાર્થોનુ પ્રમાણ વધારે હોય છે. જેના કારણે શરીરમાં વજન વધી શકે છે. આ ઉપરાંત તેમાં રહેલ કોલેસ્ટ્રોલ આંતરડા પર માઠી અસર કરે છે. આયુર્વેદ નિષ્ણાંત કહે છે કે આંતરડાને સ્વસ્થ રાખવા માટે આરામ કરવાની જરૂર હોય છે. પુરતા પ્રમાણમાં ભોજન કરવાની ટેવ હમેંશા ઉપયોગી રહે છે.

### ભારતમાં રાજકારણીઓની મથરાવટી મેલી છે તેથી આ ટીકા, સ્વાભાવિક છે

# ભ્રષ્ટાચાર સામે મેદાને પડો, પગારા વધારા સામે નહીં

### સાંસદોને બીજા લાભ પણ મળે છે પણ એ સરકારી કર્મચારીઓ કે કોર્પોરેટ કર્મચારીઓ જેવા જ છે

કેન્દ્રની નરેન્દ્ર મોદી સરકારે સોમવારે સાંસદોના પગારમાં ૨૪ ટકા વધારો કરવા અંગેનું જાહેરનામું બહાર પાડ્યું તેના પગલે ટીકાઓનો મારો શરૂ થયો છે. કેન્દ્ર સરકારના જાહેરનામા પ્રમાણે, સંસદ સભ્યોને હવે દર મહિને ૧.૨૪ લાખ રૂપિયાનો પગાર મળશે. પહેલાં તેમને દર મહિને ૧ લાખ રૂપિયા મળતા હતા. મોદી સરકારે ૨૦૧૮માં દર પાંચ વર્ષે સાંસદોના પગાર અને ભથ્થાંની સમીક્ષા કરવાનો નિયમ બનાવ્યો હતો.

મોદી સરકારે સંસદ સભ્યોના પગાર, ભથ્થાં અને પેન્શન અધિનિયમ, ૧૯૫૪ હેઠળ સાંસદોના પગારને ફુગાવાના દર સાથે જોડી દીધો હતો. તેના આધારે દર પાંચ વર્ષે ફુગાવાના દરને આધારે સમીક્ષા કરીને પગાર-ભથ્થાંમાં વધારો કરવાનો નિર્ણય લેવાયો હતો. કોસ્ટ ઈન્ફ્લેશન ઈન્ડેક્સ (ખર્ચ ફુગાવાનો સૂચકાંક)ના આધારે કરાતી સમીક્ષા ૨૦૨૩માં કરાવાની હતી પણ લોકસભાની ચૂંટણી માથે હોવાથી તેમાં વિપરીત અસર ના પડે એટલે એ વખતે નિર્ણય નહોતો લેવાયો. હવે નિર્ણય લઈને જાહેરનામું બહાર પડાયું છે તેથી વધેલો પગાર ૧ એપ્રિલ, ૨૦૨૩થી લાગુ થશે. મતલબ કે, આપણા માનનીય સાંસદોન બે વર્ષનું એરીયર્સ પણ મળશે.

મોદી સરકારના જાહેરનામા પ્રમાણે, પગારની સાથે દૈનિક ભથ્થાં અને પેન્શનમાં પણ વધારો કરવામાં આવ્યો છે. દૈનિક ભથ્થું ૨,૦૦૦ રૂપિયાથી વધારીને ૨,૫૦૦ રૂપિયા કરવામાં આવ્યું છે જ્યારે ભૂતપૂર્વ સાંસદોનું પેન્શન ૨૫,૦૦૦ રૂપિયા પ્રતિ માસથી વધારીને ૩૧,૦૦૦ રૂપિયા પ્રતિ માસ કરવામાં આવ્યું છે. પાંચ વર્ષથી વધુ સમય માટે સાંસદ રહેલા સભ્યોને આપવામાં આવતું વધારાનું પેન્શન પણ ૨,૦૦૦ રૂપિયા પ્રતિ માસથી વધારીને ૨,૫૦૦ રૂપિયા પ્રતિ માસ કરવામાં આવ્યું છે.

આ જાહેરનામાની ટીકા થઈ રહી છે કેમ કે સરકારનો વિરોધ કરવાનો આવે ત્યારે નાનામાં નાની વાતે પણ કૂદાકૂદ કરી મૂકતા વિપક્ષો ચૂપ છે. સરકાર અને વિપક્ષ એક થઈને દલા તરવાડીની જેમ સરકારની તિજોરીમાંથી પગાર અને ભથ્થાં લઈને પ્રજાના માથે બોજ વધારી રહ્યા છે એવી પણ ટીકા થઈ રહી છે. સામાન્ય લોકોની હાલત ખરાબ છે ત્યારે સાંસદો પોતાનો સ્વાર્થ સાધી રહ્યા છે એવી ટીકા પણ થઈ રહી છે. રાજકારણીઓ સરકારની તિજોરીમાંથી બારોબાર કરોડો રૂપિયા ચાઉં કરી જાય છે છતાં તેમના લોભને થોભ નથી ને નાની રકમ પણ છોડતા નથી એની કોમેન્ટ્સ પણ સોશિયલ મીડિયા પર થઈ રહી છે.

ભારતમાં રાજકારણીઓની મથરાવટી મેલી છે તેથી આ ટીકા, સ્વાભાવિક છે, પણ સાંસદોનો પગારવધારો કરાય તેમાં કશું ખોટું નથી ને તેના કારણે સરકારની તિજોરી પણ બહુ મોટો બોજ પણ નથી આવી જવાનો. પહેલી વાત એ કે, સાંસદો પણ માણસ છે અને તેમને પણ પોતે કામ કરે છે તેના બદલામાં વળતર મેળવવાનો અધિકાર છે. તેમને પણ મોંઘવારી નડે છે તેથી સમયાંતરે તેમના પગારમાં વધારો કરાય તેમાં કશું ખોટું નથી. સરકારી કર્મચારીઓના પગારમાં દર ત્રણ મહિને ફેરફાર થાય છે કેમ કે દર ત્રણ મહિને મોંઘવારી ભથ્થું બદલાય છે.

દર વરસે બેઝિક સેલેરી બદલાય છે તેથી એ પ્રમાણે, ભથ્થાં પણ બદલાય છે. વચ્ચે પ્રમોશન મળે તો પાછો પગાર વધી જાય છે, પ્રમોશન ના મળે તો પણ વરસમાં એક વાર તો પગાર વધારો મળે જ છે, મોટા ભાગની ખાનગી કંપનીઓમાં પણ વરસમાં એક વાર તો પગાર વધારો થાય જ છે. સરકારી કર્મચારીઓની સરખામણીમાં કેટલાંક સેક્ટરમાં પગાર વધારો બહુ વધારે હોય છે ને કેટલાંક સેક્ટરમાં ઓછો હોય છે એ અસમાનતા છે પણ એકંદરે પગાર વધારો મોટા ભાગના કર્મચારીઓને મળે છે. તેમની સરખામણીમાં સાંસદોને પાંચ વર્ષે એક વાર પગારો વધારો અપાય તો એ ખોટું નથી.

સાંસદોને બીજા લાભ પણ મળે છે પણ એ સરકારી કર્મચારીઓ કે કોર્પોરેટ કર્મચારીઓ જેવા જ છે. દરેક સાંસદ એક વર્ષમાં ૩૪ મફત હવાઈ મુસાફરી કરી શકે છે. સાંસદ ઈચ્છે તો પોતાના સાથીદાર કે સ્ટાફને ૮ ટ્રિપ ટ્રાન્સફર કરી શકે છે. સાંસદને ઈન્ડિયન રેલવેના તમામ વર્ગોમાં મફત મુસાફરીની સુવિધા સંસદ સત્ર ચાલુ હોય કે ના હોય પણ સતત મળે છે. સાંસદો સત્તાવાર કામ માટે રોડ દ્વારા મુસાફરી કરે અને પ્લેન કે ટ્રેન દ્વારા ના જાય એ સંજોગોમાં રોડ મુસાફરી માટે પ્રતિ કિમી ?૧૬ સુધીનું ભથ્થું આપવામાં આવે છે. સંસદ સત્ર દરમિયાન દિલ્હીમાં સાંસદોને સંસદ સુધી આવવા-જવાની સુવિધા પૂરી પાડવામાં આવે છે. સરકારી કર્મચારીઓ અને કોર્પોરેટ કર્મચારીઓ પણ બહાર જાય ત્યારે સરકાર કે કંપનીના ખર્ચે જાય જ છે, ટીએ-ડીએ પણ લે છે એ જોતાં સાંસદો વધારાનું કંઈ લેતા નથી.

દિલ્હીમાં સાંસદોને મફત સરકારી આવાસ, ઓફિસ માટે ૫૦,૦૦૦ યુનિટ મફત વીજળી અને ૪ લાખ લિટર મફત પાણીની સુવિધા મળે છે. લોકસભાના સાંસદોને ૧.૫૦ લાખ મફત કોલ અને રાજ્યસભાના સાંસદોને ૫૦,૦૦૦ મફત કોલ મળે છે. સાંસદોને તમામ મેડિકલ સારવાર મફત મળે છે. દેશમાં કોઈ રોગની સારવાર શક્ય ન હોય તો સરકાર ખાસ પરવાનગી હેઠળ વિદેશમાં સારવારનો ખર્ચ ઉઠાવી શકે છે. ભૂતપૂર્વ સાંસદો અને તેમના જીવનસાથીઓને પણ મફત સારવારની સુવિધા મળે છે. આ પ્રકારની સુવિધાઓ સારી કંપનીઓ આપે જ છે ને સરકારી કર્મચારીઓને પણ મળે છે તેથી સાંસદો વધારાનું કંઈ લઈ જતા નથી.

સાંસદોના પગાર વધારાના કારણે બહુ મોટો બોજ પણ નથી પડવાનો. લોકસભામાં હાલમાં ૫૪૩ સાંસદ છે જ્યારે રાજ્યસભામાં ૨૪૫ સાંસદો છે. લોકસભાના તમામ સાંસદોનો મહિને ૨૪ હજારનો પગાર વધારો ગણો તો ૧.૩૧ રૂપિયા જેવો વધારાનો ખર્ચ દર મહિને પડશે ને દર વર્ષે ૧૫.૬૪ કરોડ રૂપિયા સરકારી તિજારીમાંથી વધારાના જશે. રાજ્યસભાના ૨૪૫ સાંસદનો મહિને ૨૪ હજાર પગાર વધારો ગણો તો મહિને ૫૯ લાખનો બોજો આવે.

રાજ્યસભાના સાંસદોના પગારનો વાર્ષિક બોજો ૭.૬૬ કરોડ રૂપિયા થાય. મતલબ કે, લોકસભા અને રાજ્યસભાના સાંસદો મળીને ૭૮૮ સાંસદોના પગાર વધારાના કારણે વરસે ૨૪ કરોડ રૂપિયા જેવો વધારાનો ખર્ચ થશે. ભારત જેવી મોટી ઈકોનોમી માટે આ ખર્ચ મોટો નથી. આ તમામને એપ્રિલ ૨૦૨૩થી પગાર વધારો આપી દેવાશે, એટલે બે વર્ષના ૪૫.૩૯ કરોડ એરિયર્સ ચૂકવાશે ને આ રકમ પણ મોટી નથી.

લોકોને જે અસંતોષ છે તેનું કારણ રાજકારણીઓ દ્વારા કરાતો ભ્રષ્ટાચાર છે. નેતાઓ બંને બાજુથી સરકારી તિજોરીને લૂંટે છે તેનો આ ખાર છે, પણ તેના માટે પ્રજા જવાબદાર છે. ભ્રષ્ટાચાર સામે પ્રજા ચૂપ બેસી રહે છે તેથી નેતાઓને મોકળું મેદાન મળે છે. લોકોએ પગાર વધારાનો નહીં પણ ભ્રષ્ટાચારનો વિરોધ કરવાનો હોય પણ ભ્રષ્ટાચાર સામે ચુપકીદી સધાય છે ને પગાર વધારા સામે ગણગણાટ થાય છે. આ અસંતોષનો ઉપાય નથી કેમ કે પ્રજામાં નેતાઓના ભ્રષ્ટાચારને રોકવાની હિંમત આવવાની નથી.

### ન્યાયમાં વિલંબ, નિયુક્તિ પ્રક્રિયાની ગોપનીયતા અને ભ્રષ્ટાચાર જેવી સમસ્યાઓને દૂર કરવા માટે ઠોસ સુધાર જરૂરી છે

# ન્યાયતંત્રમાં પારદર્શિતાનો સવાલ

**ન્યાયિક જવાબદારીને સખ્તાઇથી લાગુ કરવામાં આવે અને ન્યાયિક કાર્યવાહીને વધુ પારદર્શી બનાવવામાં આવે તો ન્યાયપાલિકામાં જનતાનો વિશ્વાસ ઓર મજબૂત થશે. ન્યાયપાલિકામાં પારદર્શિતા માત્ર એક નૈતિક કે કાનૂની મુદ્દો નથી**

દિલ્હી હાઈકોર્ટના ન્યાયાધીશ જસ્ટિસ યશવંત વર્માના ઘરે રોકડ મળવાનો કિસ્સો હાલમાં ચર્ચામાં છે, અને તેનાથી ન્યાયપાલિકાની સાખને પણ ભારે આઘાત લાગ્યો છે. કદાચ એટલે જ પહેલી વાર દેશના મુખ્ય ન્યાયાધીશે આ મામલા સંબંધિત પ્રારંભિક રિપોર્ટ અને બળેલી નોટોના વીડિયો જાહેર કર્યા. ભારતીય ન્યાયપાલિકા લોકતંત્રનો એક મહત્ત્વપૂર્ણ સ્તંભ છે, જે બંધારણ અને નાગરિક અધિકારોની રક્ષા કરે છે. પરંતુ હાલનાં વર્ષોમાં ન્યાયપાલિકામાં પારદર્શિતા, જવાદારી અન ભ્રષ્ટાચાર સાથે જોડાયેલા મુદ્દાઓએ તેની વિશ્વસનીયતા પર સવાલ ઊભા કર્યા છે. ભારતમાં જ્યાં ન્યાયપાલિકાની સ્વતંત્રતાને સર્વોચ્ચ માનવામાં આવી છે, ત્યાં જ પારદર્શિતાનો અભાવ કેટલીય વાર શંકા અને ટીકાનો વિષય બનતી રહી છે.ન્યાયમાં વિલંબ, ન્યાયાધીશોની નિયુક્તિ પ્રક્રિયાની ગુપ્તતા અને ન્યાયિક અધિકારીઓ પર લાગેલા ભ્રષ્ટાચારના આરોપોને કારણે ન્યાયિક સુધારની માંગ છેલ્લા કેટલાય વર્ષોથી કરાઈ રહી છે, પરંતુ હાલમાં જસ્ટિસ વર્મા પ્રકરણ બાદ તેની જરૂરિયાત પહેલાં કરતાં વધારે અનુભવાઈ રહી છે. હાલમાં ભારતમાં ન્યાયાધીશોની નિયુક્તિ કોલેજિયમ પ્રણાલી દ્વારા થાયછે, જેમાં સુપ્રીમ કોર્ટ અને હાઈકોર્ટના વરિષ્ઠ ન્યાયાધીશ જ ન્યાયાધીશોની પસંદગી કરે છે. તેમાં સરકાર કે જનતાની કોઈ ભૂમિકા નથી હોતી, જેનાથી પારદર્શિતા અને જવાબદારી પર સવાલ ઉઠે છે. ૨૦૧૫માં સુપ્રીમ કોર્ટે રાષ્ટ્રીય ન્યાયિક નિયુક્તિ આયોગ (એનજેએસી)ને ગેરબંધારણીય ગણાવી દીધું, જેનાથી સુધારની સંભાવનાઓ પર ટાઢું પાણી રેડાઈ ગયું. ન્યાયપાલિકાની સ્વતંત્રતાને જાળવી રાખતાં નિયુક્તિ પ્રક્રિયાને વધુ પારદર્શી બનાવવાની ચર્ચા આજે પણ ચાલુ છે.દેશભરની અદાલતોમાં પાંચ કરોડથી વધારે કેસો પડતર છે. કેસોની પતાવટમાં દાયકાઓનો સમય લાગી જાય છે, જેનાથી નાગરિકોના અધિકારો પર પ્રતિકૂળ પ્રભાવ પડે છે. 'ન્યાયમાં વિલંબ એ ન્યાયથી વંચિત રાખવા સમાન છે' આ સિદ્ધાંત અહીં ચરિતાર્થ થાય છે. પરંતુ ન્યાયપાલિકાની પારદર્શિતા પર સૌથી મોટો પ્રશ્નચિહ્ન ત્યારે લાગે છે જ્યારે ભ્રષ્ટાચારના કિસ્સા સામે આવે છે. આવી ઘટનાઓ ન્યાયપાલિકાની અંદર જવાબદારી અને નિરીક્ષણની જરૂરિયાતને ઉજાગર કરે છે. ન્યાયપાલિકા જે પડકારો સામે ઝઝૂમી રહી છે, તેને ધ્યાનમાં રાખતાં જસ્ટિસ વેંકટચેલૈયાની ભલામણોને લાગુ કરવાનો આ યોગ્ય સમય છે, જેનાથી નિયુક્તિમાં પારદર્શિતા, ન્યાયિક જવાબદારી અને અનુશાસન નક્કી થઈ શકશે. તેના માટે રાષ્ટ્રીય ન્યાયિક આયોગ જેવી સંસ્થાની રચના કરવી જોઈએ, જેમાં ન્યાયપાલિકાની સાથે સાથે કાર્યપાલિકા અદ્ધે નાગરિક સમાજના પ્રતિનિધિઓની પણ ભાગીદારી હોય.ન્યાયાધીશોના આચરણ પર નજર રાખવા માટે 'ન્યાયિક પરિષદ'ની સ્થાપના કરવી જોઈએ. ન્યાયાધીશોએ પોતાની સંપત્તિઓની વિગતો જાહેર કરવી અનિવાર્ય બનાવવું જ જોઈએ, તેની સાથે જ એક સ્વતંત્ર 'ન્યાયિક લોકપાલ'ની નિયુક્તિ પણ થવી જોઈએ, જે ન્યાયપાલિકાની અંદર ભ્રષ્ટાચાર અને ગરબડોની તપાસ કરી શકે. ન્યાયિક નિયુક્તિઓ અને ન્યાયાધીશોના પ્રદર્શનની નિયમિત સમીક્ષા થવી જોઈએ. તે ઉપરાંત, ન્યાયાલયોમાં ટેકનિકલ સુધાર કરવા અને ઇ-કોર્ટની સ્થાપના કરવી જોઈએ, જેતી કેસોનો નિકાલ ઝડપથી થઈ શકે. ડિજિટલ રેકોર્ડ અને ઓનલાઇન કેસ ટ્રેકિંગ સિસ્ટમથી નાગરિકોએ પોતાના કેસોની સ્થિતિ જાણવામાં આસાની રહેશે. સુપ્રીમ કોર્ટ અને હાઈકોર્ટોની કાર્યવાહીનું લાઈવ પ્રસારણ કરવાથી જનતાને ન્યાય પ્રક્રિયાની પ્રદર્શિતા પર ભરોસો થશે. ભ્રષ્ટાચારમાં લિપ્ત ન્યાયાધીશો અને ન્યાયિક અધિકારીઓ પર કડક દંડાત્મક કાર્યવાહી કરવી જોઈએ. પહેલાં પણ સમયે સમયે ભ્રષ્ટાચારમાં લિપ્ત ન્યાયાધીશો વિરુદ્ધ કઠોર કાર્યવાહી કરવામાં આવી છે. સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ વી.રામાસ્વામી પર ૧૯૯૦ના દાયકાની શરૂઆતમાં સાર્વજનિક નાણાંના દુરુપયોગના આરોપ લાગ્યા. ૧૯૯૩માં સંસદમાં તેમના વિરુદ્ધ મહાભિયોગ પ્રસ્તાવ લાવવામાં આવ્યો, જે પસાર ન થઈ શક્યો. આ પહેલો કિસ્સો હતો જ્યારે સુપ્રીમ કોર્ટના કોઈ ન્યાયાધીશ પર મહાભિયોગ પ્રસ્તાવ લાવવામાં આવ્યો. એના પહેલાં કલકત્તા હાઈકોર્ટના ન્યાયાધીશ સૌમિત્ર સેન પર ૧૯૮૪માં ૩૩ લાખ રૂપિયાની ઉચાપતના આરોપ લાગ્યા હતા, જ્યારે તે એક કેસમાં કોર્ટ દ્વારા નિયુક્ત કરાયેલા રિસીવર હતા. રાજ્યસભામાં તેમના વિરુદ્ધ મહાભિયોગ પ્રસ્તાવ પસાર થઈ ગયો, પરંતુ લોકસભામાં ચર્ચાથી પહેલાં જ તેમણે રાજીનામું આપી દીધું. તે ઉપરાંત સિક્કિમ હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ પીડી દિનાકરન પર ભ્રષ્ટાચાર અને જમીન દબાણના ગંભીર આરોપો લાગ્યા. મહાભિયોગ પ્રક્રિયા શરૂ થતાં પહેલાં જ તેમણે પદ પરથી રાજીનામું આપી દીધું.દિલ્હી હાઈકોર્ટના ન્યાયાધીશ શમિત મુખર્જીએ ૩૧ માર્ચ, ૨૦૦૩ના રોજ પોતાના પદેથી રાજીનામું આપ્યું. તેઓ દિલ્હી વિકાસ પ્રાધિકરણ (ડીડીએ) જમીન કૌભાંડમાં સામેલ હોવાનું ખૂલ્યું. સીબીઆઈએ ૩૦ એપ્રિલ, ૨૦૦૩ના રોજ તેમની ધરપકડ કરી હતી. ૫ મે, ૨૦૦૩ના રોજ તેમને ચિકિત્સકીય આધાર પર વચગાળાના જામીન મળી ગયા. અલ્હાબાદ હાઈકોર્ટના ન્યાયાધીશ એસએન શુક્લા પર મેડિકલ કોલેજોને ગેરકાયદે લાભ પહોંચાડવાના આરોપ લાગ્યા. મુખ્ય ન્યાયાધીશ રંજન ગોગોઈએ સીબીઆઈને તેમના વિરુદ્ધ કેસ નોંધવાની અનુમિત આપી, ત્યારબાદ ડિસેમ્બર ૨૦૧૯માં તેમના ઘર પર છાપો મારવામાં આવ્યો. એ જ રીતે પટના હાઈકોર્ટના ન્યાયાધીશ રાકેશ કુમારે ન્યાયપાલિકામાં ભ્રષ્ટાચાર વિરુદ્ધ ટિપ્પણી કરી હતી, જેના પછી એક ૧૧ સદસ્યોની પીઠે તેમના તમામ કેસો પાછા ખેંચી લીધૌ અને તેમના આદેશોને નિલંબિત કી દીધા. દિલ્હીની તીસ હજારી કોર્ટનાં વરિષ્ઠ સિવિલ ન્યાયાધીશ રચના તિવારી લખનપાલની સીબીઆઈએ લાંચ લેવાના આરોપમાં ધરપકડ કરી. તપાસ એજન્સીએ તેમના આવાસેતી ૯૪ લાખ રૂપિયની રોકડ બરામદ કરવાનો દાવો કર્યો હતો.



# આ સવાલથી તમન્ના અકળાઈ 'ઓડેલા ૨'માં શિવશક્તિ તરીકે રૂપાળી છોકરી કેમ પસંદ થઈ?

તમન્ના ભાટિયા ડિરેક્ટર અશોક તેજા અને સંપથ નાંદીની એક સુપરનેચરલ ફિલ્મ 'ઓડેલા ૨'ની રિલીઝની તૈયારીઓ કરી રહી છે. આ ફિલ્મ ૧૭ એપ્રિલે રિલીઝ થવાની છે. તે સંદર્ભે શનિવારે એક પ્રેસ કોન્ફરન્સનું આયોજન થયું હતુ. તેમાં એક પત્રકારે ફિલ્મમાં શિવશક્તિના પાત્ર માટે એક રૂપાળી છોકરીને કાસ્ટ કરવા બદલ સવાલ ઉઠાવ્યા હતા. જેના જવાબમાં તમન્નાએ પત્રકારને રોકડું પરખાવ્યું હતું.

એક પત્રકારે ફિલ્મના લેખક સંપથને પૂછ્યું કે તેમણે શિવશક્તિના પાત્ર માટે રૂપાળી છોકરી તમન્નાનું કાસ્ટિંગ કઈ રીતે કર્યું, ત્યારે સંપથની જગ્યાએ તમન્નાએ જ જવાબ આપવાનું યોગ્ય સમજ્યું હતું. એક મહિલા પત્રકાર દ્વારા પૂછાયેલા આવા પ્રશ્નથી નિઃરાશ થયેલી તમન્નાએ જવાબમાં કહ્યું હતું, ''મેમ, તમારા પ્રશ્નમાં જ જવાબ છુપાયેલો છે. એ કોઈ રૂપાળી છોકરીને શરમ તરીકે કે ખરાબ અનુભવાય એ દૃષ્ટિએ જોતાં જ નથી. સ્ત્રીની સુંદરતાને ઉજવાવની હોય, આપણે સ્ત્રીઓએ આપણી જાતને ઉજવવી જોઈએ.''


તમન્નાએ આગળ વાત કરતા સ્ત્રીઓએ પોતાની જાતનો જેવો છે, તેવો સ્વીકાર કરીને પોતાની જાતને માન આપવાની વાત કરી હતી. તમન્નાએ કહ્યું કે તમે તમારી જાતને માન આપશો તો જ બીજા લોકો તમને માન આપશે, પછી તે સ્ત્રી હોય કે પુરુષ. તમન્નાએ કહ્યું, ''તો જ આપણે બીજા આપણને માન આપે તેવી અપેક્ષા રાખી શકીશું. પરંતુ જો આપણે જ આપણી જાતને એક ચોક્કસ દૃષ્ટિએ જોઈશું તો કોઈ આપણને માન આપશે નહીં, બરાબર? અહીં આપણી સાથે બે એવા

સજ્જનો છે, જે સ્ત્રીઓને એ દૃષ્ટિએ નથી જોતા. તેઓ સ્ત્રીને દૈવી દૃષ્ટિએ જુએ છે, દિવ્યતા પણ સુંદર હોઈ શકે છે, મજબૂત અને શક્તિશાળી હોઈ શકે છે. દિવ્યતાના ઘણા અર્થ છે. મારો અર્થ છે કે એક સ્ત્રી ઘણું ઘણું હોઈ શકે છે.'' ત્યાર બાદ મહિલા પત્રકારે સ્પષ્ટતા પણ કરી હતી કે તેનો હેતુ નકારાત્મક રીતે પૂછવાનો નહોતો, પરંતુ તમન્ના લોકો તેને એક ગોરી છોકરીએ જે દૃષ્ટિએ જુએ છે, તેમાં પરિવર્તન લાવવા માગે છે.

## મધુર ભંડારકર-તબુની 'ચાંદની બાર'ની સિક્વલ બનશે



મધુર ભંડારકરે ૨૦૦૧માં તબ્બુ સાથે 'ચાંદની બાર'નામની ફિલ્મ બનાવી હતી, જેમાં બાર ડાન્સરના જીવનની વાત કરવામાં આવી હતી. તબુનો લીડ રોલ ધરાવતી આ ફિલ્મને નેશનલ એવોર્ડ પણ મળ્યો હતો. હવે આ ફિલ્મની સિક્વલ બની રહી છે. હવે ફિલ્મમેકર સુદિપ્તો સેન દ્વારા આ ફિલ્મના અધિકારો મેળવી લેવાયા છે. 'ધ કેરાલા સ્ટોરી' જેવી ફિલ્મ માટે જાણીતા આ ડિરેક્ટર ફિલ્મની સિક્વલ માટે ઘણાં ઉત્સુક છે, તેઓ ટૂંક સમયમાં આ ફિલ્મની સિક્વલની જાહેરાત થઈ શકે છે.એક ઈન્ટરવ્યૂમાં સુદિપ્તો સેને જાહેર કર્યું હતું કે આ ફિલ્મ અંગે ચર્ચાઓ ચાલુ છે. તે ફિલ્મના કો પ્રોડ્યુસર આર.મોહન સાથે ચર્ચા વિચારણા કરી રહ્યા છે. કેટલીક કાયદેસરની કાર્યવાહી કરવાની હજુ બાકી છે એટલે તેઓ થોડાં દિવસો પછી જ આ અંગે કોઈ માહિતી આપી શકશે. સુદિપ્તોને 'ચાંદની બાર ૨' બનાવવામાં રસ છે, સાથે અહેવાલો દ્વારા એવી પણ માહિતી મળે છે કે આ ડીલ લગભગ ૧.૭૫ કરોડમાં થઈ છે.પહેલાં એવી પણ ચર્ચા હતી કે 'ચાંદની બાર'માં ડાયલોગ અને સ્ક્રીનપ્લે લખનાર મોહન આઝાદ આ ફિલ્મની સિક્વલ બનાવશે. પરંતુ હવે તેમાં સુદિપ્તો સેન પણ જોડાયા છે. ત્યારે મહત્વનો પ્રશ્ન એ છે કે તેઓ પોતે આ ફિલ્મ ડિરેક્ટ કરશે કે મધુર ભંડારકર જ પોતાની ફિલ્મની સિક્વલ ડિરેક્ટ કરશે, ખાસ તો તબ્બુ આ ફિલ્મમાં ફરી કામ કરશે કે નહીં તે અંગે પણ ઘણાં ફિલ્મ રસિકોમાં ઉત્સુકતા છે.મધુર ભંડારકરની 'ચાંદનીબાર'માં મુંબઈની કડવી વાસ્તવિકતા દર્શાવાઈ હતી, જેમાં પ્રોસ્ટિટ્યુશન, ડાન્સ બાર અને ગેંગવૉરની વાત હતી.



## હું, શાહરુખ કે સલમાન જ દુનિયાના છેલ્લા સ્ટાર નથી : આમિર ખાન

### આમિર માને છે કે, હાલની અને આવનારી પેઢીમાંથી પણ તેનાં જેવા જ મોટા સ્ટાર્સ મળશે

એવું મનવામાં આવે છે કે સલમાન ખાન, શાહરુખ ખાન અને આમિર ખાન બોલિવૂડનાં સુપરસ્ટાર્સની છેલ્લી પેઢી છે, તેમનાં ગયાં પછી કોઈ એવા કલાકાર નહીં આવે જે આ કલાકારો જેવું સ્ટારડમ ભોગવી શકે. પરંતુ આમિર આ વાત સાથે સહમત નથી. તેણે તાજેતરના એક ઈન્ટરવ્યૂમાં કહ્યું છે, હાલના કલાકારો અને આવનારી પેઢીમાંથી પણ કલાકારો તેમનાં જેટલાં જ મોટા સ્ટર્સ બની શકે છે.

આમિરે કહ્યું હતું,''દરેક પેઢી તેમની આગળની પેઢી કરતાં સારી જ હોય છે. તેમની પાસે આપણો અનુભવ છે, આ પેઢી અને આવનારી પેઢીઓમાંથી પણ અમારા જેટલાં જ સારા સ્ટાર્સ મળશે. પરંતુ મને નથી લાગતું અમારા પછી કોઈ સ્ટાર નહીં હોય. એવું કશું નથી કે અમે કોઈ છેલ્લા સ્ટાર છીએ. અમારા પછી ઘણા આવશે.''

આમિરે આગળ કહ્યું,''અમને તો કોઈ ગણશે પણ નહીં. તમે અમને ભૂલી પણ જશો. જમાનો આગળ ચાલે છે. આ જ દુનિયાની રીત છે. બ્રહ્મા, વિષ્ણુ, મહેશ. મહેશ વિનાશ કરે છે, પછી તમે બધું જ ભુલી જાઓ છો.''

આમિરે આ ઈન્ટરવ્યૂમાં એવું પણ કહ્યું કે તે સલમાન અને શાહરુખ સાથે ફિલ્મ કરવા માગે છે અને તેઓ કોઈ સારી સ્ક્રિપ્ટની રાહ જોઈ રહ્યા છે. સાથે આમિરે એવી મજાક પણ કરી કે ફિલ્મ ખરાબ બનશે તો પણ લોકોને તેમને ત્રણને સાથે જોવામાં મજા તો આવશે જ. તાજેતરમાં જ આમિરના ૬૦મા જન્મ દિવસે શાહરુખ અને સલમાન આમિરના ઘેર પહોંચ્યા હતા. તેમણે ત્રણે સાથે સમય વિતાવ્યો હોવાની વાતથી જ તેમના ફેન્સ ખુશ થઈ ગયા હતા. આમિર હાલ તો તેની ફિલ્મ 'સિતારે ઝમીં પર'ની રિલીઝની તૈયારી કરી રહ્યો છે, જેમાં તેની સાથે જેનિલિયા ડિસોઝા લીડ રોલમાં છે. 'તારે ઝમીં પર'ના આ સિક્વલ છે, 'લાલ સિંઘ ચઢ્ઢા'ની નિષ્ફળતા પછી લાંબા સમયે આમિર પોતાની ફિલ્મ સાથે આવી રહ્યો છે. જયારે સલમાનની 'સિકંદર' ૩૦ માર્ચે રિલીઝ થવાની છે. શાહરુખ પણ સિદ્ધાર્થ આનંદની 'કિંગ'માં વ્યસ્ત છે, જેમાં તેની સાથે સુહાના ખાન અને અભિષેક બચ્ચન પણ છે.

**આમિરે કહ્યું હતું, ''દરેક પેઢી તેમની આગળની પેઢી કરતાં સારી જ હોય છે. તેમની પાસે આપણો અનુભવ છે, આ પેઢી અને આવનારી પેઢીઓમાંથી પણ અમારા જેટલાં જ સારા સ્ટાર્સ મળશે. પરંતુ મને નથી લાગતું અમારા પછી કોઈ સ્ટાર નહીં હોય. એવું કશું નથી કે અમે કોઈ છેલ્લા સ્ટાર છીએ. અમારા પછી ઘણા આવશે.''**

## સલમાન ખાનને કોરિયોગ્રાફરે ડાન્સનો 'સિકંદર' ગણાવ્યો





લાંબા સમયથી અહેમદ ખાન તેની ડિરેક્ટર તરીકેની ફિલ્મ 'વેલકમ ટુ ધ જંગલ' પાછળ મહેનત કરી રહ્યો છે અને તેમાં વ્યસ્ત છે. છતાં જ્યારે તેને સાજિદ નડિયાદવાલાએ સંપર્ક કર્યો ત્યારે તેણે સલમાન ખાનની ફિલ્મ 'સિંકદર'ના ટાઈટલ સોંગ માટે કરિયોગ્રાફી કરવાની તરત સહમતિ આપી દીધી હતી. અહેમદ ખાને સલમાનને ડાન્સનો સિકંદર ગણાવતા કહ્યું, ''એ ક્યારેક એવી એક્શન લઈને આવે છે, જે દાદા પણ કરી લે, તો ક્યારેક એવા સ્ટેપ સાથે આવે છે કે યુવાનો પણ ન કરી શકે.''આઠ વર્ષના વિરામ બાદ અહેમદ ખાને ફરી કોરિયોગ્રાફી કરી છે. 'સિકંદર નાચે' ગીતમાં સલમાન અને રશ્મિકાની કોરિયોગ્રાફી અહેમદખાને કરી છે. અહેમદ ખાને આ પહેલાં સાજિદ નડિયાદવાલા અને સલમાન ખાન સાથે પહેલાં પણ કામ કર્યું છે અને કેટલાંક ગીતો માટે યાદગાર કોરિયોગ્રાફી કરી છે, એ એવા સ્ટેપ હોય છે કે સલમાનના ફેન્સ તરત જ તેને પકડી લે છે.અહેમદ ખાન કહે છે, આટલા હેન્ડસમ માણસને કેમેરા સામે મુકો એમાં જ અડધું કામ તો થઈ જાય છે. એ તમારા દરેક સ્ટેપને અનુસરે છે અને જાદુ ચાલે છે, જો એ ચોક્કસ રીતે તમારા બતાવેલા સ્ટેપ ન કરે તો પણ તમારું કામ થઈ જાય છે. સલમાનના આ ગીતને અલગ બનાવવા માટે તેમાં લેવેન્ટિન ફોક ડાન્સ પ્રકારના ડબકે ડાન્સનો ઉપયોગ કરવામાં આવ્યો છે. જેમાં મુંબઈમાં મોટો સેટ અને સ્ટેજ બનાવવામાં આવ્યા હતા અને તેમાં ૫૦૦ ડાન્સર્સને એક સાથે ડાન્સ કરતા જોઈ શકાય છે. અહેમદ ખાને કહ્યું કે આ નડિયદવનાલાનું સૂચન હતું અને આવું હિન્દી સિનેમામાં પહેલાં ક્યારેય બન્યું નથી. પ્રોડ્યુસરે આ ગીત માટે ટર્કીથી ખાસ લેબનીઝ ડાન્સર્સ બોલાવ્યા હતા, જેઓ ડબકે ડાન્સમાં નિષ્ણાત છે. આ ગીત માટે સલમાન ખાને પણ ઘણી મહેનત કરી છે.

## રૂ.૨૦૦ કરોડની એલિમની જતી કરી દેનારી એક માત્ર એક્ટ્રેસ



### સમંથા રુથ પ્રભુ અને નાગા ચૈતન્યએ ચાર વર્ષનાં લગ્નજીવન પછી ૨૦૨૧માં ડિવોર્સ લીધાં હતાં

ભારતીય ક્રિકેટર યજુવેન્દ્ર ચહલ અને ધનશ્રીના ડિવોર્સ થયાં ત્યારથી સેલેબ્રિટીના ડિવોર્સ અને એલિમનીની રકમનો મુદ્દો ફરી ચર્ચામાં આવ્યો છે. એલિમની રકમ માટે ધનશ્રીએ ટ્રોલિંગનો પણ સામનો કરવો પડ્યો છે. જ્યારે પણ કોઈ સેલેબ્રિટીના ડિવોર્સ થાય ત્યારે એલિમનીની રકમ હંમેશા ચર્ચાનો મુદ્દો રહે છે. તેમાં સમંથા રૂથ પ્રભુ એકમાત્ર એવી સેલેબ્રિટી છે, જેણે નાગા ચૈતન્ય પાસેથી મળતી એલિમની ઠુકરાવી દીધી હતી. સમંથા રુથ પ્રભુ અને નાગા ચૈતન્યએ ચાર વર્ષનાં લગ્નજીવન પછી ૨૦૨૧માં ડિવોર્સ લીધાં હતાં. તેઓ બંને પરસ્પરની સહમતિથી અલગ થયાં હતાં. તેમાં સમંથાએ એલિમનીની રકમ ઠુકરાવી દીધી તે ચર્ચાનો મુદ્દો બન્યો હતો. નાગા ચૈતન્ય પાસેથી સમંથાને એલિમની પેઠે ૨૦૦ કરોડ જેવી મોટી રકમ મળવાની હતી, જેનો સમંથાએ ઈનકાર કરી દીધો હતો. ત્યાર બાદ એવી પણ ચર્ચા હતી કે સમંથાને પછીથી ૫૦ કરોડ પણ ઓફર કરવામાં આવ્યા હતા, તેનાથી પણ સમંથાએ ઈનકાર કરી દીધો હતો. એવી પણ ચર્ચા હતી કે સમંથા એટલી વ્યથિત હતી કે તેણે પૈસા વિશે વિચાર જ કર્યો નહોતો. તે વખતે સૂત્રોએ એવી માહિતી પણ આપી હતી કે, ''સમંથા એટલી દુઃખી અને વ્યથિત છે કે તેને આ લગ્નમાં માત્ર પ્રેમ અને સાથની જ અપેક્ષા હતી, હવે એ પણ ખતમ થઈ ગયું છે. તેને આ સિવાય આ સંબંધમાંથી કંઈ જ જોઈતું નથી.''તાજેતરમાં ચૈતન્યએ એક પોડકાસ્ટમાં સમંથા સાથેના ડિવોર્સ અંગે વાત કરી હતી. તેણે કહ્યું, ''અમે બંને અમારા પોતાના અલગ રસ્તે જવા માગતા હતા. અમારા અંગત કારણોથી, અમે આ રસ્તો અપનાવ્યો છે. અમારા પોતાના કારણોસર અમે આ નિર્ણય લીધો છે અને અમે બંને તેનું સન્માન કરીએ છીએ. અમે બંને અમારા જીવનમાં અમારી રીતે આગળ વધી રહ્યાં છીએ. આથી વધુ શું સ્પષ્ટતા આપી શકાય, મને સમજાતું નથી. મને આશા છે કે દર્શકો અને મીડિયા આ બાબતનું માન રાખશે. અમને બસ થોડી અંગતતાની અપેક્ષા છે. મહેરબાની કરીને અમારું માન જાળવો અને અમને અંગત બાબતો અંગત રાખવા દો, પરંતુ કમનસીબે, આ જ હેડલાઈન બને છે. આ ગોસીપનો મુદ્દો બની ગયો. લોકો માટે મનોરંજન બની ગયું.ચૈતન્યએ આગળ રહ્યું, ''આ લગ્ન સંબંધમાં જે પણ જોડાયેલાં હતાં, તેના ભલા માટેનો આ નિર્ણય હતો. જે પણ નિર્ણય હતો, એ વિચારપૂર્વક લેવાયેલો નિર્ણય હતો, બહુ વિચાર કર્યા પછી અને સામેના વ્યક્તિના માન ખાતર લેવાયેવો નિર્ણય હતો. હું આ કહું છું કારણ કે આ મુદ્દો મારા માટે ઘણો સંવેદનશીલ હતો. હું એક વિખરાયેલા પરિવારમાંથી આવું છું. હું એક વિખરાયેલા પરિવારનું બાળક છું. હું એક સંબંધ તોડતાં પહેલાં ૧૦૦૦ વખત વિચાર કરીશ કારણ કે હું તેના પરિણામો જાણું છું. આ એક સમજપૂર્વકનો નિર્ણય હતો.'' નાગા ચૈતન્યએ કહ્યું કે તે અને સમંથા બંને માનપૂર્વક આગળ વધી ગયા છે, હવે ચૈતન્યએ શોભિતા ધુલીપાલા સાથે ડિસેમ્બર ૨૦૨૪માં લગ્ન કર્યાં છે.

## આઉટસાઈડર કાર્તિક સાથે શત્રુઘ્ન સિંહાએ પોતાની સરખામણી કરી

કાર્તિક આર્યન બોલિવૂડનો એક લોકપ્રિય કલાકાર બની ગયો છે. છેલ્લાં કેટલાંક વર્ષોમાં તેણે કેટલીક હિટ ફિલ્મમાં મજબૂત અભિનયથી પોતાની એક છાપ છોડી છે. હવે ઈન્ડસ્ટ્રીના જૂના કલાકાર શત્રુઘ્ન સિંહાએ પોતાની સરખામણી કાર્તિક આર્યન સાથે કરી છે અને તેના કામના વખાણ પણ કર્યા છે. એક ઈન્ટરવ્યૂમાં શત્રુઘ્ન સિંહાએ કબૂલ કર્યું કે તેને કાર્તિકને જોઇને પોતાની સફર યાદ આવે છે. તેમણે કહ્યું, ''જ્યારે હું આવ્યો તો બહારનો હતો, મારે ઈન્ડસ્ટ્રીમાં કોઈ ઓળખાણ નહોતી.''

આગળ શત્રુઘ્નએ અમિતાભ બચ્ચન પર નિશાન સાધવાની તક પણ ગુમાવી નહોતી, તેમણે કહ્યું,''અમિતાભ બચ્ચન તો શ્રીમતી ઈન્દિરા ગાંધી પાસેથી રેકમેન્ડેશન લેટર લઈને આવ્યા હતા. મારી પાસે મારા આત્મવિશ્વાસ સિવાય કશું જ નહોતું, બિલકુલ કાર્તિક આર્યનની જેમ. હું કોઈ એ વખતે ઈન્ડસ્ટ્રી પર રાજ કરતા દેખાવડા પંજાબી હિરો ધર્મેન્દ્ર અને જિતેન્દ્ર જેવો પણ નહોતો.''

આગળ શત્રુઘ્ન સિંહાએ એમ પણ કહ્યું કે દર દસ વર્ષે એક કલાકાર બહારથી આવે છે અને ઈન્ડસ્ટ્રી પર છવાઈ જાય છે.શત્રુઘ્ન સિંહાએ કહ્યું,''દર દસ વર્ષે, ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં કોઈ વ્યક્તિ બહારથી આવે છે અને ઈન્ડસ્ટ્રી પર છવાઈ જાય છે. અક્ષય કુમાર પછી હવે કાર્તિક આર્યન છે.''

કાર્તિક આર્યને તાજેતરમાં જ તેની ફિલ્મ 'ભુલભુલૈયા ૩' માટે બેસ્ટ એક્ટરનો આઈફા એવોર્ડ જીત્યો છે. હવે તે અનુરાગ બાસુની ફિલ્મમાં કામ કરી રહ્યો છે, તેમાં કાર્તિક સાથે શ્રીલીલા લીડ રોલમાં છે અને ફિલ્મ દિવાળી પર રિલીઝ થશે.

# ઓસ્ટ્રેલિયાનું સૌથી આઈકોનિક સ્ટેડિયમ તોડી પડાશે



ગાબા ક્રિકેટ ગ્રાઉન્ડ ઓસ્ટ્રેલિયાના સૌથી આઈકોનિક સ્ટેડિયમોમાં સામેલ છે. આ સ્ટેડિયમમાં ઓસ્ટ્રેલિયન ટીમનો રેકોર્ડ દમદાર છે. જોકે, ભારતીય ક્રિકેટ ટીમે આ જ મેદાન પર કાંગારુઓને ધૂળ ચટાડી હતી. હવે આ સ્ટેડિયમને પણ તોડવામાં આવશે. ભલે તેની તારીખ કન્ફર્મ થઈ ગઈ હોય પરંતુ હાલમાં તેને ધ્વસ્ત નહીં કરાશે. ક્વીન્સલેન્ડ સરકારે જણાવ્યું કે, ૨૦૩૨ ઓલિમ્પિક ગેમ્સ બાદ આ સ્ટેડિયમને તોડી પાડવાની યોજના છે. બ્રિસ્બેન પાસે જ ૨૦૩૨ ઓલિમ્પિક ગેમ્સની યજમાની છે. બ્રિસ્બેનના ગાબામાં ૧૯૩૧ બાદથી અત્યાર સુધીમાં ૬૭ પુરુષોની ટેસ્ટ અને ૨ મહિલા ટેસ્ટ રમાઈ ચૂકી છે. તેને ઓસ્ટ્રેલિયન ટીમનો કિલ્લો કહેવામાં આવે છે, કારણ કે અહીં વિરોધી ટીમોને જીત મેળવવામાં દાયકાઓ લાગી જાય છે. ચોંકાવનારા આંકડા એવા છે કે ૧૯૮૮થી ૨૦૨૧ સુધી ઓસ્ટ્રેલિયન ટીમ અહીં એક પણ ટેસ્ટ મેચ નથી હારી. ઓસ્ટ્રેલિયન ટીમ ઘણીવાર આ મેદાન પર સીઝનની પ્રથમ મેચ રમતી આવી છે. આ વર્ષના અંતમાં આ ઐતિહાસિક સ્ટેડિયમમાં એશેઝ સીરિઝની બીજી ટેસ્ટ મેચ પણ રમાશે.

# કોલકાતાએ ૮ વિકેટથી જીતી મેચ, રાજસ્થાન સતત બીજી મેચ હાર્યું

ઈન્ડિયન પ્રીમિયર લીગ (IPL)ની ૧૮મી સીઝનની છઠ્ઠી મેચ ગુવાહાટીના બરસાપારા ક્રિકેટ સ્ટેડિયમમાં ડિફેન્ડિંગ ચેમ્પિયન કોલકાતા નાઈટ રાઈડર્સ અને રાજસ્થાન રોયલ્સ વચ્ચે રમાઈ હતી. જેમાં કોલકાતાએ ૮ વિકેટથી જીત મેળવી. જણાવી દઈએ કે, કોલકાતા અને રાજસ્થાન બંનેને પોત-પોતાની પહેલી મેચ હાર મળી હતી. પરંતુ કોલકાતાએ પોતાની જીતનું ખાતું ખોલાવ્યું છે, બીજી તરફ રાજસ્થાનને સતત બીજી મેચમાં હાર મળી છે.કોલકાતાના બોલરોએ કમાલ કરી હતી. રાજસ્થાન રોયલ્સની ટીમ ૨૦ ઓવરમાં ૯ વિકેટના નુકસાન પર માત્ર ૧૫૧ રન જ બનાવી શકી હતી. જેના જવાબમાં કોલકાતાની ટીમે ૧૭.૩ ઓવરમાં ૨ વિકેટના નુકસાન પર ૧૫૩ રન બનાવી લીધા. રાજસ્થાન માટે ધ્રુવ જુરેલે સૌથી વધુ ૩૩ રન બનાવ્યા હતા. યશસ્વી જાયસવાલ ૨૯ અને રિયાન પરાગ ૨૫ રન બનાવીને આઉટ થયા હતા. કોલકાતા માટે વરૂણ ચક્રવર્તી, મોઈન અલી, હર્ષિત રાણા અને વૈભવ અરોરાએ બે-બે વિકેટ ઝડપી હતી.

રાજસ્થાન રોયલ્સની પ્લેઈંગ-૧૧: રિયાન પરાગ (કેપ્ટન), સંજુ સેમસન, યશસ્વી જયસ્વાલ, નીતિશ રાણા, ધ્રુવ જુરેલ (વિકેટકીપર), શિમરોન હેટમાયર, વાનિન્દુ હસરંગા, જોફ્રા આર્ચર, મહિશ થિક્સાના, તુષાર દેશપાંડે અને સંદીપ શર્મા.

કોલકાતા નાઈટ રાઈડર્સની પ્લેઈંગ-૧૧: અજિંક્ય રહાણે (કેપ્ટન), વેંકટેશ અય્યર, ક્વિન્ટન ડી કોક (વિકેટકીપર), રિંકુ સિંહ, મોઈન અલી, આન્દ્રે રસેલ, રમણદીપ સિંહ, હર્ષિત રાણા, વરુણ વક્રવર્તી, સ્પેન્સર જોહ્નસન.




# ITF મેન્સ ટેનિસમાં ગુજરાતના દેવ અને આર્યનનો વિજયી પ્રારંભ



ગુજરાતના ટેલેન્ટેડ યુવા ખેલાડી આર્યન શાહ તથા દેવ જાવિયાએ પોતપોતાના મુકાબલા જીતીને આઈટીએફ મેન્સ ટેનિસ ટૂર્નામેન્ટના બીજા રાઉન્ડમાં પ્રવેશ કરી લીધો હતો.

આર્યને શાર્પ વોલી તથા પાવરફૂલ સર્વિસનો ઉપયોગ કરીને સાઉથ કોરિયાના મિનજોંગ પાર્કને કોઇ પણ મુશ્કેલી વિના ૬-૨, ૬-૨થી હરાવ્યો હતો. બીજી તરફ દેવ જાવિયાને મેચ જીતવા માટે સંઘર્ષ કરવો પડયો હતો. પ્રથમ સેટ ટાઈબ્રેકરમાં પહોંચ્યા બાદ તેણે ભારતના અન્ય ખેલાડી અભિનવ સંજીવને ૭-૬ (૭-૪),૭-૫ના સ્કોરથી પરાજય આપ્યો હતો. અન્ય મેચોમાં ભારતના ક્રિસ ત્યાગીએ તુર્કીના યાન્કી ઈરેલને ૬-૨ , ૩-૬ , ૭-૬ (૭-૨)થી, કરણ સિંઘે રશિયાના નિકિતા આઈનિનને ૬-૪, ૬-૩થી, જાપાનના રયોતાર્ગો તાગુચીએ ભારતના સિદ્ધાર્થ રાવતને ૭-૬ (૭-૧), ૭-૬ (૭-૨)થી, ઈશાક ઈકબાલે યશ યાદવને ૬-૦, ૬-૩થી, જાપાનના માતસુડાએ ભારતા કબીર હંસને ૬-૨, ૬-૪થી હરાવીને પોતાનું અભિયાન આગળ વધાર્યું હતું. ભારતના અન્ય કેટલાક ખેલાડીઓએ પોતાના મુકાબલા જીતીને ટૂર્નામેન્ટમાં આગેકૂચ કરી હતી.

# ડી કોકની તોફાની બેટિંગે KKRને જીત અપાવી




ક્વિન્ટન ડી કોકના ૬૧ બોલમાં ૯૭ રનની મદદથી, કોલકાતા નાઈટ રાઈડર્સે IPL-૨૦૨૫માં પોતાની પહેલી મેચ જીતી લીધી. ટીમે બુધવારે રાજસ્થાન રોયલ્સને ૮ વિકેટથી હરાવ્યું. KKR તરફથી મોઈન અલી અને વરુણ ચક્રવર્તીએ ખૂબ જ આર્થિક બોલિંગ કરી, બંનેએ ૨-૨ વિકેટ લીધી.KKR એ ગુવાહાટીના બારસાપારા ક્રિકેટ સ્ટેડિયમમાં બોલિંગ કરવાનું પસંદ કર્યું. રાજસ્થાને ૯ વિકેટ ગુમાવ્યા બાદ ૧૫૧ રન બનાવ્યા હતા. ટીમ તરફથી ધ્રુવ જુરેલે ૩૩ રન અને કેપ્ટન રાયન પરાગે ૨૫ રન બનાવ્યા. કોલકાતાએ ૧૭.૩ ઓવરમાં ૨ વિકેટ ગુમાવીને લક્ષ્ય હાંસલ કર્યું.૧૫૨ રનના લક્ષ્યાંકનો પીછો કરતા, KKR તરફથી ક્વિન્ટન ડી કોકે ઝડપી બેટિંગ કરી. મોઈન અલીને તેની સામે રમવામાં ઘણી મુશ્કેલી પડી રહી હતી, પરંતુ ડી કોકે તેના સાથી બેટ્સમેન પર દબાણ વધવા દીધું નહીં. બેટિંગ માટે મુશ્કેલ અને ધીમી પિચ પર તેણે ૮ ચોગ્ગા અને ૬ છગ્ગા ફટકાર્યા. ડી કોકે માત્ર ૬૧ બોલમાં ૯૭ રન બનાવ્યા અને ૧૫ બોલ બાકી રહેતા પોતાની ટીમને વિજય અપાવ્યો.

# પ્રેક્ષક મેદાનમાં ઘૂસ્યો અને રિયાનને પગે લાગ્યો



IPL-૧૮ ની છઠ્ઠી મેચમાં, કોલકાતા નાઈટ રાઈડર્સ એ રાજસ્થાન રોયલ્સને ૮ વિકેટથી હરાવ્યું. ગુવાહાટી સ્ટેડિયમમાં ઇઇ એ KKR ને ૧૫૨ રનનો લક્ષ્યાંક આપ્યો. જવાબમાં, કોલકાતાએ વિકેટકીપર ક્વિન્ટન ડી કોકના અણનમ ૯૭ રનની મદદથી ૧૫ બોલ બાકી રહેતા ૨ વિકેટે ૧૫૩ રન બનાવ્યા અને મેચ જીતી લીધી.બુધવારે રસપ્રદ ક્ષણો જોવા મળી. રિયાન પરાગે એક હાથે છગ્ગો ફટકાર્યો. દર્શક મેદાનમાં ઘૂસી આવ્યો અને ચરણસ્પર્શ કર્યા. વેંકટેશે હેટમાયરનો કેચ છોડી દીધો. ડી કોકે સિક્સર ફટકારીને મેચ જીતી લીધી. મોઈન અલી રિયાનના બોલ પર રન આઉટ થયો.રાજસ્થાનના કેપ્ટન રિયાન પરાગે હર્ષિત રાણાના બોલ પર એક હાથે છગ્ગો ફટકાર્યો. હર્ષિતે ઈનિંગની ચોથી ઓવરનો બીજો બોલ શોર્ટ ઓફ લેન્થ ફેંક્યો. અહીં રિયાને પુલ શોટ રમ્યો અને બોલ ડીપ મિડવિકેટ પર સિક્સર માટે ગયો. શોટ રમતી વખતે રિયાને પોતાનો એક હાથ ગુમાવ્યો.યશસ્વી જયસ્વાલે પાંચમી ઓવરમાં પોતાની ત્રીજી આઉટિંગ મેળવી. ઓવરના છેલ્લા બોલ પર હર્ષિત રાણા પોતાનો કેચ ચૂકી ગયો. યશસ્વીએ લેન્થ બોલને આગળ ફટકાર્યો, પરંતુ હર્ષિત ફોલો થ્રુમાં તેને પકડી શક્યો નહીં. આ પહેલા યશસ્વી બે વાર રન આઉટ થવાથી બચી ગયો હતો.વેંકટેશ ઐયરે લોંગ ઓફ પર શિમરોન હેટમાયરનો કેચ છોડી દીધો. ૧૭મી ઓવરનો પહેલો બોલ સ્પેન્સર જોહ્નસન દ્વારા સામે ફેંકવામાં આવ્યો. અહીં શિમરોને મોટો શોટ રમ્યો. વેંકટેશે દોડીને ડાઈવ લગાવી પણ કેચ પકડી શક્યો નહીં.કોલકાતાએ ૭મી ઓવરના પહેલા બોલ પર પોતાની પહેલી વિકેટ ગુમાવી દીધી. મોઈન અલી (૫ રન) રન આઉટ થયો. મહિષ થીકશનાના થ્રો પર રિયાન પરાગે તેને આઉટ કર્યો. મોઈન કવર તરફ શોટ રમીને ૨ રન લેવા માંગતો હતો.કોલકાતાની ઈનિંગની ૧૦મી ઓવરમાં, ક્વિન્ટન ડી કોકને DRS લઈને આઉટ થતા બચાવી લેવામાં આવ્યો. અહીં મહિષ તીક્ષાએ ઓવર શોર્ટ લેન્થનો છેલ્લો બોલ ફેંક્યો. ડી કોક બોલ ખેંચવાનો પ્રયાસ કરે છે પણ બોલ ચૂકી જાય છે. બોલરે અપીલ કરી અને અમ્પાયરે તેને આઉટ આપ્યો. ડી કોકે રિવ્યુ લીધો અને DRS એ બતાવ્યું કે બોલ લેગ સ્ટમ્પની બહાર હતો.૧૧મી ઓવર પહેલા એક દર્શક ગુવાહાટીના મેદાનમાં પ્રવેશ્યો. અહીં ચાહકે પહેલા બોલિંગ કરી રહેલા રિયાન પરાગને ગળે લગાવ્યો અને પછી તેને પગે પણ લાગ્યો. બાદમાં, સુરક્ષા ગાર્ડ્સ મેદાનમાં આવ્યા અને દર્શકને મેદાનમાંથી દૂર કર્યો.

# સંજય બાંગરે કહ્યું, ધોની અને વિરાટને એકબીજા સામે રમતા જોવું:૨૮ માર્ચે CSK-RCB મેચ રમાશે, ચેન્નઈ બેંગલુરુ પર ભારે

IPL ૨૦૨૫ની બીજી એક શાનદાર મેચ ૨૮ માર્ચે લીગની બે હરીફ ટીમ, ચેન્નઈ સુપર કિંગ્સ અને રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ વચ્ચે રમાશે. સંજય બાંગરે કહ્યું કે આ મેચ ઘણી રીતે ખાસ છે.

મંગળવારે, જિયોસ્ટાર એક્સપર્ટ સંજય બાંગરે ભાસ્કરના એક સવાલના જવાબમાં કહ્યું, 'હું કહીશ કે CSK સમગ્ર દેશમાં સૌથી વધુ ફોલોઅર્સ ધરાવતી ટીમમાંની એક છે. તે જ સમયે, RCBનો પોતાનો ચાહક વર્ગ પણ છે. આપણા દેશના ક્રિકેટ ચાહકો એમએસ ધોની અને વિરાટ કોહલીને રમતા જોવાનું પસંદ કરે છે. તેથી, તે બે ખેલાડીઓ એકબીજા સામે રમે છે તે એક મહાન સ્પર્ધા બનાવે છે, જે જોવા માટે ખૂબ જ સરસ છે.'

ઈમ્પેક્ટ પ્લેયર નિયમના પ્રશ્ન પર તેમણે કહ્યું, 'તેને નાબૂદ કરવો જોઈએ કે નહીં તે અંગે ચર્ચા થઈ હતી. પણ આવું ન થયું. પહેલા ૧૧ ખેલાડીઓ ૧૧ ખેલાડીઓ સામે સ્પર્ધા કરતા હતા, પરંતુ હવે એવું નથી. હવે ૧૨-૧૨ ખેલાડીઓ રમે છે. તો, આ એક સકારાત્મક બાબત છે. આના કારણે ખેલાડીઓને વધુ એક્સપોઝર મળી રહ્યું છે. મોટાભાગની ટીમ ઈચ્છે છે કે નિષ્ણાત ખેલાડીઓ તેમના બેટિંગ અથવા બોલિંગ સ્લોટમાં રમે.'

તેમણે વધુમાં કહ્યું, 'જે ખેલાડીઓ બંને વિભાગોમાં યોગદાન આપવા માંગે છે અથવા જે ખેલાડીઓ બંને વિભાગોમાં રમવા માટે સક્ષમ છે તેમના માટે તે થોડું મુશ્કેલ બની ગયું છે.'

૨૦૨૪માં CSK અને RCB વચ્ચેની મેચ શાનદાર રહી. પ્લેઓફમાં પહોંચવા માટે બંને ટીમ માટે કરો યા મરો જેવી મેચ હતી. બેંગલુરુને છેલ્લા ચારમાં સ્થાન મેળવવા માટે ચેન્નઈને ૧૭ રનથી હરાવવું પડ્યું. બીજી તરફ, જો ચેન્નઈ ૧૭ રનથી ઓછા અંતરે હારી ગયું હોત તો પ્લેઑફમાં સ્થાન મેળવી શક્યું હોત. ઈઝમ્એ પોતાના ઘરઆંગણે ૨૭ રનથી જીત મેળવી. આ સાથે તે આગળના રાઉન્ડમાં પહોંચી ગઈ.

આ મેચ ચેન્નઈના એમએ ચિદમ્બરમ સ્ટેડિયમમાં રમાશે. આ મેચ માટે RCB ચેન્નઈ પહોંચી ગયું છે. ચેન્નઈ અને બેંગ્લોર વચ્ચે અત્યાર સુધીમાં કુલ ૩૩ મેચ રમાઈ છે, જેમાં CSKએ ૨૧ મેચ જીતી છે, જ્યારે RCBએ ૧૧ મેચ જીતી છે. એક મેચ પરિણામ વિના સમાપ્ત થઈ છે.



# ક્વિનવેનને હરાવી સબાલેન્કો સેમિ.માં, ઈટાલીની પાઓલિનીએ ઇતિહાસ રચ્યો

વિશ્વની પ્રથમ ક્રમાંકિત બેલારુસની આર્યના સબાલેન્કોએ બીજા સેટમાં સંઘર્ષ કર્યા બાદ ચીનની ઝેંગ ક્વિનવેનને ૬-૨, ૭-૫થી હરાવીને માયામી ઓપન ટેનિસ ટૂર્નામેન્ટની વિમેન્સ સિંગલ્સની સેમિફાઈનલમાં પ્રવેશ કરી લીધો હતો.

માયામી ખાતે પ્રથમ વખત અંતિમ-૪માં પ્રવેશેલી સબાલેન્કોનો આગામી મુકાબલો ઈટાલીની જાસ્મિન પાઓલિની સામે થશે. સબાલેન્કો કારકિર્દીમાં ૧૭મી વખત સેમિફાઈનલમાં પહોંચી છે.પાઓલિનીએ કોઈ પણ મુશ્કેલી વિના પોલેન્ડન મગ્દા લિનેટ્ટેને ૬-૩, ૬-૨થી હરાવીને પોતાનું અભિયાન આગળ વધાર્યું હતું. ગયા વર્ષે ફ્રેન્ચ ઓપન તથા વિમ્બલ્ડનની ફાઈનલ સુધી પહોંચેલી છઠ્ઠી ક્રમાંકિત પાઓલિની માયામી ઓપનની સેમિફાઈનલમાં પહોંચનાર પ્રથમ ઈટાલિયન ખેલાડી બની છે. તેણે ક્વાર્ટર ફાઈનલમાં અમેરિકાની કોકો ગોફને હરાવીને મેજર અપસેટ સર્જ્યો હતો. વિમેન્સ સિંગલ્સમાં બ્રિટનની ઈમા રાડૂકાનુ અમેરિકાની જેસિકા પેગુલા સામે તથા બીજી ક્રમાંકિત ઈગા સ્વિતાતેક ફિલિપાઈન્સની વાઈલ્ડ કાર્ડ ધરાવતી ટીનએજર એલેકસાન્દ્રા ઈલા સામે ક્વાર્ટર ફાઈનલમાં રમશે. એલેકસાન્દ્રાએ ઓસ્ટ્રેલિયન ઓપન ચેમ્પિયન મેડિસન કિસને હરાવીને ટૂર્નામેન્ટમાં સનસનાટી મચાવી હતી.



# આજે સનરાઈઝર્સ હૈદરાબાદ લખનઉ સુપર સામે ટકરાશે


આજે ઈન્ડિયન પ્રીમિયર લીગ ૨૦૨૫ની સાતમી મેચમાં સનરાઈઝર્સ હૈદરાબાદ લખનઉ સુપર જાયન્ટ્સ સામે ટકરાશે. SRHએ રાજસ્થાન રોયલ્સ સામેની પોતાની પહેલી મેચમાં શાનદાર જીત મેળવી હતી. તે જ સમયે, LSGને દિલ્હી કેપિટલ્સ સામે હારનો સામનો કરવો પડ્યો.

હૈદરાબાદના રાજીવ ગાંધી ઈન્ટરનેશનલ સ્ટેડિયમ ખાતે બંને ટીમ વચ્ચે ૨ મેચ રમાઈ હતી. બંને ૧-૧ થી જીત્યા. બંને ટીમ છેલ્લે ગયા સીઝનમાં અહીં એકબીજાનો સામનો કરી હતી. આ મેચમાં હૈદરાબાદે લખનઉને ૧૦ વિકેટે હરાવ્યું હતું.

હૈદરાબાદ અને લખનઉ વચ્ચે અત્યાર સુધીમાં ૪ IPL મેચ રમાઈ છે. આમાં, ન્જીર ૩ વખત જીત્યું છે, જ્યારે SRH ફક્ત એક જ વાર જીત્યું છે. હૈદરાબાદના રાજીવ ગાંધી ઈન્ટરનેશનલ સ્ટેડિયમ ખાતે બંને ટીમ વચ્ચે ૨ મેચ રમાઈ હતી. બંને ૧-૧ થી જીત્યા.

હૈદરાબાદ પાસે ટૉપ-૫માં ઝડપી બેટિંગ કરતા બેટર છે જેમાં ઓપનર ટ્રેવિસ હેડ અને અભિષેક શર્માનો સમાવેશ થાય છે. હેનરિક ક્લાસેન અને ઈશાન કિશન જેવા હાર્ડ હિટિંગ મિડલ ઓર્ડર બેટર પણ છે. ઈશાન ટીમનો ટૉપ સ્કોરર છે. તેણે છેલ્લી મેચમાં રાજસ્થાન સામે અણનમ ૧૦૬ રન બનાવ્યા હતા. સિમરજીત સિંહે ૨ વિકેટ લીધી.

લખનઉના નિકોલસ પૂરન, ડેવિડ મિલર, શાહબાઝ અને સમદ ફિનિશિંગને મજબૂત બનાવી રહ્યા છે. પૂરને છેલ્લી મેચમાં ૭૫ રનની ઈનિંગ રમી હતી. તે ટીમ માટે સૌથી વધુ રન બનાવનાર ખેલાડી છે. બોલિંગમાં શાર્દૂલ ઠાકુર ટોચ પર છે.




હૈદરાબાદના રાજીવ ગાંધી ઈન્ટરનેશનલ સ્ટેડિયમની પિચ બેટિંગ માટે અનુકૂળ છે અને બોલરોને પણ થોડી મદદ પૂરી પાડે છે. અહીં હાઈ સ્કોરિંગ મેચ રમાય છે. આ સીઝનમાં અહીં છેલ્લી મેચ હૈદરાબાદ અને રાજસ્થાન વચ્ચે રમાઈ હતી. પ્રથમ બેટિંગ કરતા હૈદરાબાદે ૬ વિકેટે ૨૮૬ રન બનાવ્યા. જવાબમાં રાજસ્થાને પણ ૨૪૨ રન બનાવ્યા.

# ઉમરગામના સંજાણમાં ગેરકાયદે ભંગારના ગોડાઉનમાં આગ લાગી



ઉમરગામ, તા.૨૭

ઉમરગામ તાલુકા ના સંજાણ ખાડી વિસ્તાર માં કોળી ફળિયા માં ભંગારીયાઓ દ્વારા ગેર કાયદે ઝેરી કેમિકલ વાળા પ્લાસ્ટિક ના ગોડાઉન ઊભા કરી દેતા વેહલી સવારે અચાનક આગ લાગતા આસપાસ ના વિસ્તારો માં હવા માં પ્રદુષણ ફેલાઈ જતા લોકો ને આંખ માં બળતરા સાથે શ્વાસ લેવા માં તકલીફો થઇ હોવાની સ્થાનિકો એ જાણકારી આપી હતી. પ્રદુષણ અધિકારી ની લાપરવાહી સાફ જોઈ શકાય એમ છે?આગ લાગવાની ઘટના બનતા સ્થાનિકો દ્વારા નજીક ના ફાયરબ્રિગેડ માં જાણ કરતા ફાયર બ્રિગેડ જવાનો ઘટના સ્થળે આવી જતા, આગ ઉપર કાબુ મેળવવાના પ્રયાસો કર્યા . આગ ઉપર પાણી નો મારો કરવા જતા, આગે વધુ વિકરાળ રૂપ ધારણ કર્યું. કારણ ઝેરી કેમિકલ વાળા પ્લાસ્ટિક ને લઈ ફાયર જવાનો ને આગ ઉપર કાબુ કરવા માટે ભારે જહેમત કરવી પડી. ભંગારિયા ઓ દ્વારા ગેર કાયદે સંગ્રહ કરેલા કચરા ની તપાસ કરવી જરુરી બન્યું છે.? આગ માં હોમાયેલ કેમિકલવાળા પ્લાસ્ટિક આવ્યા ક્યાંથી? ક્યાંથી લાવવામાં આવ્યા? આવા પ્રશ્નો નું નિરાકરણ લાવવું ખુજ જ જરુરી બન્યું છે. લોકો ના આરોગ્ય સાથે ખિલવાડ કરી લોકો ના આરોગ્ય જોખમાય તે માટે આરોગ્ય અધિકારી ની ભૂમિકા ઉપર પણ શંકા ઉપજાવે તેવી ઘટના બની છે.આ તમામ ઘટના ની ઉચ્ચસ્તરીય તપાસ થાય? એવી લોક લાગણી જોવા મળી છે.

# ટાસ્ક ફોર્સની ટીમે ઉનમાંથી ૧૮ બાળશ્રમિકોને મુક્ત કરાવ્યા

## બાળ શ્રમિકોને બાળાશ્રમમાં આશ્રય અપાયો

સુરત, તા.૨૭

બાળમજૂરી નાબૂદી માટે જિલ્લા ટાસ્ક ફોર્સની ટીમે સુરત શહેરના ઉન ભેસ્તાન વિસ્તારની સ્ટાર બેગ કંપનીમાં રેડ પાડી ૧૮ બાળશ્રમિકોને મુક્ત કરાવ્યા હતા. આ બાળશ્રમિકો ઉત્તરપ્રદેશ અને બિહારથી કામ અર્થે સુરત આવ્યા હતા. જેમને રેસ્ક્યુ કરી ચાઈલ્ડ વેલ્ફેર કમિટીની દેખરેખ હેઠળ વી.આર. પોપાવાલા બાળાશ્રમમાં આશ્રય અર્થે મોકલાયા હતા. તપાસમાં જાણવા મળ્યું કે આ બાળકો સવારે ૧૦:૦૦ થી રાત્રે ૧૦:૦૦ સુધી કામ કરતા હતા, અને બપોરે ૧:૦૦ થી ૨:૦૦ રિસેસ રહેતી. મહિને આશરે ? ૯ હજારથી ૧૦ હજાર પગાર આપવામાં આવતો હતો.

લેબર ઓફિસર, મનપા, અન્ય વિભાગો અને પ્રયાસ સંસ્થાની બનેલી જિલ્લા ટાસ્ક ફોર્સએ આ કાર્યવાહી કરી હતી. બાળકોના ડોક્યુમેન્ટ આવ્યા પછી આગળ કાયદાકીય કાર્યવાહી કરાશે એમ નાયબ શ્રમ આયુક્ત કચેરી,સુરતની યાદીમાં જણાવાયું છે.

# સુરતમાં જન્મેલા યુવક ઝીલ કુમારે કેબીસીમાં રૂપિયા ૨૫ લાખ જીત્યા



સુરત, તા.૨૭

સુરતમાં જન્મેલા ૨૦ વર્ષીય ઝીલ કુમાર ભરોડિયાએ તાજેતરમાં જ 'કૌન બનેગા કરોડપતિ'માં ૨૫ લાખ રૂપિયા જીત્યા. ઝીલ હાલમાં IIM બેંગલુરુમાં અભ્યાસ કરે છે. ઝીલે એક જ ટ્રાયલે CAT (કોમન એડમિશન ટેસ્ટ) પાસ કરી હતી. ઝીલે માત્ર ૧૭ વર્ષની ઉંમરથી પોતાનો બિઝનેસ શરૂ કર્યો. એક સમયે ઝીલને ભણવાને બદલે બિઝનેસમાં વધુ રસ હતો અને IIMમાં ભણવા અંગે ખાસ વિચાર્યું નહોતું.

ઝીલ 'કેબીસી'માં ભાગ લેવા અંગે વાત કરે છે, 'કેબીસી અંડર ૨૫'ના એપિસોડ શૂટ થવાના હતા. અમારા ડીન 'કેબીસી'ની સિલેક્શન ટીમના કોન્ટેક્ટમાં હતા અને એ રીતે તેમને મેલ આવ્યો અને પછી તેમણે વિદ્યાર્થીઓને ફોરવર્ડ કર્યો તો મેં ફોર્મ ભર્યું. 'કેબીસી'ની ટીમે અંડર ૨૫ના વિદ્યાર્થીઓના જનરલ નોલેજના ઓનલાઇન ટેસ્ટ લીધા અને ઈન્ટરવ્યૂ પણ લીધા. સાચું કહું તો જ્યારે પહેલીવાર મેલ આવ્યો ત્યારે મેં બરોબર વાંચ્યું નહોતું. મારા મનમાં ઑડિયન્સ લેવાની હશે એટલે મેલ કર્યો છે એવું હતું. ફોર્મ ભર્યા બાદ ટેસ્ટ માટે ફોન આવ્યો તો મને લાગ્યું કે ઑડિયન્સ પોલ માટે હોંશિયાર ઑડિયન્સ જોઈતી હશે એટલે ટેસ્ટ હશે. જે દિવસે એક વાગ્યે એક્ઝામ હતી તો મને એકદમ જ યાદ આવ્યું ને મેં લોગિન કર્યું. જો તે દિવસે ભુલાઈ ગયું હોત તો હું 'કેબીસી'માં આવત જ નહીં. એક્ઝામ પાસ કરીને પછી ઈન્ટરવ્યૂ માટે ફોન આવ્યો. ત્યારે મનમાં થયું કે ઑડિયન્સ માટે ઈન્ટરવ્યૂ લેવાના? પછી તો મેં પૂછ્યું કે આ બધું આખરે શેના માટે છે? જવાબ મળ્યો કે સ્પર્ધક માટે છે. મેં બે ઈન્ટરવ્યૂ આપ્યા, તેમાં કંઈ ખાસ નહોતું. તમને વધારે જાણવા માગે અને કેવી રીતે બોલો છે તે જુએ. તમે ત્યાં જઈને શું કરશો તે અંગે સવાલ કરે. પછી ફોન આવ્યો કે તમે સિલેક્ટ થઇ ગયા છો.'

# લાંચીયા પીએફ અધિકારીના ઘરેથી રોકડા રૂપિયા બે લાખ મળી આવ્યા

## રિમાન્ડ પૂર્ણ થતા આરોપી જ્યુડીશીયલ કસ્ટડીમાં ધકેલાયો

વડોદરા, તા.૨૭

૪૦ હજારની લાંચ લેતાં ઝડપાયેલા કર્મચારી ભવિષ્ય નિધિ સંગઠનના પી.એફ ઈન્સ્પેક્ટરની ઘેર સર્ચ દરમ્યાન બે લાખ રોકડા મળી આવ્યા હતા.બીજી તરફ રિમાન્ડ પુરા થતા આરોપીને અદાલત સમક્ષ રજૂ કરવામાં આવ્યો હતો.જ્યાં જેલના હવાલે કરવાનો હુકમ કરાયો હતો.

ગઈકાલે આરોપીને અદાલત સમક્ષ રજૂ કરી રિમાન્ડની માંગ કરતા કોર્ટે એક દિવસના રિમાન્ડ મંજૂર કર્યા હતા. એસીબી એ આજે આરોપોને સાથે રાખી અકોટા વિસ્તારની આશીર્વાદ સોસાયટીના નિવાસ સ્થાને સર્ચ કર્યું હતું.જેમાં બે લાખ રોકડા મળી આવ્યા હતા. અકોટા ભવિષ્ય નિધિ ભવન, રિજિયોનલ ઓફિસ ખાતે ફરજ બજાવતા ભવિષ્ય નિધિ સંગઠનના એન્ફોર્સમેન્ટ ઓફિસર (પી.એફ. ઈન્સ્પેક્ટર) બિનોદકુમાર હરિકાંત શર્માએ ફરિયાદીને ધમકાવ્યો હતો.અને સ્પોટ મેમોનો ઈ- મેઇલથી મોકલી ડોક્યુમેન્ટ જમા કરાવવા જણાવ્યું હતું. ત્યારે બિનોદકુમારે ફરિયાદીને જણાવ્યું હતું કે, તમારા ડોક્યુમેન્ટ જમા કરાવવાની તારીખ જતી રહી છે. જેથી તમારા ઉપર દંડ અથવા કેસ થશે અને જો આ કાર્યવાહીથી બચવું હોય તો રૂ.૫૦ હજારની લાંચ આપવી પડશે. રકઝકના અંતે રૂ.૪૦ હજાર આપવાના નક્કી કરાયા હતા. તે પછી ફરિયાદીએ ફરિયાદ કરતાં એસીબીએ સોમવારે ભવિષ્ય નિધિ ભવનમાં લાંચના છટકાનું આયોજન કર્યું હતું.ત્યારે એસીબીએ બિનોદકુમારની રંગે હાથ ધરપકડ કરી હતી.બીજી તરફ તેના અકોટા વિસ્તારમાં જ આવેલી આશીર્વાદ સોસાયટીના નિવાસ્થાન ને પણ સીલ કરી અધિકારીને સાથે રાખી ઘરનું સર્ચ કરાતાં લાખની રોકડ રકમ મળી આવતા એ રકમ જપ્ત કરાઈ છે.આરોપીને સાથે રાખી આજે એસીબીએ નિવાસસ્થાનનું સર્ચ કરતાં ઘરના બેડરૂમમ મૂકેલા કબાટમાંથી બે લાખ રૂપિયા રોકડા મળી આવ્યા હતા. આ અંગે પૂછપરછ કરતા બિનોદ કુમાર શર્મા ગલ્લા તલ્લા કરવા લાગ્યા હતા અને આ રૂપિયા પરિવારના સભ્યોની બચતના હોવાનો બચાવ કર્યો હતો.જોકે લાંચ રુશ્વત વિરોધી શાખાએ આ રકમ જપ્ત કરી સીલ કરી છે.લાંચ લેતા ઝડપાયેલા બિનોદકુમાર શર્માને બેંક એકાઉન્ટ અને લોકર અંગે પૂછપરછ કરી હતી.જેના જવાબમાં લોકર નહીં હોવાનું જણાવ્યું હતું.અને બેંક ખાતું વતનમાં હોવાનું અને ઓનલાઈન સંચાલન કરતો હોવાની કબૂલાત કરી હતી. જેના આધારે લાંચ રુશ્વત વિરોધી શાખાએ આરોપી બિનોદ કુમારના નામે કઈ બેંકમાં કેટલા ખાતા છે.અને એ ખાતામાં કેટલી રકમના આર્થિક વ્યવહારો થયા છે.એની પણ ઊંડાણ પૂર્વક તપાસ હાથ ધરશે. આ લાંચ પ્રકરણમાં અન્ય અધિકારી સંડોવાયેલા છે કે નહીં,અન્ય કંપનીને આવા મેમાં આપ્યા છે કે નહીં,ઘરમાં બે લાખ રોક્કડ રકમ ક્યાંથી આવી એવા મુદ્દાઓ ઉપર એ.સી. બી તપાસ હાથ ધરશે.

# માણેકપુરમાંથી દારૂ ભરેલું કન્ટેનર ઝડપી પાડતી એલસીબી પોલીસ

## કન્ટેનર ચાલક વાપીના રહીશ ઐયાઝ ફૈયાઝ ખાનની ધરપકડ

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૨૭

કડોદરા તારીખ ૨૭ સુરત જિલ્લા એલસીબી પોલીસની ટીમે બાટલીના આધારે બારડોલી ના માણેકપુરમાં સહયોગ હોટલના પાર્કિંગમાં વિદેશી દારૂ ભરેલું કન્ટેનર ઝડપી પાડી કન્ટેનર ચાલકની ધરપકડ કરી હતી જ્યારે ત્રણ ને વોન્ટેડ જાહેર કર્યા હતા પોલીસે દારૂ કન્ટેનર મલી કુલ રૂ લાખનો મુદ્દા માલ કબજે કર્યો હતો પ્રાપ્ત વિગત અનુસાર સુરત ગ્રામ્ય એલસીબી પોલીસ નો સ્ટાફ ગઈકાલે પોલીસ પેટ્રોલિંગમાં હતા ત્યારે પોલીસને ખાનગી રહે બાતમી મળી હતી કે એક બંધ બોડી નો ટાટા એલ પી ટી૧૬૧૩ કન્ટેનર નંબર પ્લ્દ્ધ ૧૫ એ ટી ૭૬ ૮૩ નો ચાલક તેના કબજાના કન્ટેનરમાં મોટા પ્રમાણમાં વિદેશી દારૂનો જથ્થો ભરી પોતાનું કન્ટેનર માણેક પોર ગામની સીમમાં આવેલ સહયોગ હોટલ ના પાર્કિંગમાં ઉભુ રાખેલ છે જે બાતમી ના આધારે પોલીસે ઉપર કન્ટેનરમાં તપાસ કરતા કન્ટેનર માંથી વિદેશી દારૂનો જથ્થો મળી આવ્યો હતો હાથી પોલીસે કન્ટેનરમાં દારૂના જથ્થા સાથે બેઠેલા ડ્રાઇવર ઐયાઝ ફૈયાઝ ખાન રહે વાપી ની ધરપકડ કરી હતી જ્યારે ત્રણ આરોપીને વોન્ટેડ જાહેર કર્યા હતા પોલીસે ૧૭૦૮૮ બોટલ વિદેશી દારૂ તથા કન્ટેનર તથા મોબાઈલ ફોન તથા રોકડા ૧૨૦૦ મળી કુલ રૂ ૩૩૭૯૮૬૮ નો મુદ્દા માલ કબજે કર્યો હતો પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે

# એપ્રિલમાં પાલિકાની સ્કૂલોમાં એડમિશન પ્રક્રિયા શરૂ કરાશે

સુરત, તા.૨૭

સુરત મહાનગરપાલિકા સંચાલિત શિક્ષણ સમિતિમાં વાર્ષિક પરીક્ષા ની તૈયારી થઈ રહી છે અને ત્યારબાદ નવા સત્ર માટેની પણ કવાયત શરૂ થઈ ગઈ છે. ખાનગી સ્કૂલની જેમ પાલિકાની શાળામાં પણ પહેલી એપ્રિલથી એડમિશન પ્રક્રિયા શરૂ કરવામાં આવશે. શહેરના નવા વિસ્તારની શાળાઓમાં એડમિશન માટે પડા-પડી થઈ રહી છે જ્યારે કોટ વિસ્તાર અને શ્રમજીવી વિસ્તારમાં વિદ્યાર્થીઓને શોધવા માટે પ્રયાસ કરવા પડે છે. આવી સ્થિતિ વચ્ચે કેટલાક શિક્ષકોએ સમિતિ દ્વારા અપાતું શિક્ષણ અને સુવિધાઓની માહિતી હાલ અભ્યાસ કરી રહેલા બાળકો દ્વારા જ તેમના વિસ્તારમાં પહોંચાડવાનો નવતર પ્રયોગ શરૂ કર્યો છે. જેથી નવા એડમિશન માટે હાલ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ જ બ્રાન્ડ એમ્બેસેડર બની રહેશે. સુરત પાલિકાના નવા વિસ્તારની કેટલીક સરકારી શાળામાં એડમિશન માટે ભારે ધસારો હોય છે તેથી વેઈટિંગ લિસ્ટ બનાવવાની ફરજ પડે છે. પરંતુ કોટ વિસ્તારની કેટલીક શાળાઓમાં વિદ્યાર્થીઓની સંખ્યા મર્યાદિત જોવા મળે છે. આ વિસ્તારમાં વિદ્યાર્થીઓને શાળા સુધી લાવવામાં ભારે પરિશ્રમ થઈ રહ્યો છે.

# આરોગ્ય કર્મચારીઓની હડતાળ આજે ૧૧મા દિવસે પણ યથાવત

## હડતાળમાં જોડાયેલા ૫ હજાર કર્મચારીઓને નોટીસ

અમદાવાદ, તા.૨૭

ગાંધીનગરમાં આરોગ્ય કર્મચારીઓની અચોક્કસ મુદતની હડતાળ ૧૧મા દિવસે પણ યથાવત રહી છે. સરકારે કડક વલણ અપનાવતા આઠ જિલ્લામાંથી ૨૧૦૦થી વધુ કર્મચારીઓને નોકરીમાંથી છૂટા કર્યા છે. આ ઉપરાંત પાંચ હજારથી વધુ કર્મચારીઓને શો-કોઝ નોટિસ ફટકારવામાં આવી છે. રાજ્ય આરોગ્ય વિભાગે એક હજારથી વધુ કર્મચારીઓની ખાતાકીય તપાસના આદેશ જારી કર્યા છે. વિભાગના અલ્ટીમેટમ બાદ કેટલાક કર્મચારીઓ ફરજ પર હાજર થયા હોવાનો દાવો કરવામાં આવ્યો છે.

આરોગ્ય કર્મીઓએ થાળી વગાડી વિરોધ નોંધાવ્યો

મહા સંઘના પ્રમુખ રણજીતસિંહ મોરીની આગેવાનીમાં બુધવારે મધ્યરાત્રિએ આરોગ્ય કર્મીઓએ થાળી વગાડી વિરોધ નોંધાવ્યો હતો. તેમણે કર્મચારીઓને આશ્વાસન આપ્યું છે કે હડતાળ દરમિયાન સરકાર દ્વારા આપવામાં આવેલી તમામ સજા રદ કરાવવામાં આવશે. આરોગ્ય કર્મચારી સંઘે ચેતવણી આપી છે કે જો બે દિવસમાં સરકાર વાટાઘાટો માટે આમંત્રણ નહીં આપે તો રાજ્યભરમાં ઉગ્ર આંદોલન કરવામાં આવશે. મહાસંઘે તમામ કર્મચારીઓને હડતાળને સમર્થન આપવા ગાંધીનગર આવવા અપીલ કરી છે. સત્યાગ્રહ છાવણી ખાતે આરોગ્ય કર્મચારીઓએ મક્કમ રહેવાનો નિર્ધાર વ્યક્ત કર્યો છે.

આરોગ્ય કર્મચારીઓની હડતાળના લીધે આરોગ્યની સેવાઓ ખોરવાઈ શકે છે, જે જોખમને ધ્યાનમાં રાખી સરકાર દ્વારા 'એસ્મા' (ધ એસેન્શિયલ સર્વિસીઝ મેઈન્ટેનન્સ એક્ટ) લાગુ કરાય છે. આ અંગે ગત ગુરુવારે આરોગ્યમંત્રીએ ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે આરોગ્ય કર્મચારીઓની આ હડતાળ એકદમ ગેરવાજબી છે. જો કર્મચારીઓ વહેલી તકે હડતાળ નહીં સમેટે તો હવે સરકાર કડક પગલાં લેશે.

મુખ્ય માગણીઓમાં (મલ્ટિ પર્પઝ હેલ્થ વર્કર), (ફીમેલ હેલ્થ વર્કર), (મલ્ટિ પર્પઝ હેલ્થ સુપરવાઈઝર), (ફીમેલ હેલ્થ સુપરવાઈઝર), (તાલુકા મલ્ટિ પર્પઝ હેલ્થ વર્કર), (તાલુકા સુપરવાઈઝર) અને જિલ્લાકક્ષાના આરોગ્ય સુપરવાઈઝર કેડરનો ટેક્નિકલ કેડરમાં સમાવેશ અને ગ્રેડ-પે સુધારણા સામેલ છે. ઉપરાંત MPHW-FHW કેડરને ખાતાકીય પરીક્ષામાંથી મુક્તિની માગ પણ કરવામાં આવી છે. સરકાર તરફથી કોઈ હકારાત્મક પ્રતિસાદ ન મળતાં કર્મચારીઓએ અનિશ્ચિત મુદતની હડતાળનું શસ્ત્ર ઉગામ્યું છે. આરોગ્યકર્મીઓ દ્વારા છેલ્લાં ત્રણ વર્ષથી સરકારમાં વારંવાર રજૂઆતો કરવામાં આવી હતી, પણ કોઇ નિકાલ ન આવતાં સરકારને ૧લી માર્ચ સુધીનું અલ્ટિમેટમ આપવામાં આવ્યું હતું. એ બાદ ૫મી માર્ચે રાજ્યભરના આરોગ્ય કર્મચારીઓએ સત્યાગ્રહ છાવણી ખાતે પ્રદર્શન કર્યું હતું. ૭મી માર્ચથી ઓનલાઈન-ઓફલાઈન કામગીરીનો બહિષ્કાર શરૂ કર્યો હતો. એ બાદ કર્મચારીઓ ૧૭ માર્ચથી અચોક્સ મુદતની હડતાળ પર ઊતર્યા છે.



ચોકબજારના કિલ્લા પાછળ તાપી તટ પર ગેરકાયદે દબાણ અને ભારે ગંદકી આ તસ્વીરમાં નજરે પડે છે. સુરતના ઐતિહાસિક કિલ્લાનું ભવ્ય પુનઃનિર્માણ કરાયું છે ત્યારે ગેરકાયદે દબાણો અને ગંદકી ઐતિહાસિક કિલ્લાની શોભામાં બાધકરૂપ છે. (તસવીર : હનીફ મલેક)

### બાંગ્લાદેશ

પહેલા પાનાનું ચાલુ

થાઈલેન્ડમાં બ્રિમ્યોક શિખર સંમેલનમાં હાજર રહેનારા વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે મુલાકાતની ઈચ્છા દર્શાવી છે. જો કે ભારતે હજું સુધી તેનો કોઈ જવાબ પાઠવ્યો નથી.શ્રી મોદીએ લખ્યું કે, આજનો દિવસ એ ભારત બાંગ્લાદેશના સંયુક્ત ઈતિહાસનો છે અને બન્ને દેશના લોકોએ બલીદાન આપ્યા છે અને તેણે આપણી દ્વીપક્ષીય ભાગીદારીનો પાયો નાંખ્યો છે.બીજી તરફ વિદેશમંત્રી શ્રી એસ.જયશંકરે સંસદીય સમીતી સમક્ષ બતાવ્યું હતું કે વડાપ્રધાન સાથે બેઠકની બાંગ્લાદેશની વિનંતી પર વિચારણા થઈ રહી છે. તેઓએ સ્પષ્ટ જણાવ્યું કે બાંગ્લાદેશ જે રીતે સંવેદનશીલ મુદાઓ પર જે 'દેખાવ' જેવી સ્થિતિ ઉભી કરે છે તેનાથી ભારત સતર્ક છે.

### ભારત-ચીનના

પહેલા પાનાનું ચાલુ

હતો, ત્યારબાદ ૨૧ ઓક્ટોબરે બંને દેશોની સેનાઓ દેપસાંગ અને ડેમચોકથી પીછેહઠ કરી હતી. આ પછી, ૨૫ ઓક્ટોબરે, બંને દેશોની સેનાઓ પૂર્વી લદ્દાખથી પાછળ હટી ગઈ.

કરાર મુજબ, બંને સેનાઓ એપ્રિલ ૨૦૨૦થી તેમની પહેલાની સ્થિતિ પર પાછી ફરી છે. સેના હવે એ જ વિસ્તારોમાં પેટ્રોલિંગ કરી રહી છે જ્યાં તે એપ્રિલ ૨૦૨૦ પહેલા કરતી હતી. આ ઉપરાંત, કમાન્ડર સ્તરની બેઠક હજુ પણ ચાલુ છે.

કરારને અંતિમ સ્વરૂપ આપ્યા પછી, પીએમ મોદી અને ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ કાઝાનમાં મળ્યા અને સંબંધો સુધારવા માટે અનેક નિર્ણયો લીધા હતા.

### અંડર ગ્રાઉન્ડ

પહેલા પાનાનું ચાલુ

નેટવર્ક દ્વારા શસ્ત્રો અને મિસાઈલોનું પરિવહન કરવામાં આવી રહ્યું હતું. ત્રણ વર્ષ પછી, ૨૦૨૩માં ઈરાને બીજા ભૂગર્ભ સંકુલના ફૂટેજ બહાર પાડ્યા. આ ઈમારત લડાકુ વિમાનોને રાખવા અને સુરક્ષિત રાખવા માટે બનાવવામાં આવી હતી.

ટ્રમ્પે ઈરાનને ૨ મહિનાની રાહત આપ અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાનને અમેરિકાના નવા પરમાણુ કરારને સ્વીકારવા કહ્યું છે. આ કરારમાં, ઈરાને પોતાનો પરમાણુ કાર્યક્રમ સંપૂર્ણપણે બંધ કરવો પડશે. આ હેઠળ, તે યુરેનિયમ સંવર્ધન અને મિસાઈલ વિકાસ પણ કરી શકશે નહીં. અમેરિકાએ કહ્યું છે કે જો ઈરાન આવું નહીં કરે તો તેને કડક પ્રતિબંધોનો સામનો કરવો પડશે. લશ્કરી કાર્યવાહી પણ થઈ શકે છે.

ઈરાને શરૂઆતમાં આ વાતનો ઈનકાર કરતા કહ્યું હતું કે પરમાણુ કાર્યક્રમ દેશની સુરક્ષા માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે. જો તેઓ પોતાનો પરમાણુ કાર્યક્રમ બંધ કરે અને પોતાની મિસાઈલ ક્ષમતાઓ નહીં વધારે તો વિદેશી ખતરાઓ વધશે.

### યુપી રાજસ્થાન

પહેલા પાનાનું ચાલુ

ભીષણ ગરમીનું એલર્ટ અપાયું છે. અકોલા જીલ્લામાં એલર્ટ જારી કરાયું છે. તામીલનાડુ, આંધ્રપ્રદેશ, કર્ણાટક જેવા રાજયોમાં પણ તાપમાન ૪૦ ડીગ્રીને આંબવા સાથે આકરી ગરમીની શકયતા દર્શાવવામાં આવી છે. બેંગ્લોર ચેન્નાઈમાં તાપમાન નોર્મલ કરતા વધુ છે. આવતા દિવસોમાં લુ ફુંકાઈ શકે છે. હિમાચલ પ્રદેશ જેવા પર્વતીય રાજયોમાં વેસ્ટર્ન ડીસ્ટર્બન્સના પ્રભાવ હેઠળ વરસાદ-હિમવર્ષાની સંભાવના છે. કિન્નોર, લાહોલ-સ્પિતિ, મંડી, કુલુ, સિમલા, સોલન, ચંબા જેવા ભાગોમાં હવામાન પલટાશે.

### તા. ૩૦મી

પહેલા પાનાનું ચાલુ

આખરે, ૪ મેના રોજ, ભગવાન બદ્રીનાથ ધામના દરવાજા ભક્તો માટે યોગ્ય વિધિઓ સાથે ખોલવામાં આવશે. આ સાથે ચારધામ યાત્રા પૂરજોશમાં શરૂ થશે.

ખરાબ હવામાન અને પ્રતિકૂળ પરિસ્થિતિઓમાં ચારધામ યાત્રા દરમિયાન યાત્રાળુઓને રોકવા માટે ૧૦ સ્થળોએ હોલ્ડિંગ પોઈન્ટ બનાવવામાં આવી રહ્યા છે. આ સ્થળો હરિદ્વાર, ઋષિકેશ, બ્યાસી, શ્રીનગર, રુદ્રપ્રયાગ, સોનપ્રયાગ, હરબતપુર, વિકાસનગર, બારકોટ અને ભટવાડીમાં હશે. પાણી, શૌચાલય, રાત્રિ માટે પથારી, દવાઓ અને ખોરાક માટે ઈમર્જન્સીની વ્યવસ્થા હશે.

સમગ્ર મુસાફરી રૂટને ૧૦-૧૦ કિલોમીટરના સેક્ટરમાં વિભાજિત કરવામાં આવ્યો છે. દરેક સેક્ટરમાં ૬ પોલીસકર્મીઓ રહેશે. તેમને બાઈક પર તહેનાત કરવામાં આવશે, જેથી મુસાફરોને મુશ્કેલીના સમયે તાત્કાલિક મદદ મળી શકે.

### ધનવાન

પહેલા પાનાનું ચાલુ

અધિકની સંપતિ ધરાવતા ભારતીયોની સંખ્યા ૨.૮૩ લાખની છે.જે ૨૦૦૮ સુધીમાં ૪.૩ લાખ થવાનો અંદાજ મુકાય છે. સર્વેક્ષણમાં સામેલ પાંચમાંથી એક ભારતીય ધનવાને કહ્યું કે તેઓ બીજા દેશમાં સેટલ થવાની પ્રક્રિયા કરી રહ્યા છે અથવા તૈયારી પૂર્ણતાને આરે છે.મોટાભાગનાં આ લોકોએ ભારતની નાગરિકતા સાથે બીજા દેશમાં નિયમીત વસવાટ કરવાની ઈચ્છા દર્શાવી હતી.

કોટક મહિન્દ્ર બેંકનાં અધ્યક્ષ ગૌતમી ગવાંકરના કહેવા પ્રમાણે ધનવાનોના વિદેશ સ્થાયી થવાથી તેઓનુ તમામ નાણુ વિદેશ ભેગુ થઈ જાય તેવી વાત નથી.ભારતીય કાયદા અને નિયમો હેઠળ તેઓ ઈચ્છે તો પણ આવુ કરી ન શકે. ભારતીય કાયદા મુજબ નાગરિક વર્ષે માત્ર ૨.૫૦ લાખ ડોલર લઈ શકે છે.બિનનિવાસી ભારતીયો માટે આ મર્યાદા ૧૦ લાખ ડોલરની છે ધનિકો વિદેશ જાય તો પણ તેમનાં નાણાં ભારતમાં જ રહેશે.

### દારૂ પીવાની

પહેલા પાનાનું ચાલુ

હતો. આ વ્યક્તિ પેટના દુખાવાનો સારવાર દરમ્યાન તેનું મૃત્યુ થયું હતું.

ભારતીય જીવન વિમા કંપનીએ તેના વિમાનો કલેમ નકારતા કહ્યું કે, પોલીસી લેતા સમયે જે તે વ્યક્તિએ પોતે શરાબી હોવાની માહિતી છુપાવી હતી. જેથી સેલ્ફ ઈન્ફલીકેટેડ ઈન્જરી કે કન્ડીશન અથવા તો હાલત (ખુદને ઈજા કે નુકશાન પહોંચાડવું- આત્મહત્યા પણ આ સ્થિતિ ગણાય છે.) જેમાં કોઈ દવાના ખોટા ઉપયોગ-શરાબના સેવનથી ઉભા થતા શારીરિક દર્દો કે સમસ્યાનો પણ સમાવેશ થાય છે.

આ વ્યક્તિએ શરાબ પીને ખુદને નુકશાન થાય તે કર્યુ છે તેથી આ પોલીસી હેઠળનો દાવો મંજુર કરી શકાય નહી. ગ્રાહક અદાલતે જો કે વિમા કંપનીની આ દલીલ નકારી વિમા કલેમ ચુકવવા આદેશ આપશે પણ સુપ્રીમ કોર્ટે તે ચૂકાદો ફગાવતા જણાવ્યુ કે, મૃતક એ લાંબા સમય શરાબ પીતા હતા તે સ્થાપીત થયુ છે અને તેણે વિમા પોલીસી બનાવતા સમયે તે છુપાવ્યુ હતું તેથી વિમા કંપની પોલીસી શરતો મુજબ દાવો નકારી શકે છે.

### મનપાના બજેટ

છેલ્લા પાનાનું ચાલુ

ઈન્ચાર્જ સેક્રેટરી નીતિન સોનજે એ જણાવ્યું હતું. બજેટ પરની ચર્ચા પૂરી થયા બાદ જ સ્ટેન્ડિંગ કમિટી, જાહેર બાંધકામ સમિતિ સહિત અન્ય સમિતિના કામો પર ચર્ચા હાથ ધરાશે.

### સિંગણપોરમાં

અજય મિશ્રા નામનો રીક્ષા ચાલક રોષે ભરાઇ ગયો હતો અને રાહુલ તેમજ ટીઆરબી જવાન દિનેશને મોઢાના ભાગે માર માર્યો હતો. ફરજમાં રૂકાવટ ઉભી કરી પોલીસ સ્ટાફ ઉપર હુમલો કરનાર રીક્ષા ચાલક વિરૂધ્ધ સિંગણપોર પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાવાયો હતો.

### પાલ સુડા આવાસ

કે.એલ.ગાધે તેમજ પીએસઆઇ એચ.એમ.રાજપુત સહિતની પોલીસ ટીમે આરોપી રામકેશને ઝડપી પાડી તેને કોર્ટમાં લઇ ગયા હતા. જ્યાં મેજીસ્ટ્રેટ દ્વારા આરોપી રામકેશને જેલમાં મોકલવાનો હુકમ કર્યો હતો.

### ટેમ્પાના ચોર ખાનામાં

હતો પોલીસે ૧૧ ૨૫ બોટલ વિદેશી દારૂ કિંમત રૂપિયા ૨૫૫૦૧૯ તથા ટેમ્પો તથા મોબાઇલ ફોન અને રોકડા મળી કુલ રૂ ૯૬૬૯૬૯ નો મુદ્દા માલ કબજે કર્યો હતો વધુમાં આરોપીઓ સામે સલામતપુરા સુરત વલસાડ ઉધના સુરત નવસારી પોલીસ સ્ટેશનમાં પણ ગુના નોંધાયેલ હતા

### કામના બાકી

ઉ.વ.૩૦ સાડી ઉપર ટિકી સ્ટોન ચોંટાડવાનું જોબવર્ક અન્ય મહિલાઓને આપે છે. દરમિયાન તેમણે તેમની ટાઉનશીપમાં જ બિલ્ડીંગ નં.ડી-૦૪માં રહેતી અલ્કાબેન પરેશ રાજાણી અને તેની પુત્રી પ્રીન્સી રાજાણીને સાડીમાં સ્ટોન લગાડવા માટે આપી હતી. જેનું રૂપીયા આપવાના બાકી હોવાનું જણાવી અલ્કાબેન અને તેની પુત્રી ગઇ તા.૨૨મીના રોજ પારૂલબેનના ઘરે પહોંચી ગયા હતા અને પારૂલબેનને ગાળો આપી ગળાના ભાગે બચકા ભરી બિલ્ડીંગની નીચે ઉતરશે તો મારી નાંખીશુ તેવી ધમકી આપી હતી.

### ત્રીકમનગરના

ભીડોની રહેતા હતા. ગત મોડી રાત્રે તેમના રસોડામાં રાંધણ ગેસનો રીફીલ થતા આગ લાગી હતી. આ બનાવની જાણ મકાન માલિક પરસોત્તમભાઈએ ફાયર બ્રિગેડ કંટ્રોલરૂમને કરતા તેમણે કાપોદ્રા અને ઘાંચી શેરી ના ફાયર ઓફ બ્રિગેડ ઓફિસર અને ફાયર જવાનોને ઘટના સ્થળે મોકલી આપ્યા હતા જ્યાં તેઓએ પાણીનો મારો ચલાવીને રસોડામાં લાગેલી આગ બુજાવી નાખી હતી. આગને કારણે ઘરની ઘરવખરી બળીને રાખ થઈ ગઈ હતી.

સાંધ્ય દૈનિક
પ્રતાપ દર્પણ
પ્રેસનોટ તથા જાહેરખબરો
માટે સંપર્ક કરો
-:: અડાજણ મેઈન કાર્યાલય ::-
એફ-૩, રવિરાજ ફ્લેટ, મહાલક્ષ્મી મંદિર સર્કલ પાસે, અડાજણ, સુરત.
મો.નં.૯૮૨૪૬-૫૫૭૫૫, ૯૮૨૫૫-૩૨૫૦૫
-:: અંકલેશ્વર બ્રાન્ચ કાર્યાલય ::-
નાઝુભાઈ ફડવાલા
મો.૯૮૨૫૧-૫૮૩૯૩
-:: ભરૂચ બ્રાન્ચ કાર્યાલય ::-
ધનંજય ઝવેરી
મો.૯૯૭૮૪-૦૬૯૨૩
-:: કોસંબા બ્રાન્ચ કાર્યાલય ::-
સોહેલભાઈ
મો.૯૯૭૮૪-૨૪૬૮૮

Pratap Darpan, Daily, Editor : Pravinbhai Ratnabhai Gohil. OWNER:-IMAGE PUBLICATION Printer and Publisher Rajesh Balubhai Patel "Printed at IMAGE PRINTERS, 20, 21 Bhidbhanjan Society, Bamroli Rord, Udhna, Surat-394210 . Published From: Pratap Darpan Karayalay, S-6, K.S.B Olympia, Near Kailash Chowkdi , Pandesara, Surat - 394221 , Gujarat-India : Founder Late Mrs. Kantaben Babubhai Rayka

સાંધ્ય દૈનિક

# પ્રતાપ દર્પણ

ગુરૂવાર, તા.૨૭ માર્ચ ૨૦૨૫ E-mail : pratap_darpan@yahoo.co.in મોબાઈલ : ૯૮૨૫૫ ૩૨૫૦૫

# મનપાના બજેટ પર ચર્ચા કરવા શુક્ર અને શનિવારે સામાન્ય સભા

## સળંગ બે દિવસ ગહન ચર્ચા બાદ રૂા.૧૦,૦૦૪ કરોડના ડ્રાફ્ટ બજેટને મંજૂરી આપવામાં આવશે

**(પ્રતાપ પ્રતિનિધિ)**
**સુરત,તા.૨૭**

સુરત મહાનગરપાલિકા ના નાણાકીય વર્ષ ૨૦૨૫ અને ૨૬ ના ડ્રાફ્ટ બજેટને સ્ટેન્ડિંગ કમિટી દ્વારા સુધારો વધારો કરીને ૧૦,૦૦૪કરોડનું બજેટ મંજુર કરવામાં આવ્યું હતું. જે બજેટ શુક્રવાર અને શનિવારના રોજ મનપાની સામાન્ય સભામાં રજૂ કરવામાં આવશે અને તેના ઉપર શાસક પક્ષના કોર્પોરેટરો અને આમ આદમી પાર્ટીના કોર્પોરેટરો ચર્ચા કરશે એવું મનપાના મેયર દક્ષેશ માવાણી અને ઇન્ચાર્જ સેક્રેટરી નીતિન સોનજે તે જણાવ્યું હતું..

વધુમાં તેઓએ જણાવ્યું હતું કે, મનભાના કમિશનર શાલીની અગ્રવાલ દ્વારા મહાનગરપાલિકાના નવ ઝોન તથા ફાયર બ્રિગેડ શહીદ જુદા જુદા વિભાગો ના વિસ્તારોના વિકાસના કામો મળી કુલ ૯,૬૦૩ કરોડનું ડ્રાફ્ટ બજેટ સ્ટેન્ડિંગ કમિટીની મોકલવામાં આવ્યું હતું. સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન રાજન પટેલ અને કમિટીના સભ્યો ઘનશ્યામ સવાણી, કોર્પોરેટર નરેશ ધામેલીયા સહિત અન્ય કોર્પોરેટરો એ કમિશનર દ્વારા મોકલવામાં આવેલા ડ્રાફ્ટ બજેટ પર ચર્ચાઓ કરી હતી અને ચર્ચાના અંતે ડ્રાફ્ટ બજેટમાં સુધારા વધારા કરીને વર્ષ ૨૦૨૫ અને ૨૬ ના નાણાકીય વર્ષ માટે ૧૦,૦૦૪ કરોડનું બજેટ સ્ટેન્ડિંગ કમિટી દ્વારા મંજૂર કરી સામાન્ય સભામાં મંજૂરીની અપેક્ષાએ મોકલવામાં આવ્યું હતું. આવતીકાલે એટલે કે શુક્રવાર અને શનિવારના રોજ સુરત મહાનગરપાલિકા ના સરદાર વલ્લભભાઈ પટેલ ખંડમાં શિક્ષણ સમિતિ અને મનપા નું બજેટ રજૂ કરવામાં આવશે. મનપાની સામાન્ય સભા સવારે ૧૦:૦૦ કલાકે શરૂ થશે. આ સામાન્ય સભામાં બજેટ પર શાસક પક્ષના કોર્પોરેટરો અને આમ આદમી પાર્ટીના કોર્પોરેટરો ચર્ચા કરશે એવું પણ

અનુસંધાન પાના ૭ પર



મારવાડી સમાજની મહિલાઓ દ્વારા પરંપરાગત રીતે ખૂબ જ ભક્તિભાવ તથા શ્રદ્ધા સાથે ગણગૌર પૂજા કરવામાં આવી રહી છે. વરાછા હિરાબાગ પાસે આવેલા સૂર્ય નગર સોસાયટીમાં ગણગૌર પૂજા કરતી મહિલાઓ તસ્વીરમાં નજરે પડે છે. (તસ્વીર : હનીફ મલેક)

# ભૂતપૂર્વ કોર્પોરેટર પ્રકાશ દેસાઈને પોલીસ બપોર પછી કોર્ટમાં રજુ કરશે

## અન્ય લોકો પાસેથી પણ રૂપિયા પડાવાયા છે કે નહીં તેની પણ પોલીસ તપાસ કરશે

**(પ્રતાપ પ્રતિનિધિ), સુરત, તા.૨૭**

ઉધના વિસ્તારમાં લીયો ટ્યુશન ક્લાસીસ ચલાવતા સંચાલક જીગર જયસુખ કથીરીયાના ક્લાસીસનું બાંધકામ તોડાવી પાડવાની ધમકી આપી અલગ-અલગ આરટીઆઇ કરી રૂ.૩ લાખ પડાવી લેનાર પુર્વ કોર્પોરેટર પ્રકાશ દેસાઈની ગઈકાલે પોલીસે ધરપકડ કરી લીધી હતી. દરમિયાન આજે ઉધના પોલીસ દ્વારા પ્રકાશ દેસાઈની વધુ પુછપરછ માટે તેને કોર્ટમાં રજુ કરીને રીમાન્ડની સંભવત માંગણી કરવામાં આવશે.

પ્રાપ્ત વિગત અનુસાર અડાજણ ટીજીબી સર્કલ પાસે ગ્રીન ટેરેસ એપાર્ટમેન્ટમાં રહેતા જીગર જયસુખ કથીરીયા ઉ.વ.૩૩ ઉધના ગામ ખાતે લીઓ ક્લાસીસના નામે ટ્યુશન ચલાવે છે. દરમિયાન એક વર્ષ પહેલા પુર્વ અપક્ષ કોર્પોરેટર પ્રકાશ દેસાઇ (રહે. દેસાઇ ફળીયું, ઉધના ગામ) દ્વારા જીગર કથીરીયાના ક્લાસીસનું બાંધકામ તોડવવા માટે આરટીઆઇ કરવામાં આવી હતી. જીગર કથીરીયાને પરેશાન કરીને તેના હાથ પગ તોડાવી નાંખવાની ધમકી આપી રૂ.૩ લાખ પણ પડાવી લીધા હતા. આ મામલે ગઇકાલે ઉધના પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવવામાં આવતા પોલીસે પુર્વ કોર્પોરેટર પ્રકાશ દેસાઈની ધરપકડ કરી લીધી હતી.

આ અંગે ઉધના પીઆઇ વી.બી.ગોહીલે જણાવ્યું હતું કે, પ્રકાશ જસવંતભાઇ દેસાઇને આજે બપોર બાદ કોર્ટમાં રજુ કરીને રીમાન્ડની માંગણી કરવામાં આવશે. વધુમાં પ્રકાશ દેસાઈએ અન્ય કોઇ લોકો પાસેથી રૂપીયા પડાવ્યા છે કે નહીં તેની તપાસ હાથ ધરવામાં આવશે.



સુરત શહેર ટ્રાફિક પોલીસ દ્વારા આજરોજ ‘હેલમેટ પહેરો, સલામત રહો, કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ટ્રાફિક અવેરનેસ પ્રોગ્રામમાં પોલીસ કમિશનર અનુપમસિંહ ગેહલોત દ્વારા ટુ વ્હીલરવાહન ચાલકોને નિઃશુલ્ક હેલ્મેટનું વિતરણ કરવામાં આવ્યું હતું. (તસવીર : હનીફ મલેક)

# સારોલી પોલીસે ચોરાયેલા આઠ મોબાઈલ માલિકોને પરત કર્યા

## ૧.૧૨ લાખના મોબાઈલ મુળ માલિકોને પોલીસે મેળવી આપ્યા

**(પ્રતાપ પ્રતિનિધિ),**
**સુરત,તા.૨૭**

સુરત શહેર પોલીસના તેરા તુજકો અર્પણ કેમ્પેઇન અંતર્ગત ગુમ થયેલી કિંમતી ચીજ-વસ્તુઓ પોલીસ દ્વારા શોધીને તેના મુળ માલિકને પરત કરવામાં આવે છે ત્યારે સારોલી પોલીસ મથક હદ વિસ્તારમાં ચોરી થયેલા તેમજ ગુમ થયેલા મોબાઈલો તેમના માલિકોને ગઈકાલે પરત કરવામાં આવ્યા હતા. સારોલી પોલીસ સ્ટેશનના પીઆઇ એસ.આર.વેકરીયા અને તેમની ટીમે કુલ રૂ.૧.૧૨ લાખની કિંમતના ૮ મોબાઈલ ફોન ફરીયાદીઓને પરત કર્યા હતા.

સુરત શહેરના પુર્વ પોલીસ કમિશનર અજયકુમાર તોમર શહેરના ચાર્જમાં હતા ત્યારથી તેરા તુજકો અર્પણ કાર્યક્રમ ગૃહમંત્રી હર્ષ સંઘવી દ્વારા શરૂ કરવામાં આવ્યો હતો. દરમિયાન અનુપમસિંહ ગેહલોતના માર્ગદર્શન હેઠળ પણ આ કાર્યચાલી રહ્યુંછે. ત્યારે શહેરમાં ચોરી થયેલા તેમજ ગુમ થયેલા મોબાઈલ, રોકડ સહિતની કીંમતી ચીજ વસ્તુઓ તેમના મુળ માલિકને પરત કરવામાં આવે છે. દરમિયાન ગઇકાલે સારોલી પોલીસ દ્વારા ૮ મોબાઈલ ફોન તેમના માલિકોને પરત કરવામાં આવ્યા હતા.

## ‘ઈતની શક્તિ હમે દેના દાતા...’

# સ્કૂલમાં પ્રાર્થના કરતી નાનકડી દીકરીનો ભાવુક વીડિયો વાયરલ

## બાળકીની નિર્દોષ ભક્તિ ભાવનાના વીડિયોએ ભારે આકર્ષણ જમાવ્યું

**(પ્રતાપ પ્રતિનિધિ), સુરત, તા.૨૭**

હાલ સોશિયલ મિડિયામાં ખૂબજ ટૂંક સમયમાં સુરતની એક માસુમ બાળકીનો સ્કૂલમાં પ્રાર્થના કરતો ભાવનાત્મક વીડિયો ખૂબ ઝડપથી વાયરલ થઈ રહ્યો છે. જેમાં બાળકીનું ભગવાન પ્રત્યેની આસ્થા દીલમાં ઉતરી જાય એવી પ્રાર્થના કરતી વિદ્યાર્થિની જાણે ભગવાન એની સામે હોય અને ભગવાન પાસે કંઈક નિર્દોષ ભાવે ભગવાનને પ્રાર્થના કરી ભજતી હોય તેવું પ્રાર્થના કદાચ ભગવાન પૃથ્વી પર હોય તો ભગવાન બાળકીને વરદાન આપી દે, કે માગ દીકરા તારે શું જોઈએ. એમ ભગવાન પણ કહી દે...આમ આ બાળકીની નિર્દોષતા અને ભક્તિભાવ જોઈને લોકો પ્રભાવિત થયા છે.



વાયરલ વિડીયોમાં બાળકી ‘ઈતની શક્તિ હમે દેના ભગવાન..’પ્રાર્થના ગાઈ રહી છે. આ પ્રાર્થનાના શબ્દો ખૂબ જ દિલને સ્પર્શી લે છે જ પણ સાથે બાળકીના હાવભાવ પણ એટલા જ નિર્દોષ અને દીલ સ્પર્શી લે છે જેને જોઈને લોકો પણ ભાવુક થઈ જાય છે. આ વાયરલ વિડીયો સુરતના વેસુમાં આવેલી બ્લુ પેપિયો પ્રિ-સ્કૂલમાં અભ્યાસ કરતી ઈનાયા શાહનો છે. આજના ટેકનોલોજી અને મોબાઈલના જમાનામાં મોટા ભાગના બાળકો ગેમ્સ અને સ્ક્રિનમાં રચ્યા પચ્યા રહે છે ત્યારે આ નાનકડી બાળકીની ભક્તિ અને નિર્દોષતા તેમજ દિલને સ્પર્શી જાય તેવી ભગવાન પ્રત્યેની પ્રાર્થના એક નિર્દોષ ભાવે કરી રહી છે. આ અંગેની જાણકારી ઈનાયાના ક્લાસ ટીચરે જણાવ્યું હતું કે ઈનાયા પહેલા દિવસથી આજ્ઞાકારી છોકરી છે. માત્ર પ્રાર્થના વખતે જ નહી પણ દૈનિક વાતચીત અને હાવભાવમાં પણ એક વિશેષતા તેમજ આજ્ઞાકારી રહી છે. ઉલ્લેખનીય છે કે, ધારાસભ્ય હર્ષ સંઘવી અને અનુરાગ ઠાકુરે પણ સોશિયલ મિડીયા પર આ વિડીયો શેર કર્યો હતો.

# સિંગણપોર પાસે રિક્ષા ચાલક દ્વારા ટ્રાફિક પોલીસ પર હુમલો

## ઉશ્કેરાયેલા રિક્ષા ડ્રાઈવરે ટીઆરબી જવાનને પણ માર માર્યો

**(પ્રતાપ પ્રતિનિધિ), સુરત, તા.૨૭**

સિંગણપોર ચાર રસ્તા પાસે રીક્ષા ડ્રાઈવરને રસ્તા વચ્ચેથી રીક્ષા સાઈટ ઉપર હટાવવાનું કહેતા રીક્ષા ડ્રાઈવર ઉશ્કેરાઇ ગયો હતો અને ટ્રાફીક શાખામાં કામ કરતા લોક રક્ષક અને એક ટીઆરબીને માર મારી ફરજમાં અવરોધ ઉભો કર્યો હતો. રીક્ષા ચાલક રણજીત મિશ્રા વિરૂધ્ધ સિંગણપોર પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાવવામાં આવ્યો હતો.

સિંગણપોર પોલીસ સુત્રો પાસેથી મળતી વિગત અનુસાર ટ્રાફીક શાખાના રીજીયન-૨ સર્કલ-૭ સેમી સર્કલ ૨૩ અંતર્ગત નોકરી કરતા લોક રક્ષક રાહુલ ભરતભાઇ ગઇકાલે સિંગણપોર ચાર રસ્તા પાસે ટ્રાફીક નિયમન કરાવી રહ્યા હતા. આ સમયે રીક્ષા નં.જીજે.૫.સીએક્ષ.૧૪૧૦ના ચાલકે રસ્તા વચ્ચે રીક્ષા ઉભી રાખી હોય લોક રક્ષક રાહુલે તેને રીક્ષા સાઇટમાં લેવામાં કહેતા રણજીત

અનુસંધાન પાના ૭ પર

# ટેમ્પાના ચોર ખાનામાં છૂપાવાયેલો રૂા.૨.૫૫ લાખનો દારૂ શોધી કઢાયો

## બારડોલી નજીક હાઈવે પરથી સુરતના બે ખેપીયાઓને પકડી પાડતી પોલીસ

**(પ્રતાપ પ્રતિનિધિ),**
**કડોદરા,તા.૨૭**

કડોદરા તારીખ ૨૭ બારદોલી ની સીમમાં ટેમ્પોમાં ગુપ્ત ચોર ખાનું બનાવી વિદેશી દારૂ છુપાવી હેરાફેરી કરનાર બેય આરોપીને એલસીબી એ આફવા ગામના નેશનલ હાઈવે ઉપરથી ઝડપી પાડ્યા હતા આરોપીઓ ગુનાહિત ઈતિહાસ ધરાવતા હોય પોલીસે તેમની પાસેથી દારૂ સહિત ૯.૬૬ લાખની મટ્ટા કબજે કરી હતી પ્રાપ્ત વિગત મુજબ સુરત ગ્રામ્ય એલસીબી મથકના પો સ ઈ આરબી ભટોલે તેમની ટીમ સાથે ચોક્કસ દિશામાં વર્કે આઉટ કરી પેટ્રોલિંગમાં હતા દરમિયાન એકો જગદીશ ને ખાનગી રહે બાતમી મળી હતી કે એક અશોક લેલન કંપનીના બડા દોસ્ત ટેમ્પો નંબર જીજે ૨૧ અ ૦૫૬૯ નો ચાલક ટેમ્પોમાં ચોરખાનું બનાવી વિદેશી દારૂનો જથ્થો છુપાવી વ્યારા તરફથી સુરત તરફ આવી રહ્યો છે જે બાતમી ના આધારે એલ જી રાઠોડ એ પોલીસ માણસો સાથે સુરત જિલ્લાના બારડોલી તાલુકાના આફવા ગામની હદમાં નેશનલ હાઈવે નંબર ૫૩ ઉપર નાકાબંધી કરી હતી દરમિયાન વર્ણન વાલો ટેમ્પો આવતા તેને રોકી તલાસી લેતા ટેમ્પો માંથી વિદેશી દારૂનો જથ્થો મળી આવતા પોલીસે ટેમ્પો મા વિદેશી દારૂના જથ્થા સાથે બેઠેલા ફિરોજ ખાન લુક મન ખાન પઠાણ રહે ઉમરવાડા તથા રાજ પ્રકાશ ભાઈ ગોહિલ રહે અડાજણ ની ધરપકડ કરી હતી ત્યારે ઉડિટ પટેલ ને પોલીસે વોન્ટેડ જાહેર કર્યો

અનુસંધાન પાના ૭ પર

# પવનની દિશામાં ફેરફાર થતા સુરતમાં નીચું તાપમાન

## બળબળતા ઉનાળામાં લોકોને થોડી રાહત

**(પ્રતાપ પ્રતિનિધિ),**
**સુરત,તા.૨૭**

ઉનાળાની ઋતુમાં સામાન્ય રીતે એપ્રિલ અને મે મહિનામાં કાળઝાળ ગરમી પડતી હોય છે. સુરત સહિત દક્ષિણ ગુજરાતમાં તાપમાનનો પારો ઊંચે જતો હોય છે ત્યારે દર સિઝનમાં એપ્રિલ અને મે મહિનાના મધ્ય ભાગમાં તાપમાન ૪૦ ડિગ્રીને આંબી જતું હોય છે. ગયા મહિને હિટવેવની આગાહી બાદ મહત્તમ તાપમાનમાં વધઘટ થવાનું યથાવત રહ્યું છે ત્યારે સુરત શહેરમાં મહત્તમ તાપમાનનો પારો ત્રણ ડિગ્રી ઘટી ગયો છે. ત્યારે ગઈકાલે સુરતનું મહત્તમ તાપમાન ૩૫ ડિગ્રી સેલ્સીયસ નોંધાયું હતું. બુધવારે મહત્તમ તાપમાન ઘટી ગયું હતું. પશ્ચિમ દિશામાંથી પ્રતિકલાક પાંચ કિમીની ઝડપે પવન ફૂંકાતા સાંજના સમયે શહેરીજનોએ રાહત અનુભવી હતી. મંગળવારે શહેરનું મહત્તમ તાપમાન ૩૮ ડિગ્રી પર પહોંચ્યું હતું. જેથી લોકો ગરમીમાં સેકાયા હતા. હવામાં ભેજનું પ્રમાણ ૭૮ ટકા રહ્યું હતું. જ્યારે દરિયાની સપાટી પર હવાનું દબાણ ૧૦૧૧.૩ મિલિબાર નોંધાયું હતું.

# પાલ સુડા આવાસ નજીક પાનના ગલ્લામાં સગીર છોકરી પર બળાત્કાર

## પાનનો ગલ્લો ચલાવતા યુવકની ધરપકડ કરતી પોલીસ

**(પ્રતાપ પ્રતિનિધિ),**
**સુરત,તા.૨૭**

પાલ સુડા આવાસ પાસે પાનનો ગલ્લો ચલાવતા યુવાને ૧૫ વર્ષિય કિશોરીને શારીરિક અડપલા કર્યાબાદ પાનની દુકાનમાં જ ડરાવી ધમકાવીને બળાત્કાર ગુજાર્યો હતો. કોઈને કહીશ તો બદનામ કરી દઈશ તેવી ધમકી પણ આપવામાં આવી હતી. આ મામલે પાલ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાવવામાં આવતા પીઆઇ કે.એલ.ગાધે સહિતની ટીમે સ્થળ તપાસ બાદ આરોપીને તાત્કાલિક પકડી પાડી ગઈકાલે કોર્ટમાં રજુ કરતા કોર્ટે તેને જ્યુડીશીયલ કસ્ટડીમાં મોકલવાનો હુકમ કર્યો હતો.

પાલ પોલીસ સુત્રો પાસેથી મળતી વિગત અનુસાર પાલ સુડા આવાસ પાસે પાનનો ગલ્લો ચલાવતા રામકેશ નામના હવસખોરે એક ૧૫ વર્ષિય તરૂણી ઉપર નજર બગાડી તેણી ઉપર દુષ્કર્મ કર્યું હતું. એક મહિના પહેલા પાલ સુડા આવાસ પાસે રહેતી ૧૫ વર્ષિય કિશોરી પાનના ગલ્લા ઉપર ગઈ હતી ત્યારે તેની એકલતાનો ગેરલાભ લઈને રામકેશ નામના બદમાશે તેને દુકાનમાં ખેંચી લીધી હતી. પ્રતિકાર કરવા અસક્ષમ હોય તરૂણી ઉપર દુકાનમાં જ દુષ્કર્મ કરાયું હતું. આ વાતની જાણ કોઈને કરશે તો બદનામ કરવાની પણ આરોપી રામકેશે ધમકી આપી હતી. પરિવારજનોને બનાવની જાણ થતા બનાવના એક મહિના બાદ ગઈકાલે પાલ પોલીસ સ્ટેશનમાં આ અંગે ફરીયાદ નોંધાવાતા પોલીસ ઈન્સ્પેટ્ર

અનુસંધાન પાના ૭ પર



ઉનાળાની ઋતુ દરમિયાન તરબુચ, સક્કર ટેટી જેવા જુદા જુદા ફળો આરોગવા ભારે ફાયદાકારક હોય છે. ઉનાળો શરૂ થતા સુરત શહેરમાં ઠેર ઠેર તરબુચનું મોટાપાયે વેચાણ થતું હોવાનું આ તસ્વીરમાં નજરે પડે છે. (તસ્વીર : હનીફ મલેક)

# કામના બાકી રૂપિયા અંગે માતા અને પુત્રી દ્વારા મહિલા પર હુમલો

**(પ્રતાપ પ્રતિનિધિ),**
**સુરત,તા.૨૭**

લસકાણામાં માતા-પુત્રીએ સાડીમાં સ્ટોન ચોંટાડવાના બાકી નીકળતા રૂપીયા મુદ્દે ૩૦ વર્ષિય મહિલાને તેના ઘરે જઇ માર મારી બચકા ભરી લીધા હતા. તેમજ મહિલાના પતિને ફોન કરી રૂપીયા આપી દેજો નહીંતર તમારા ઘરે કડાવાળાની લાઇન કરી દેશું તેવી ધમકી આપી હતી. આ મામલે ભોગબનનાર મહિલાએ લસકાણા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.

લસકાણા પોલીસ સુત્રો પાસેથી મળતી વિગત અનુસાર મુળ અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના વતની અને હાલ લસકાણા વાલક બ્રીજ નજીક રોયલ ટાઉનશીપમાં રહેતા પારૂલબેન શૈલેષ જોગાણી

અનુસંધાન પાના ૭ પર

# ત્રીકમનગરમાં ચોથા માળ પર ગેસ લીકેજ થતા આગ લાગી

**(પ્રતાપ પ્રતિનિધિ),**
**સુરત, તા.૨૭**

વરાછા ત્રિકમનગર પાસે આવેલ અંબિકા નગર ના ચોથા માળ પર ગત રાત્રે રસોડામાં રાંધણ ગેસ નો રીફીલ લીકેજ થતા આગ લાગી હોવાનો બનાવ ફાયર બ્રિગેડ ના ચોપડે નોંધાયો હતો.

ફાયર બ્રિગેડ સૂત્રોના જણાવ્યા અનુસાર, વરાછા ત્રિકમનગર વિભાગ ૨ રાધા કૃષ્ણ મંદિર પાસે આવેલ અંબિકા નગર ના ચોથા માળ ઉપર ભાડુઆત નિતેશ

અનુસંધાન પાના ૭ પર